કર્મ.

મીસીસી ઍની બીસાન્ટના રચેલા લઘુ ગ્રંથ
ઉપરથી.

ગુજરાતી લેખક
હુલેરાય મહિપતરાય ઓઝા.
એફ. ટી. એસ.

પ્રસિદ્ધ કર્તા
ભાવનગર બ્રાન્ચ ઑવ ધી થિઑસોફીકલ સોસૈટી.
ભાવનગર.

અમદાવાદ
ધી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડના છાપખાનામાં છાપી.

સને ૧૮૯૮.

મૂલ્ય ચાર આના.

કર્મ.

મીસીસી ઍની બીસાન્ટના રચેલા લઘુ ગ્રંથ
ઉપરથી.

ગુજરાતી લેખક
દુલેરાય મહિપતરાય ઓઝા.
એફ. ટી. એસ.

પ્રસિદ્ધ કર્ત્તા
ભાવનગર બ્રાન્ચ ઑવ ધી થિઓસોફીકલ સોસૈટી.
ભાવનગર.

અમદાવાદ
ધી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડના છાપખાનામાં છાપી.

સને ૧૮૯૮.

મૂલ્ય ચાર આના.

પ્રસ્તાવના.

આ મધુ ગ્રંથમાં "કર્મ"ની ઉત્પત્તિ, સ્થિતિ તથા લય કેમ થાયછે તેનું સંક્ષિપ્ત વર્ણન વિદ્વાન મીસીસ ઍની બીસાન્ટના એ જ નામના ઇંગ્રેજી ગ્રંથ ઉપરથી કરવામાં આવેલું છે. આજ કાલ આપણા દેશમાં ત્યાગનું મહત્વ યથાર્થ સમજ્યા વિના અનેક અજ્ઞાન મૂઢ જનો વિવિધ કારણોથી પોતાનાં ઘર, સગાં, કુટુંબીનો ત્યાગ કરી કાષાય વસ્ત્ર ધારણ કરી દેશાંતરમાં ભટકતા ફરે છે અને પોતાનો તત્ તત્ પરત્વે ધર્મ નહી આચરતાં ભાર રૂપ થઇ પડે છે. આવા મનુષ્યો માત્ર કર્મના નિયમનું ઉલ્લંઘન કરે છે એટલું જ નહી પણ તેમ કરવાથી ઉલટું પ્રાયશ્ચિત બાંધે છે. સંસારમાં રહી પોતાના ધર્માનુસાર આચરણ કરતાં કર્મનાં ફલની આસક્તિ રાખ્યા વિના યત્કિંચિત કરવાનું બને છે તેથી વાસના ક્ષય થાય છે અને મોક્ષ સધાય છે એ વાત જો આ માત્ર નામના સન્યાસીઓ યથાર્થ સમજે તો જનમંડળમાં તેઓ સહાયકારક તથા ઉપયોગી ભાગીદાર નિવડે. આ વાત કાંઈ આ સમયે ઘડી કાઢેલી અથવા ઉભી કરેલી નથી, પરંતુ ભગવાન્ શ્રીકૃષ્ણ સરખા મહાત્માએ બોધેલી છે. શ્રીમદ્ભગવદ્ગીતાના ૧૮ મા અધ્યાયમાં આ વિષય બહુ વિસ્તારથી કહેલો છે તેના આરંભમાં જ કહે છે કેઃ—

काम्यानां कर्मणां न्यासं सन्यासं कवयो विदुः ।
सर्वे कर्म फल त्यागं प्राहुस्त्यागं विचक्षणाः ॥

અર્થાત્ કામ્ય કર્મના ત્યાગને વિદ્વાનો સંન્યાસ જાણે છે અને બુદ્ધિમાન મનુષ્યો સર્વ કર્મનાં ફલના ત્યાગને ત્યાગ કહે છે. સારાંશ એ નિકલે છે તે કર્મ કરવાં ખરાં પણ ફલની આકાંક્ષા રાખવી નહી. પણ તેમાં એવું નથી કે કાંઈ કરવું જ નહી. કામ વૃત્તિને જેમ બને તેમ કર્મ સાથે યોજવી નહી એમાં જ પુરૂષાર્થ રહેલું છે કારણ કે જગતમાં જો સર્વથી કઠિન કાર્ય કોઈ પણ છે તો તે આ જ છે. વાસના એવી દૃઢ બંધાયેલી છે કે તેને કર્મથી નિરાલિ પાડવી સહેલી નથી માટે જ તે પ્રત્યે બલાત્કાર વાપરીને પણ તેને ભિન્ન કરવાં અવશ્યનું છે. એક વાર એ કાર્ય કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થયું કે મહાભારથમાં જય પ્રાપ્ત થયો એમ નિશ્ચય માનવું.

વળી કર્મ કરવામાં અહંતા મમતા રહી નહી અને સ્વને માટે થતું તે સર્વને માટે કરવા મથન કરવામાં આવ્યું એટલે મોક્ષ થઇ ચુક્યો. માટે સર્વત્ર ઐક્ય ભાવના થાય તેવા જ્ઞાનની પ્રાપ્તિ માટે અહંકાર રહિત થઇ કાર્ય કરવાનું છે. આવા સાત્વિક જ્ઞાનનું નામ જ મુક્તિ છે. શ્રીમદ્ભગવદ્ગીતામાં કહેછે કેઃ—

सर्व भूतेषु येनैकं भावमव्यय मीक्षते ।
अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्विकं ॥

એવી રીતે પરમાત્મા પણ સર્વત્ર એક સરખી રીતે સ્થિત છે તેથી પ્રથક્ માત્રનો ત્યાગ કરી ઐક્ય ભાવ રાખતાં ઉચ્ચ પ્રેમ વૃત્તિ ઉદ્‌ભવે છે અને જે કાંઇ કાર્ય કરવામાં આવે છે તે જનસમુહના કલ્યાણાર્થ થાય છે. તે કર્મ બંધન કર્તા નથી એથી જીવાત્મા જન્મમરણના ચક્રમાં પડતો અટકે છે અને સ્વેચ્છાચારી થઇ શકે છે. મનુષ્યને માટે આ ભવિષ્યભાવના જો યથાર્થ વિચાર કરીયે તો કાંઇ થોડી નથી. માટે આ ગ્રંથમાં યત્કિંચિત સમજ આપવામાં આવી છે તે લક્ષમાં લઇ જો કર્મના નિયમાનુસાર આચરણ થાય તો જગત્‌ને અત્યંત લાભ છે. આવું જ્ઞાન પ્રસિદ્ધ કરવાના હેતુથી આ લેખ અધિકારી સજ્જનો સમિપ મુકવામાં આવે છે.

ભાવનગર. }
૧૮૯૮. } દુલેરાય મહિપતરાય ઓઝા.

કર્મ.

ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના ચોથા અધ્યાયના સત્તરમા શ્લોકમાં કહે છે કે "**कर्मणो गहना गतिः**" કર્મની ગહન ગતિ છે. યથાર્થ વાત છે. કર્મનો નિયમ યથાસ્થિત સમજવો બહુ કઠિન છે પણ અધ્યાત્મ વિદ્યાના જ્ઞાનીઓ તેને જેમ બને તેમ સ્પષ્ટ કરી સમજાવવા મથન કરે છે. મહાત્મા કુતહુમી એક પોતાના પત્રમાં એવી સમજ આપે છે કેઃ—

જેવો કોઈ વિચાર મનુષ્યના મનમાં ઉદ્‌ભવ પામ્યો કે તત્કાળ તે અંતર્ સૃષ્ટિમાં ગમન કરે છે. ત્યાં વસવાવાળાં ચંચળ સત્વોમાંના કોઈ એકની સાથે મળી જઈ–એટલે સંયુક્ત થઈ–પોતે એક સત્વરૂપ થાય છે. આ સત્વોની બુદ્ધિ શક્તિ સંપૂર્ણ ખીલી હોતી નથી. મનનું ઉત્પન્ન કરેલું આ બાલક બલવાન સત્વરૂપે મનુષ્યના મરણ પછી પણ રહે છે. તેનું અસ્તિત્વ તેને પેદા કરતી વખતે જેટલી શક્તિ તેમાં વપરાઈ હોય છે તેના પ્રમાણમાં લાંબુ યા ટુંકું હોય છે. સદ્‌વિચાર હિતકર સત્વ થઈ રહે છે અને દુષ્ટ વિચાર હાનિકારક થઈ રહે છે. આવી રીતે પ્રત્યેક મનુષ્ય પોતાની આસપાસ આકાશમાં પોતે જ ઉત્પન્ન કરેલ સૃષ્ટિ નિરંતર કરે જાય છે. તેમાં વસનાર–તેની કલ્પનાઓ–કામનાઓ–તુરંગો–અને વૃત્તિઓના કાર્યથી થએલી પ્રજા છે. એ વિચારો ઉત્પન્ન થતાં જ ગતિ પ્રાપ્ત કરે છે. તેના માર્ગમાં કોઈ નિર્બળ મનવાળું આવી જાય છે તો તેના બલના પ્રમાણમાં તેની ઉપર અસર કરે છે. આ ઉત્પત્તિને બૌદ્ધમાર્ગી સ્કંધ નામ આપે છે; હિંદુઓ કર્મ કહે છે. મહાત્માઓ આવી સૃષ્ટિની રચનામાં બહુ સાવધાન રહે છે. સામાન્ય મનુષ્યો અસાવધપણે તેને પેદા કરે જાય છે.

કર્મના મુખ્ય સ્વભાવનું આવું વર્ણન બહુ થોડે સ્થળે જોવામાં આવેછે. આ વાત જો યથાસ્થિત સમજવામાં આવે અને તેનો ભાવાર્થ બરાબર ધ્યાનમાં ઉતરે તો તે સંબંધી જે મનમાં ગુંચવાડો થયાં કરે છે તે ઘણે ભાગે દૂર થઈ જશે. આ માર્ગના વિષયનો અભ્યાસ કરવો એ યોગ્ય છે એમ માની આપણે મનુષ્યની ઉત્પાદક શક્તિ કેવા પ્રકારની છે તે વિશે વિચારવાનું રહેછે. તેના આરંભમાં, આ કર્મનો નિયમ કેવો અચલ છે અને સૃષ્ટિની ત્રણ ભૂમિકાઓ સાથે તેનો કેવો સંબંધ છે તેનું યથાર્થ જ્ઞાન અવશ્યનું છે.

આપણે નિયમપૂર્વક વર્તન કરનાર પ્રદેશમાં નિવાસ કરીએ છીએ. આપણે નિયમોથી ચારે તરફ વિંટળાએલા છીએ; અને તે નિયમોનો ભંગ આપણાથી કરી શકાય નહીં એ નિર્વિવાદ વાત છે; પરંતુ જ્યારે એજ વાતને તેના યથાર્થ અને અવશ્ય સ્વરૂપમાં જોવામાં આવે છે, જ્યારે તે જેવી રીતે સ્થૂળ દૃશ્ય પદાર્થને લાગુ છે તેવી રીતે માનસિક અને આધ્યાત્મિક પ્રદેશને પણ લાગુ છે એમ જાણવામાં આવે છે, ત્યારે મનુષ્ય જાણે લાચાર હોય એવી મન ઉપર અસર થઈ જાય છે; અને જાણે આપણે કોઈ મહાન્ શક્તિને આધીન થઈ રહ્યા હોઇએ અને તે પોતાની મરજીમાં આવે ત્યાં આપણને ભ્રમણ કરાવે એવું લાગે છે. આ લાગણી અજ્ઞાનજન્ય છે. સત્ય વાત એથી ઉલટીજ છે. જ્યારે એ મહાન્ શક્તિ શું છે તે યથાર્થ સમજવામાં આવશે ત્યારે એમ જણાશે કે આપણી મરજી પ્રમાણે તે આપણને ભ્રમણ કરાવશે. સૃષ્ટિમાં અનેક શક્તિઓ રહેલી છે. અને જેમ તે સમજવામાં આવે છે તેમ તેનો ઉપયોગ માણસ કરી શકે છે. એમ કહે છે કે " સૃષ્ટિને આધીન થશો તો તે તમારે આધીન છે." તેની વિરૂદ્ધ વર્તન નહીં કરતાં તેને અનુસરી વર્તવાથી, તેમાં રહેલી અનિવાર્ય શક્તિનું પૂર્ણ જ્ઞાન મળેથી આપણે વશ થઈ રહેછે. આપણે તેના અખુટ ભંડારમાંથી ઈચ્છાપૂર્વક કોઈ પણ શક્તિનો ઉપયોગ ગમે તે દિશામાં અને ગમે તેટલી ગતિથી આપણું કાર્ય સાધવા માટે કરવા સમર્થ થઇએ છીએ. એ શક્તિમાં કાર્ય કરવાનું સામર્થ્ય એવું અચળ અને અનિવાર્ય છે કે તેની સિદ્ધિ વિશે કાંઈ શંકા લેવાપણું રહેતુંજ નથી.

પ્રત્યેક શાસ્ત્ર અને વિદ્યાના પ્રયોગો અમુક પરિણામ લાવશે એવી ખાત્રી થવાનું કારણ પણ એના નિયમોનું અચળપણું છે. ભવિષ્ય ભાખવામાં ભુલ આવતી નથી એ પણ એ કારણને લીધે છે. એક રસાયણ શાસ્ત્રી પોતાના પ્રયોગ કરવા બેસે છે, ત્યારે તેની ખાત્રી છે કે પોતે તેના ચોકસ નિયમોને અનુસરી સૃષ્ટિના પદાર્થ ઉપર પ્રયોગ કરશે તો તેનાં પરિણામ ધારેલાંજ ઉતરશે; તે સમજે છે કે જો ધારેલ પરિણામ ઉતર્યું નહીં તો તેમાં ભુલ પોતાની વિધિની હોવી જોઇએ. સૃષ્ટિમાં કાંઈ ફેરફાર થતો નથી. આ નિયમ મનુષ્યના કાર્ય માત્રને લાગુ છે એમ સમજવું. સૃષ્ટિમાં રહેલ શક્તિઓના કાર્યના નિયમનું જેમ યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય છે તેમ તેનાથી કરવાના કાર્યનાં પરિણામની સિદ્ધિ વિષે પણ ખાત્રી થાય છે. જ્યાં અજ્ઞાન છે ત્યાં ભુલ છે કેમકે ધારેલ પરિણામ આવ્યું નહીં તેનું કારણ જોવા જઇશું તો કોઇક નિયમોના અસ્તિત્વની અજ્ઞાનતા જણાશે. સ્થૂળ સૃષ્ટિમાં માત્ર આ વાત લાગુછે

એમ ધારવું નહીં. માનસિક અને આધ્યાત્મિક પ્રદેશમાં પણ એજ નિયમ છે. પરિણામ શું થશે તે વર્તિ શકાય છે. તેવાં પરિણામ લાવવા માટે શું કરવું અને કેમ વર્તવું એ પણ નિશ્ચય થઈ શકે છે. સૃષ્ટિના નિયમો આપણને ખાડામાં નાંખતા નથી. માત્ર આપણે અંધ થઇ પડીએ છીએ. સર્વ પ્રદેશમાં જ્ઞાનની વૃદ્ધિ સાથે સામર્થ્ય વૃદ્ધિ પામે છે. સર્વજ્ઞપણું અને સર્વ શક્તિમાન પણું એકત્ર છે.

સર્વ પ્રદેશમાં-સ્થૂળ, માનસિક, આધ્યાત્મિકમાં-એક અવિચળ નિયમ વર્તે છે તેનું કારણ માત્ર એટલું જ છે કે બ્રહ્માંડની સ્ફુરણા એકમાંથી છે, અને જે એક અવિચળ નિયમ છે તે માત્ર સૃષ્ટિમાં વ્યાપ્ત ઇશ્વરનું બીજું એક નામ છે. બ્રહ્માંડમાં ઉત્પત્તિનું જીવન તત્વ એક છે તેમ તેને ધારણ કરી રાખનાર નિયમ પણ એક છે, અને સર્વ દુનિયાં આ અચળ તથા અભય ઈશ્વરયુક્ત સૃષ્ટિ રૂપી નિયમના મજબુત પાયા ઉપર ટકી રહેલ છે.

આરંભમાં જે મહાત્માના પત્રમાંથી ઉતારો આપણે કરેલો છે તેમણે સૂચવેલી રીતિ પ્રમાણે કર્મ સંબંધી વિચાર કરીએ તો પેહેલાં આ બ્રહ્માંડમાં જે ત્રણ મુખ્ય ભૂમિકાઓ છે તે તથા તેની સાથે સંબંધ ધરાવનારાં જુદાં જુદાં તત્વોની સ્પષ્ટ સમજ અવશ્યની છે તે માટે એક કોઠો કરવાથી વધારે સરળતા થશે.

બ્રહ્મભાવ. ભૂમિકા.	આત્મા—બુદ્ધિ—ઉર્ધ્વ મન	કારણોપાધિ (કારણશરીર)
જીવભાવ. ભૂમિકા.	કામ—મન—ઉચ્ચ ભાવના. કામ......—નીચ ભાવના.	સૂક્ષ્મોપાધિ (સૂક્ષ્મશરીર)
સ્થૂળભાવ. ભૂમિકા.	(સ્થૂળ) શરીર.	સ્થૂળોપાધિ (સ્થૂળશરીર)

ભૂમિકા તથા તત્વોનો સંબંધ જાણવાની સાથે એ પણ સમજી શકાશે કે એક બીજાને અનુકૂળ ઉપાધિ થઈ છે. કારણ કે અનુકૂળ ઉપાધિ હોય ત્યારે સમજદાર સત્વ તેની સાથે સંબંધ બાંધી શકે છે. જ્યારે કોઈ ગુપ્ત વિદ્યાનો અભ્યાસ કરે છે ત્યારે તેને આ સંબંધનો પ્રત્યક્ષ અનુભવ થાય છે, અને પોતે એ ભૂમિકાઓમાં ગમન કરી શકે છે. ઉપરના કોઠામાં જે સૂક્ષ્મો-

પાધિ અથવા સૂક્ષ્મ શરીર લીધેલું છે તેમાં ઘણા દરજ્જાનાં અને ઘણા પ્રકારનાં સૂક્ષ્મ શરીરોનો સમાવેશ થાય છે, અને તેને લીધે તેને અનુસરતી ભૂમિકાની ભિન્ન ભિન્ન પ્રકારની સ્થિતિ અને પ્રદેશ સાથે તે તે સ્થિતિ અને પ્રદેશને અનુકૂળ ઉપાધિ બને છે.

ભિન્ન ભિન્ન ભૂમિકામાં જે મૂળ પદાર્થ છે તેની સ્થિતિ અથવા સામાન્ય રીતે બોલતાં પ્રકાર પણ ભિન્ન ભિન્ન છે. પ્રત્યેક ભૂમિકાથી જેમ જેમ ઉતરતા જઈએ તેમ તેમ સ્થૂળતા વૃદ્ધિ પામતી જાય છે. સૃષ્ટિનો ક્રમ પણ તેવોજ છે. વસ્તુ માત્ર ક્રમાનુસાર ઉદ્‌ભવ પામે છે ત્યારે ઉત્તરોત્તર સૂક્ષ્મતા ઘટી સ્થૂળતા વધતી જાય છે અને મંદતા વધી તીવ્રતા ઘટતી જાય છે. આ ભૂમિકાઓમાં અનેક પ્રકારનાં સત્વ નિવાસ કરે છે. ઉચ્ચમાં ઉચ્ચ પ્રદેશમાં અગાધ બુદ્ધિમાન વસે છે, તેમ નીચમાં નીચ પ્રદેશમાં વસનાર સત્વોમાં બુદ્ધિ પ્રભાવ થોડો પણ હોતો નથી. પ્રત્યેક ભૂમિકાના પદાર્થના પ્રત્યેક રજકણમાં પુરૂષ પ્રકૃતિ અથવા જડ ચૈતન્ય સંયુક્ત રહેલ છે. પ્રત્યેક રજકણનું શરીર પ્રકૃતિ છે, જીવન પુરૂપછે. રજકણોના પૃથક્ પૃથક્ સમુદ્ર, દરેક જાતનાં વ્યક્તરૂપ, પ્રત્યેક જાતી, એ સર્વમાં આ જીવન તત્વવાળાં રજકણો રહેલાં છે. જેવા પ્રકારનું વ્યક્તિરૂપ તેવા પ્રકારને અનુસરતાં તેમાં રજકણ જોડાય છે. આવી રીતે નહીં બંધાએલું એવું એક પણ રૂપ નથી; પરંતુ તેને સચેત કરનાર ઉંચામાં ઉંચી બુદ્ધિવાળા સત્વથી તે નીચામાં નીચા સત્વમાંથી કોઈ પણ દરજ્જાનું સત્વ હોય છે, આપણે હાલ તરત તો જે સત્વો જીવભાવની ભૂમિકામાં નિવાસ કરે છે તેના સંબંધી વિચાર કરવાનો છે, કારણ કે મનુષ્યમાં જે વાસનાઓ રહેલી છે તેની ઉત્પત્તિ એનાથી થાય છે. તેની સૂક્ષ્મ પ્રકૃતિમાં એ વૃત્તિઓ ઉદ્‌ભવ પામે છે અને સૂક્ષ્મ ઈંદ્રિયોને જાગૃત કરે છે. આ સત્વોને રૂપ દેવના પણ કહે છે. તે દ્વારા વૃત્તિઓ જન્મ પામી પરિણામને પામેછે.

કામિક (ઇચ્છારૂપ) સત્વોનો મુખ્ય સ્વભાવ લાગણી છે તેમાં વૃત્તિ જન્મ પામે છે. તેમજ તેનું કાર્ય પણ થાય છે. જીવભાવ ભૂમિકામાં જે ભિન્ન ભિન્ન પ્રકારની સમજવાળાં જાગૃત થએલાં સત્વો નિવાસ કરે છે તેઓના ઉપર ચોતરફથી વૃત્તિના આઘાત પડે છે, અને તે દ્વારા તેઓ એકત્ર થઈ વૃત્તિરૂપે પ્રદર્શિત થાય છે. એ પ્રમાણે જે સત્વો રહેલાં છે તેથી સર્વ પ્રકારની લાગણીઓ થાય છે. મનુષ્યના પણ શરીરમાં તેવીજ રીતે રચના હોવાથી લાગણીની વૃત્તિ જણાય છે. શરીરના બંધારણમાં જે પૃથક્ પૃથક્ રજકણો અને તંતુઓ છે તેને પૃથક્ પૃથક્ આ વૃત્તિ ભાસતી નથી. તેઓમાં પોતાનું સ્વતંત્ર ચૈતન્ય છે એ ખરૂં છે પણ તે માત્ર તેને વૃદ્ધિ પામવાના અથવા ક્ષય થવાના

ભિન્ન ભિન્ન કાર્યમાં ઉપયોગી થાય છે. મનુષ્યનું પોતાનું ચૈતન્ય પૃથક્ રહી કાર્ય કરે છે. આ રજકણો અને તંતુઓના કાર્યમાં તેને કાંઈ સંબંધ નથી. તેઓ શરીરને સંબંધે તેને વૃદ્ધિ પમાડવા માટે જોઈતી સામગ્રી પ્રાપ્ત કરે છે, વાપરે છે, ત્યાગ કરે છે ઈત્યાદિ જે જે ક્રિયા કરે છે તે કેવળ સ્વતંત્રછે. આ બે ચૈતન્યનું ઐક્ય થતું નથી એટલે માણસને કોઈ પણ સમયે એઓના કાર્યની ખબર પડી શકતી નથી. એઓનું ચૈતન્ય સ્થૂળ પ્રદેશમાં કાર્ય કરે છે અને મનુષ્યનું ચૈતન્ય સૂક્ષ્મ પ્રદેશમાં કાર્ય કરે છે. આ મનનો પ્રદેશ છે અને તેની સાથે કામ સંયુક્ત છે કારણ કે એકલું નિર્મળ મન આ પ્રદેશમાં કાંઈ પણ કાર્ય કરી શકતું નથી.

મનુષ્યના સૂક્ષ્મ શરીરમાં કામ-રૂપ મન સાથે સંયુક્ત છે. તેની રચનામાં પણ તેને અનુકૂળ સત્વો તેના પ્રદેશમાંથી આવી મળે છે, કારણ કે એ ભૂમિકા તેવાં સત્વોથી ભરપૂર છે. પશુ પક્ષી આદિમાં પણ જે કામરૂપ છે તે સાદું રૂપ છે પણ તે એવાંજ સત્વોથી બને છે. મનુષ્ય પોતાના સ્વભાવથી જ આ સત્વોના અસ્તિત્વને લીધે તેની સાથે સંબંધમાં આવે છે અને તે દ્વારા પોતાની આસપાસ જે જે અનુકૂળ પ્રતિકૂળ પદાર્થ હોય છે તેની સાથે જોડાય છે. એ પ્રદેશમાં વસનાર અસંખ્ય સત્વોના ઉપર માણસ પોતાની ઇચ્છા, વિકાર, વાસના, ઇત્યાદિથી સત્તા ચલાવે છે. તેઓ તે પ્રમાણે વર્તે છે, અને તે વૃત્તિરૂપે તેની સત્તાને આધીન થઈ ચારે તરફ પ્રદર્શિત થાય છે. આ સઘળું કાર્ય કરવાનું મુખ્ય સાધન તેનું પોતાનું કામ-રૂપ શરીર છે. બહારથી જે જે અસરો થાય છે તેનું સંયોજન થઈ વૃત્તિના રૂપમાં પુનરપિ પ્રકાશે છે. તેવીજ રીતે એ શરીરમાં જે જે વૃત્તિઓ ઉત્પન્ન થાય છે તેને છુટી પાડી બહાર પ્રસારે છે.

વિચાર રૂપની ઉત્પત્તિ.

આરંભમાં જે મહાત્માનાં વાક્યો કહ્યાં છે તે હવે યથાસ્થિત સમજી શકાશે. ઉપર કહેવામાં આવ્યું તેવી રીતે મન જ્યારે પોતાના પ્રદેશમાં સૂક્ષ્મ ઉપાધિ વાળી જીવભાવ ભૂમિકામાં કાર્ય કરે છે ત્યારે તેમાંથી મૂર્તિમાન વિચાર રૂપો પેદા થાય છે. કલ્પના શક્તિને મનની એક ઉત્પાદક શક્તિ કહેવામાં આવે છે તે યથાર્થ છે. કદાપિ એ પ્રમાણે કહેવાવાળા એમ ધારતા નહીં હોય પણ વાસ્તવિક એમજ છે. વિચારોને મૂર્તિમાન કરવા એ મનની ખાસ શક્તિ છે. મનમાં ઉત્પન્ન થએલ એક મૂર્તિને બહાર પ્રદર્શિત કરવાનું અપૂર્ણ અને અણઘડ સાધન શબ્દો છે. મનમાં ખડું થએલું એક વિચારનું રૂપ કાંઈ સાદું હોતું નથી. તેવા એક રૂપનું વર્ણન કરવાંમાં એક આખું વાક્ય વખતે કહેવું

પડે છે. એટલા માટે તેવા રૂપનો કોઈ મુખ્ય ગુણ લેઈ તેનું નામ આપવામાં આવે છે અને તેવડે તેની અધુરી સમજ પાડવામાં આવે છે. આપણે એક ત્રિકોણ કહ્યો એ શબ્દથી સામા માણસના મનમાં એક ચિત્ર આળેખાયું, પણ તેનું યથાર્થ રૂપ કેવું છે એ સમજાવવું હોય તો તેનું લાંબુ વર્ણન કરવાની જરૂર પડે. મનુષ્યને વિચાર કરવાની ઉત્તમ રીતિ એવાં રૂપ ખડાં કરવાં એજ છે; અને જ્યારે તેને જણાવવાં હોય છે ત્યારે તે રૂપોનું ટુંકામાં વર્ણન કરવાની મહેનત કરવી પડે છે. પરંતુ જ્યાં મનથી મન વ્યવહાર કરી શકે છે ત્યાં જરા પણ શ્રમ પડતો નથી તેમ તેના વર્ણનમાં કાંઇ અપૂર્ણતા પણ રહેતી નથી. કારણ કે શબ્દો કરતાં વિચારો બહુ સારી રીતે પ્રદર્શિત થઇ શકે છે. વિ-ચાર-કળનના જે સામાન્ય પ્રયોગો આજ કાલ કરાતા જોવામાં આવે છે તેમાં પણ અરસ્પરસ શબ્દોથી વ્યવહાર થતો નથી. માત્ર વિચારનાં ચિત્ર સામા માણસના મનમાં ખડાં કરવામાં આવે છે; માણસ બોલે છે ત્યારે શું કરેછે? તેના મનમાં ઉત્પન્ન થએલ વિચારરૂપ ચિત્રોનું શબ્દોવડે વર્ણન તેનાથી બને છે તે પ્રમાણે કરે છે. એ શબ્દો પાછા સાંભળનારના મનમાં બોલનારના મ-નમાં જેવાં ચિત્ર હતાં તેવાં આળખે છે. આમાં મન તો ચિત્રથીજ કાર્ય કરે છે. તેને શબ્દો સાથે કાંઇ સંબંધ નથી. લોકો એક બીજાનું કહેવું અરસ્પરસ સમજતા નથી અને વાદ વિવાદમાં ઉતરી પડે છે તેમાં અર્ધો ભાગ તો આ કારણથી થાય છે; જે ચિત્રોને વર્ણવવામાં અમુક શબ્દો વપરાયા તેનાથી સામા મા-ણસના મનમાં યથાસ્થિત ચિત્ર ખડું થયું નહીં; અથવા જે શબ્દો અમુક ચિત્રો ખડાં કરવા માટે વાપરવામાં આવ્યા તેનાથી જુદાંજ ચિત્ર સામાના મનમાં ખડાં થયાં.

વિચાર—રૂપો મનમાં ઉત્પન્ન થએલ ઘડાએલી મૂર્તિ છે. તે ઉત્પન્ન કર-વામાં સૂક્ષ્મ ઉપાધિના પ્રદેશમાં રહી મન પોતાનું કાર્ય કરે છે. તે પ્રદેશમાં રહેલ પદાર્થનાં રજકણો પણ સૂક્ષ્મ હોવાથી તેની ગતિ પણ બહુ ત્વરાવાળી હોય છે અને તેને કામે લગાડવામાં આવે છે ત્યારે આસપાસ તે પોતાની ગતિ ફેલાવે છે. આ ગતિને લીધે રજકણોના સંક્રમણમાં નાદ ઉત્પન્ન થાય છે અને તેનાથી રંગ ઉત્પન્ન થાય છે. જેનાથી એ સમજી શકાય છે તેને તે પ્ર-દર્શિત પણ થાય છે. એક વખત ઉત્પન્ન થયા પછી એ રૂપો જ્યારે સ્થૂળ પ્રદેશમાં પ્રકાશ પામવા નીચે ઉતરે છે, અથવા વિચાર બહાર પડે છે, ત્યારે આ નાદ-રંગ ચોતરફ ફેલાય છે, અને તેને લીધે તે જે જે રંગના તે હોય તેની સાથે સંબંધ ધરાવનાર સત્વો તે તરફ આકર્ષાય છે; સઘળાં સત્વો બ્રહ્માંડમાં સર્વ સૃષ્ટ પદાર્થની માફક રંગના સપ્ત આદિ કિરણમાંના એક એકની સાથે

સંબંધ રાખે છે. આ કિરણો આદિ કાળના સાત તેજસ્ પુત્રો કહેવાય છે. શબ્દ બ્રહ્મની ત્રીજી પંક્તિ–બ્રહ્મા–સમગ્ર રંગનું શ્વેત કિરણ છે. તે બ્રહ્માંડનું સ્ફુરિત તેજસ્વિ મન છે. તે એક કિરણમાંથી આ સપ્ત કિરણો ફુટે છે એ પ્રત્યેક કિરણમાંથી પાછાં સાત ફુટે છે. જેમ જેમ મૂળ પ્રકૃતિ સ્થૂળ ભાવ પામતી જાયછે તેમ તેમ એ પેટા કિરણોના સાત સાત વિભાગ થતા જાયછે. એવી રીતે અસંખ્ય પેટા વિભાગ થાય છે. અને તેવા પ્રત્યેક પેટા વિભાગને અનુકુળ સત્વો પણ હોય છે. એ સત્વોને પોતપોતાની વર્ણ ભાષા છે. એ ભાષા વડે તેઓની સાથે વ્યવહાર ચલાવી શકાય છે. નાદ અને રંગનું મૂળ સંખ્યા છે. એટલે સંખ્યા નાદ અને રંગ એ ત્રણનું યથાર્થ જ્ઞાન હોય તો કોઈ પણ સત્વને ઇચ્છા પ્રમાણે સાધી શકાય છે; તેથી કરી એ ત્રણ વિષયનું જ્ઞાન બહુ સંભાળથી જાળવી રાખવામાં આવે છે.

વર્ણ ભાષા વિશે મહાત્મા કુતહુમી બહુ સ્પષ્ટ કરી કહે છે કે જેની અર્ધ જાગ્રત સમજ છે એવાં સત્વોને તમે વૈખરી વાણીથી કેમ સમજાવી શકો ? અથવા તેને કેમ સાધી શકો ? કેમકે તેમની સાથે વ્યવહાર કરવાનું સાધન નાદ અને રંગ તથા તેમનો અન્યોઅન્ય સંબંધ છે. તે જાણવાથી માત્ર એ વ્યવહાર થઇ શકે છે. વળી તેઓની ઉંચી નીચી પંક્તિનો ભેદ પણ નાદતેજ અને રંગ ઉપર રહેલો છે. આ સત્વોના અસ્તિત્વનું પણ તમને ભાન નથી. નાસ્તિક, ખ્રિસ્તિ, સ્થુળવાદી અને પ્રેતવાદીઓને તેની માન્યતા થવા દેવામાં આવતી પણ નથી. તેની વિરૂદ્ધ સર્વ પોત પોતાને અનુકુળ દલીલો કરે છે તેમાં એ જડવાદીનાં વિદ્યાશાસ્ત્ર તો એને નીચ વેહેમની પંક્તિમાં મુકી સર્વથી વિશેષ વાંધો ઉઠાવે છે.

પ્રાચીન ઇતિહાસના અભ્યાસકોની સ્મૃતિમાં હોવું જોઇએ કે વર્ણ–ભાષા સંબંધી વખતો વખત સહજ વાત તેમના જાણવામાં આવે છે. પ્રાચીન મિસર દેશનાં પવિત્ર પુસ્તકો રંગથી લખેલાં તેઓના જોવામાં આવ્યાં છે, એ તેઓના સ્મરણમાં હોવું જોઇએ. તેને વિષે એમ પણ કહેવાય છે કે તેની નકલ કરવામાં જો ભૂલ થતી તો તેને દેહાંત દંડ આપવામાં આવતો. આતો આડી વાત ઉપર ઉતરવાનું થાય છે એટલે આંહીં બંધ રાખવું જોઇએ. આપણે તો માત્ર એટલું જ જણાવવું અગત્યનું છે કે એવાં સત્વોની સાથે વ્યવહાર વર્ણ–ભાષા દ્વારા થઈ શકે છે, અને તે ભાષામાં જણાવેલા શબ્દો જેમ મનુષ્ય બોલેલા સમજે છે તેમ તેઓ સમજી શકે છે. વિચાર–રૂપો ઉત્પન્ન કરનારની ઉર્મિના ઉપર એ વર્ણ ભાષાનો રંગ આધાર રાખે છે. જો શુદ્ધ, પ્રે-

મમય અને હિતકારક હેતુથી વિચાર કરવામાં આવ્યો હોય તો તેનાથી જે રંગ ઉત્પન્ન થશે તે તેવા રંગને અનુકુળ જે સત્વો હોય તેને આકર્ષણ કરશે અને તે પ્રમાણે તેની વૃત્તિ બંધાશે. આવી વૃત્તિની છાપવાળું સત્વ તેને અનુસરતા માર્ગે ઉપર કાર્ય કરશે. સત્વ વિચાર-રૂપના જીવનું કાર્ય સારે છે. તેથી જ્યારે આવું સત્વ એવા રૂપ યુક્ત થાય છે એટલે તે સ્વતંત્ર થઈ સૂક્ષ્મ ભૂમિકામાં નિવાસ કરે છે અને તે સર્વદા હિતકારક વર્તે છે. પણ જો હેતુ મલિન, વૈરભાવવાળો, હાનીકારક હોય તો તેવા વિચાર-રૂપથી જે રંગ ઉત્પન્ન થાય છે ને તેની તરફ જે સત્વનું આકર્ષણ થાય છે તે એવી વૃત્તિવાળું બની જાય છે. સત્વ જીવનું કાર્ય કરે છે, અને સૂક્ષ્મ ભૂમિકા તેનો પ્રદેશ છે એ આપણે ઉપર કહી ગયા, એટલે આ રૂપ જગતમાં હાનીકારક થઈ વર્તે છે. કોઈ માણુસ ક્રોધાયમાન થઈ વિચાર કરે છે ત્યારે તેનામાંથી રક્ત વર્ણ પ્રકાશે છે. કારણ કે એવું વિચારરૂપ ગતિ કરે છે ત્યારે રાતો રંગ ઉત્પન્ન થાય છે. રક્ત વર્ણનો પ્રકાશ પડયો કે તત્કાળ તે તરફ તેને અનુકુગ સત્વોનું આકર્ષણ થાય છે. એ સત્વોનો સ્વભાવ નાશ કરવાનો તથા ભાગી ચૂર્ણ કરવાનો છે. તેઓ સત્વર વિચાર-રૂપ ભણી દોડે છે અને એ રૂપમાં પ્રવેશ કરે છે, જેથી કરી તેને સ્વતંત્ર કાર્ય કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. પ્રત્યેક મનુષ્ય ક્ષણે ક્ષણે એવાં રૂપ ઉત્પન્ન કરી વર્ણ-ભાષા દ્વારા વાતો કરેછે; પરંતુ તેનું તેને ભાન રહેતું નથી. એ રૂપોને સજીવન કરનારાં સત્વો વારંવાર તેની આસપાસ આકર્ષાય છે, અને તેમાં અનુકુળતા પ્રમાણે પ્રવેશ કરી રહે છે એટલી વાત જો યથાસ્થિત સમજવામાં આવશે તો તત્કાળ ધ્યાનમાં આવશે કે પ્રત્યેક મનુષ્ય આકાશમાં પોતાની આસપાસ જે પ્રવાહ નિરંતર ચાલ્યા કરે છે તેમાં વસનારાંને પણ પોતે અહર્નિશ પેદા કર્યા જાય છે. એ પ્રજા પોતાની કલ્પના, કામના, ઉર્મિઓ, અને વૃત્તિઓમાંથી ઉત્પન્ન થાય છે. આપણા કર્મની પ્રજાનો આ જથ્થો થાય છે તેમાં ભલાં-ભુંડાં હોય તો પણ તે આપણાં પેદા કરેલ છે એટલે તે આપણી આસપાસ રહ્યાં કરે છે. આપણને તે સુખ દુઃખ પ્રાપ્ત કરે છે એટલુંજ નહીં પણ અન્યને પણ સુખકર કે દુઃખકર થઈ પડે છે.

આંતર્દષ્ટિ-વિશ્વદષ્ટિ જેની જાગૃત્ થઈ હોય છે તેઓ મનુષ્યના તેજમાં તેની આસપાસ રંગનો પ્રકાર જોઈ શકે છે; તેમજ વખતો વખત રંગ બદલાતો જાય છે તે પણ જોઈ શકે છે. પ્રત્યેક વિચાર અથવા લાગણી સૂક્ષ્મ ભૂમિકામાં એવી રીતે પ્રવેશ કરે છે અને જેઓને સૂક્ષ્મ દૃષ્ટિ હોયછે તેઓને પ્રદર્શિત થાય છે. જેઓની વિશ્વ દૃષ્ટિ વિશેષ અંશે જાગૃત થઈ હોય છે તેઓ એ વિચારનાં રૂપ જોઈ શકે છે. એટલુંજ નહીં પણ તેમાંથી થતો રંગનો

પ્રકાશ અને તેને લીધે સત્વોના સમૂહમાં જે અસર થાય છે તે સુધાં જોઈ શકે છે.

સજીવન થએલા વિચાર–રૂપના આયુષ્યની મર્યાદા તેને ઉત્પન્ન કરતી વેળા જેટલો તીવ્ર ભાવ હોય અને તેને લીધે જેટલી શક્તિ તેમાં અર્પિ હોય તે ઉપર આધાર રાખે છે. વળી ઉત્પન્ન થયા પછી તેને પોષણ મળ્યું હોય તે પણ તેમાં સહાયભૂત થાય છે. એવું પોષણ એ રૂપ ઉત્પન્ન કરવા પોતે અથવા અન્ય કોઈ તેવાજ વિચારો કરે છે તેનાથી મળે છે. તેઓનું જીવતર એવાને એવા વિચાર વારંવાર કર્યા કરવાથી લંબાય છે. એકના એક વિચાર ઉપર માણસ અહોનિશ મનન કર્યા કરે તો સૂક્ષ્મ ભૂમિકા ઉપર તેવું રૂપ બહુ સુદૃઢ થાય છે, અને બહુ કાળ સુધી જીવે છે. સમાન વૃત્તિવાળાં વિચાર–રૂપો પણ અરસ્પરસ આકર્ષણ કરે છે અને અન્યોઅન્ય સહાયભૂત થાય છે. એવું બને છે, ત્યારે તેઓની શક્તિ અત્યંત તીવ્ર થાય છે, અને સૂક્ષ્મ ભૂમિકામાં બહુ ચંચળતાથી કાર્ય કરે છે.

કોઈ પણ માણસે પોતે જે રૂપ ઉત્પન્ન કર્યાં હોય છે તેની સાથે તેનો સંબંધ ચાલુ રહે છે. તેઓની વચ્ચે અન્યોઅન્ય આકર્ષક બંધન હમેશાં હોય છે. એ રૂપોના કાર્યનો પ્રત્યાઘાત તેના ઉત્પન્ન કરનાર ઉપર થાય છે. અને તેને લીધે તેવાંજ રૂપો બીજાં ઉત્પન્ન કરે છે. એમ કરતાં કરતાં અમુક પ્રકારના વિચાર ઉપર મન લાગી જાય છે. એટલે વારંવાર તેવાં જ રૂપો થએ જાય છે, અને તેવી ટેવ પડી જવાથી અનાયાસે વિચારો તે રસ્તેજ ચડે છે. જો એ વિચાર શ્રેણી ઉત્તમ પ્રકારની અને ઉચ્ચ વૃત્તિવાળી હોય તો તેના ઉત્પન્ન કરનારને તેમજ આખા જગતને શ્રેયસ્કર અને સહાયકારક થાય છે. પરંતુ વિશેષે કરી તેમ હોતું નથી એટલે તે મનુષ્યના મનને ખીલાવવામાં વિરોધ કર્ત્તા અને ઉલટું સંકોચકારક થાય છે.

માણસને ટેવ બંધાય છે તે એવી રીતે. પણ એ વિશે વધારે વિવેચન કરતાં કર્મનો નિયમ કેમ વર્તે છે તે જોવામાં આવે છે. એટલે તે જણાવતાં પહેલાં જરા વિશેષ ખુલાસો કરવાની જરૂર છે. એક દૃષ્ટાંત માટે આપણે એવું એક મન લઇએ કે જેનું પૂર્વ કર્મ કાંઈ નથી. વાસ્તવિક જોતાં એ અસંભવિત છે. પરંતુ દૃષ્ટાંત લેવાથી મુદ્દાની વાત ઉપર આવી શકાશે. એવું મન પ્રથમ સ્વતંત્રપણે સંપૂર્ણ રીતે વર્તે એ સહજ સમજી શકાય એવું છે; અને તેમ કરતાં તે એક વિચાર–રૂપ ઉત્પન્ન કરે છે. વારંવાર તેના તે વિચારનું મનન કરવાથી તેવું ને તેવું રૂપ થયાં કરે છે એટલે તેવી ટેવ બંધાય છે. એક અમુક ચોક્કસ ટેવ પડી એટલે અનાયાસે તેને એના એ વિચાર આવ્યા કરશે અને

તેમાં તેની ઈચ્છા પ્રમાણે અમુક વિચાર કરવો અથવા નહીં તે જોવાનું બનશે નહીં. હવે આપણે એમ ધારીએ કે તે અમુક ટેવ મનને પસંદ પડી નહીં કારણ કે તેનાથી તે બંધનમાં આવી જાય છે એમ જણાય છે. પ્રથમ એ મનને સ્વતંત્રતા હતી પરંતુ આટલે આવ્યા પછી તેને કાંઈક બંધન જણાયું. હવે જો પ્રથમની ટેવમાંથી મુક્ત થવું હોય તો ફરી મને પોતાની ઈચ્છા પ્રમાણે શ્રમ કરવો જોઇએ અને તેમ કરે ત્યારે આ બંધનછે તેમાંથી છુટા થવાય અને તે બંધનનો પણ નાશ થાય. આ એક કર્મનું નહાનું સરખુ ચક્ર થયું અને તે ટુંક મુદતમાં પુરૂં થયું; કારણ કે એક સ્વતંત્ર મને કાર્ય આરંભ્યું તેની ટેવ બંધાણી અને તે બંધન સાથે ફરી ઉલટું કાર્ય આરંભ્યું પરંતુ તેની સ્વતંત્રતા તે બંધન છતાં કાંઈક રહેલી એટલે તે બંધન તોડવા અને તેમાંથી મુક્ત થવા સમર્થ થયું, પણ જગતમાં માણુસ આરંભથી કાંઈ નિર્લેપ હોતું નથી. આપણે જગતમાં એવા બંધનમાં દબાએલાં જન્મ પામીએ છીએ. એ બંધન પૂર્વે આપણે પોતેજ ઘડેલાં છે. તેની ક્રિયા ઉપર જણાવી તે પ્રમાણે છે. મન બંધન ઘડેછે, ધારણ કરે છે, અને ધારણ કરતાં કરતાં તેનું છેદન પણ કરે છે.

વિચાર રૂપોને તેનો ઉત્પન્ન કરનાર અમુક માણુસ પ્રત્યે પણ ચલાવી શકે છે તેથી કરી તેને લાભ હાની કરી શકે છે. એ કરવાનો આધાર તેના જીવન સત્વો ઉપર છે. કોઈ માણુસના શ્રેય માટે પ્રાર્થના કરવામાં આવે, આશિર્વાદ દેવામાં આવે, શુભ ચિંત્વન કરવામાં આવે, ઈત્યાદિ શ્રેયસ્કર કાર્ય થાય તે એ માણુસને લાભ કર્ત્તા થશે એમ માનવું એ માત્ર કવિની કલ્પના છે. એમ માનવાનું નથી. તેવાં કાર્યનો જે હેતુ હોય છે તેની આસપાસ એ રૂપોનો કોટ બંધાય છે અને તેને લીધે હાનિકારક રૂપો તેને અસર કરી શકતાં નથી તેમજ તેનું ભયમાંથી સંરક્ષણ થાય છે.

પ્રત્યેક મનુષ્ય પોતે વિચાર રૂપો ઉત્પન્ન કરી તેને ચોતરફ ચાલતાં કરે છે એટલુંજ નહીં પરંતુ એ રૂપોનાં જીવન–સત્વો જે પ્રકારનાં હોય છે તેને અનુકુલ સત્વોવાળાં બીજાં એવાં રૂપ જે સૂક્ષ્મ પ્રદેશમાં હોય છે તેને પોતાની પ્રત્યે આકર્ષણ કરે છે. એવી રીતે કોઈ પણ માણુસ પોતાની સહાયતા કરે તેવી અથાગ શક્તિ પ્રાપ્ત કરી શકે છે. ઉપર જે આપણે કહી ગયા તેથી એટલી વાત નિઃસંશય થાય છે કે આપણી સહાય કરનાર શક્તિ લાભકારક યા હાનિકારક થશે તેનો નિશ્ચય કરવો એ આપણી પોતાની સત્તામાં છે. કારણ કે જો મનુષ્ય પોતાના વિચાર નિર્મલ અને ઉંચા પ્રકારના રાખે તો તેના

પ્રત્યે હિતકારક સત્વોનો સમૂહ આકર્ષાય છે. એમ બને છે ત્યારે માણસ અ-ણુધાર્યાં કાર્યો કરવા સમર્થ થાય છે, અને વખતે પોતે પોતાની મેળે આશ્ચર્ય પામે છે કે અમુક કાર્ય પોતે કેમ પાર પાડી શક્યો હશે. તેવીજ રીતે જો વિચાર મલિન અને નીચ પ્રકારના હોય તો તેના પ્રત્યે હાનિકારક સત્વોના સમૂહનું આકર્ષણ થાય છે. તેથી કરી તેનામાં જગતમાં હાનિ કરવાની શક્તિ વૃદ્ધિ પામે છે અને તેને હાથે એવાં કાર્યો થાય છે કે તેને પોતાને પાછળથી વિચાર કરતાં આશ્ચર્ય લાગે છે. એવાં માણસો પછી કહેશે કોઈ ભૂત–સેતાન મારામાં ભરાઈ મારી પાસે આ કૃત્ય કરાવ્યું, ખરેખર જોતાં પણ તેમજ છે. પોતે મલિન સત્વોવાળાં રૂપ ઉત્પન્ન કર્યાં અને તેઓએ પોતાને અનુકુલ રૂપોને પોતાની મદદે બોલાવ્યાં અને પોતાના બલમાં વૃદ્ધિ કરી. વળી આટલી વાત ઉપરથી એમ સમજી બેસવાનું નથી કે એ રૂપો ગયાં અને કાર્ય કરવા લાગ્યાં એટલે આપણે તેનાથી મુક્ત થયા નહીં. તેઓ પોતાની લાળ, કામ-રૂપ, સૂક્ષ્મ શરીરને વળગાડી રાખે છે, અને તે સાધનવડે બહારથી આકર્ષાએલાં સત્વો તેના ઉપર પોતાની સત્તા ચલાવી શકે છે. પરંતુ તેમાં એટલું ધ્યાનમાં રાખવું કે અનુકુલ સત્વો એ સાધનનો લાભ લેઈ શકે છે. પ્રતિકૂલ સત્વો તેનો લાભ લેઈ શકતાં નથી કારણ કે વિરૂદ્ધ ભાવનાં સત્વો એક બીજાની સાથે મળી શકતાં નથી. એથી કરી પવિત્ર માણસ હોય તે પોતાની આસપાસના તેજથી કોઈ પણ મલિન અથવા ક્રૂર સત્વને પોતાની પાસે આવતાં અટકાવી શકેછે. એ તેજ તેની આસપાસ કોટ થઈ રહેછે અને દુષ્ટ સત્વોથી તેનું સંરક્ષણ કરે છે.

સત્વોના કાર્યની એક બીજી રીતે પણ અસર થાય છે અને તેનાં પ-રિણામ અત્યંત વિસ્તારવાળાં છે. એ વિષે આ સ્થલે જ્યારે આપણે કર્મ ઉ-ત્પન્ન કરનારી પૃથક્ પૃથક્ શક્તિઓનું વિવેચન કરીએ છીએ ત્યારે વિચારવાની આવશ્યકતા છે. અત્યાર સુધી આપણે જે વિચાર રૂપોનાં કાર્ય વિષે કહી ગયા તેની પેઠે જ આ પણ તેનું એક કાર્ય છે. સારાં અથવા માઠાં સત્વોથી સ-જીવન થએલાં રૂપો એક વખત ગતિમાન થઈ જ્યારે વેહેનમાં ચાલે છે ત્યારે તેના માર્ગમાં જો કોઈ નિર્બળ મનશક્તિવાળું અથવા તીક્ષ્ણ લાગણીવાળું મ-નુષ્ય આવે તો તેના ઉપર તે અસર કરી શકે છે. આ અસર તેને ગતિમાન કરવામાં અર્પેલો શક્તિના પ્રમાણમાં ઓછી વત્તી થાયછે. સામાન્ય રીતે એવાં રૂપો પ્રત્યેક મનુષ્યના ઉપર પોતાની થોડી ઘણી સત્તા ચલાવે છે. પરંતુ જેની ઈંદ્રિય શક્તિ વધારે નિર્બળ હોય છે તેના ઉપર વિશેષ અસર જણાય છે. સત્વોમાં સમાન ભાવ એટલો બધો છે કે એક બીજાને અનુકૂળ સત્વો સત્વર આકર્ષાય છે, અને સમાન સત્વો એક એકની સાથે મળી જઈ જાણે વર્ગ બંધાયા હોય

એમ સમૂહ બંધાઈ જાય છે. તેઓના આવા સ્વભાવથી જ્યારે એક માણસ પોતાનાં વિચાર-રૂપ ચલાયમાન કરે છે ત્યારે તેઓ પોતાનો તે માણસ સાથેનો સંબંધ છોડી ચાલતાં થતાં નથી; પણ લોહચુંબકની પેઠે સંબંધ ચાલુ રાખે છે, અને તેને લીધે બીજા કોઈ માણસના સમાન ભાવવાળાં વિચાર-રૂપ તરફ તેનાં વિચાર-રૂપ આકર્ષાય છે. આવાં સમગ્ર રૂપો સૂક્ષ્મ ભૂમિકામાં હિતકારક વા હાનિકારક શક્તિ રૂપ થઈ પડે છે. આવાં સમાન ભાવવાળાં સમગ્ર રૂપોના સમૂહને લીધે એક પ્રજા, એક કુટુંબ, અથવા એક સ્થલમાં અમુક વિશેષ લક્ષણ જોવામાં આવે છે. તેઓની આસપાસ એક સૂક્ષ્મ વાતાવરણ રૂપે તે રહે છે. અને તે દ્વારાએ સર્વ લોકો જોઈ શકે છે અને જેના ઉપર નજર નાંખે તે સર્વ તેમના રંગથી ભરપૂર દેખાય છે. તેઓના સ્વભાવનો પ્રત્યાઘાત એ લોકોની વૃત્તિ ઉપર થાય છે અને તેમને તેઓ પોતાની ઈચ્છા પ્રમાણે કાર્ય કરવા જાગ્રત કરે છે, જ્યાં એવું કુટુંબ, સ્થાન, અથવા પ્રજાનું અમુક પ્રકારનું વાતાવરણ હોય ત્યાં પ્રત્યેક મનુષ્યના પોતાની કાર્યો ઉપર તે સારી નરસી અસર કરે છે. અને જેનામાં એથી વિરૂદ્ધ શક્તિ હોય તેને પોતાનું કાર્ય કરવામાં અને પ્રદર્શિત થવામાં બહુ વિઘ્ન રૂપ થાય છે. એક મનુષ્યના મનમાં એક વિચાર ઉડયો; પરંતુ તે આગળ જોવા જાય ત્યાં આસપાસનું વાતાવરણ જેવું બંધાયેલું હોય તેમાંથીજ તે તેને જોઈ શકે છે. આ વાતાવરણ એ વિચાર ઉપર પોતાનો રંગ ચઢાવી દે છે. એટલે તેનું રૂપ કાંઈક જુદુંજ દેખાય છે. આવી રીતે જોતાં કર્મનું કાર્ય બહુ વિસ્તારવાળું દેખાય છે એટલે તેના વિશે વિશેષ વિવેચનની આવશ્યકતા છે.

એક સમગ્ર સમૂહ રૂપે રહેલાં સત્વો મનુષ્ય ઉપર તેમની વૃત્તિદ્વારા પોતાની સત્તા ચલાવે છે એટલુંજ નહીં પરંતુ જયારે એવા સમૂહનો સ્વભાવ નાશકારક હોય છે ત્યારે તેઓ જગતમાં નાશકારક શક્તિ રૂપે પ્રવર્ત્તે છે અને જગતની સ્થૂલ ભૂમિકા ઉપર એક મહા ઉત્પાત કરી મુકે છે. તેઓ નાશકારક શક્તિના વમળ રૂપ થાય છે. તેને લીધે અકસ્માતો ઉપરા ઉપર બનતા જોવામાં આવે છે. વાવાઝરડાં, વિંટોળીઆ, વરસાદની ઝડી સાથે તોફાન, સમુદ્રમાં તોફાન, ધરતી કંપ, રેલ, કોલેરા, ઈત્યાદિ કુદરતી રીતે જે આફતો જગતને હાનિકારક થાય છે તે તેઓનાથી થાય છે. આ વિષય કર્મ સંબંધે બહુ અગત્યનો છે તેથી તેનું વિશેષ વિવેચન આગળ કરવામાં આવશે.

મનુષ્ય અને સૂક્ષ્મ સત્વો વચ્ચે જે સંબંધ રહેલો છે તેનું વર્ણન ઉપર કરવામાં આવ્યું, તેમજ મનને ઘડનાર શક્તિઓ-જે કે વાસ્તવિક રીતે જોતાં

ઉત્પાદક શક્તિઓ છે, કારણ કે તેઓ ઉપર દર્શાવ્યું તેમ જીવવાળાં એક પ્રકારનાં રૂપ પેદા કરે છે—તેનું પણ વર્ણન કરવામાં આવ્યું. એટલું સમજવાથી આપણને કાંઈક ભાન થઈ શકેછે કે એક અવતારમાં કર્મ કેમ કાર્ય કરે છે, તથા કેમ બંધાય છે. " એક અવતાર " ની જે મર્યાદા બતાવી તેથી એક વખત એક મનુષ્ય જન્મ પામી મરણ પામે છે એટલો કાલ સમજવો નહિ. તેટલો કાલ બહુ ટુંકી મુદત થઈ જાય તેમ એક જીવની આખી યાત્રાનો કાલ લેવાથી તે બહુ લાંબી મુદત થઈ જાય, માટે આંહીં એક અવતારની મર્યાદા એક જીવ એકવાર આ દુનિયામાં જન્મ પામ્યો ત્યારથી તેને પુનર્જન્મ લેવાનો સમય થાય એટલી ગણવામાં આવી છે. એ ગણતરી કરવાથી આ સંસારમાં મનુષ્ય જન્મ પામી સ્થૂલ દેહ—સૂક્ષ્મ અવસ્થા અને સ્વર્ગ લોક ઈત્યાદિમાં નિવાસ કરી રહ્યા પછી ફરી સ્થૂલ જગત્‌માં આવવાનો સમય થાય છે તે આવી જાય છે. વળી એક જન્મથી બીજો જન્મ ધારણ કરવાનું થાય છે તે દરમીઆન આ સર્વ સ્થિતિ જીવને ભોગવવી પડે છે, અને એ રીતે એક આવર્તન સંપૂર્ણ થાય છે. યાત્રાળુ જીવ પોતાની યાત્રામાં એક કલ્પમાં વારંવાર આ સ્થિતિઓનું પુનરાવર્તન કરે છે. પ્રત્યેક આવર્તનનો કાલ, તેમાં ભોગ્ય અને ભુક્ત સ્થિતિમાં ગમે તેટલો ફેર પડે પણ સામાન્ય મનુષ્યને એ ચાર પ્રકારની સ્થિતિમાં રહેવું પડે છે, અને ત્યાર પછી આગળ પસાર થઈ શકાય છે. આ સામાન્ય મનુષ્ય વિના બીજાને લાગુ નથી.

મનુષ્ય સંબંધે અવશ્ય કરી એક વાત ધ્યાનમાં રાખવાની છે કે સ્થૂલ દેહમાં જેટલો કાલ રહેવાનું થાય છે તેના કરતાં બહાર વિશેષ રહેવાનું થાય છે. તેથી એ બહાર રહેવાના કાલમાં જીવનાં સ્થિતિ તથા કાર્ય યથાસ્થિત સમજવામાં આવે નહીં ત્યાં સુધી કર્મનો નિયમ કેમ વર્ત્તે છે તેનું પરિપૂર્ણ જ્ઞાન થઈ શકે નહીં. એક મહાત્માનું વચન એવું છે કે ખરૂં જીવિત જીવ સ્થૂલ શરીરની બાહાર હોય છે તે કાલનું છે.

જ્ઞાનીજનો મનુષ્યના જ્ઞાનના બે વિભાગ કરે છે. એક જીવને સ્થૂળ શરીરનો સંબંધ હોય ત્યાં સુધીનો અને બીજો તેનાથી મુક્ત થઈ સત્ય જ્ઞાન પ્રાપ્ત કરે ત્યારનો. આમાંનો પાછળનો વિભાગ સત્ય માને છે. આ સંસાર ક્ષણભંગુર અને ચલિત માને છે અને માત્ર આપણી ઇંદ્રિઓને લીધે માયાના મોહમાં પડેલા છીએ એમ કહે છે. બ્રહ્મ લોકમાં જીવવું એજ સત્ય છે. ત્યાં અમર આત્મા સૂત્રાત્મા—અનંત અવિકારીનો નિવાસ છે. તેથી કરી મરણ પછીની સ્થિતિને સત્ય કહેવામાં આવે છે અને આ જગત્ સંબંધે સ્થિતિ છે તે મિથ્યા કહેવામાં આવે છે.

આ પૃથ્વિ ઉપર જ્યાં સુધી જીવ સ્થુલ શરીરમાં રહેલો હોય છે ત્યાં સુધી તેનું કાર્ય ઉપર આપણે જે વિચાર-રૂપો વર્ણવી ગયા તેવાં ઉત્પન્ન કરવાનું જણાય છે. પરંતુ હવે આપણે કર્મનો નિયમ એકંદર કેમ વર્તે છે તે યથાસ્થિત સમજવાનું છે. માટે જે વિચાર-રૂપ વિષે સામાન્ય વર્ણન કરવામાં આવેલું છે તે વખતે તેના સંબંધી વિગત કેટલીક પડતી મૂકેલી છે તેનો વિચાર કરવાની આવશ્યકતા છે. પ્રથમ જીવ મનવડે માનસિક મૂર્તિ ઉભી કરે છે. તેને વિચાર-રૂપ કહેવામાં આવેલ છે, એટલે હવે પછી માનસિક મૂર્તિ કહેવામાં આવે ત્યારે આવું પ્રથમ ઉત્પન્ન થએલું વિચાર રૂપ સમજવું, આ મૂર્તિ તેના પેદા કરનારને તેના આંતર્જ્ઞાનનો એક ભાગ થઈ વળગી રહે છે. તે રૂપ જીવવાળું સૂક્ષ્મ પ્રકૃતિ વેષ્ટિત સચેત હોય છે. શબ્દ વિચારેલો છે પણ બોલાયેલો નથી. તેનું રૂપ આલેખાઈ ગયું છે પણ સ્થુલ રૂપે પ્રકટ થએલું નથી. કોઈ પણ મનુષ્ય એવી એકાદ મૂર્ત્તિનું ધ્યાન કરી થોડી ક્ષણ જુવે અને તેનું સ્પષ્ટ દર્શન કરે, તેમજ તેની સાથે બીજી કોઈ વાતને ગુંચવાવા દે નહીં. તથા તેનું પરિણામ અન્ય લોકમાં શું થશે તેનો જરા પણ વિચાર કરે નહીં, તો તે મૂર્ત્તિ એક સચેત રૂપ થઇ તેના પેદા કરનારના ચૈતન્ય યુક્ત થઈ તેની સાથે વળગી રહેશે. તેનો એવો અનન્ય સંબંધ બંધાય છે કે આ દુનિયામાં જીવતાં સુધી મરણ સમયે, તેમજ મરણોત્તર પણ તે એ મનુષ્યની સંગતિ છોડતી નથી. મરણ પછી જીવ સંસ્કાર વશાત્ ઉચ્ચ લોકમાં ગમન કરવા સમર્થ થાય, અને તે લોકની વાતાવરણ સહન કરવા એ રૂપ અશક્ત હોય તો તે રૂપ નીચેના લોકમાં રહી જાય છે પણ તેનો સંબંધ છૂટતો નથી. અને નિર્મિત કાલ ઉચ્ચ લોકમાં નિર્ગમન કરી જ્યારે જીવ પુનરપિ અવતરવા માટે આવે છે ત્યારે આ રૂપ પૂર્વના સંબંધ વશાત્ એક ઘણા કાલના વિયોગથી જેમ બે જણ અતિ ઉત્કંઠિત ભાવથી મળે છે તેમ તે એ જીવને વળગે છે. એ માનસિક મૂર્ત્તિઓ વખતે ઘણા કાલ પર્યન્ત નિદ્રાવસ્થામાં પણ રહે છે; પણ તે પુનરપિ જાગ્રત અને સચેત થાય છે. વૃત્તિના નવીન વેગ ચાલતાં એ રૂપની જીવન શકિત વૃદ્ધિ પામે છે અને વખતે તેનામાં ફેરફાર પણ કરે છે. એવા પ્રવાહ તેના પેદા કરનાર તરફથી અથવા તેમાંથી ઉત્પન્ન થએલ બીજાં રૂપો તરફથી અથવા તેની સમાન વૃત્તિવાળાં બીજાં રૂપો તરફથી ચાલે તો પણ પરિણામ સરખું જ આવે છે.

પ્રત્યેક વિચાર-રૂપ ચોકસ નિયમાનુસાર વૃદ્ધિ પામે છે અને એવાં ઘણાં રૂપોનો સમૂહ બંધાય છે તે પ્રમાણે મનુષ્યનું વર્તન નિશ્ચિત થાય છે. અંતરનું પ્રતિબિંબ બહાર ભાસે છે. મનુષ્યના શરીરના બંધારણમાં જેમ સૂક્ષ્મ

તંતુઓના ગુચ્છ બનતાં બનતાં તંતુઓમાં ફેરફાર થતો જાય છે તેમ આ વિચાર-રૂપોના ગુચ્છ બંધાઈ મનુષ્યનું વર્તન નિશ્ચિત થતાં થતાં પણ એ રૂપો બહુ વિકાર પામે છે. કર્મ પોતાનું કાર્ય કેવી રીતે કરે છે તે સમજવાથી આ વિકારવિષે પણ સારી રીતે સમજી શકાશે. એ માનસિક મૂર્તિઓની બનાવટમાં ઘણી વસ્તુઓ એકઠી થાય છે. ઉત્પન્ન કરનાર જીવનું વલન જે બાજુ થાય છે તેની કામના, વૃત્તિઓ, તૃષ્ણા ઇત્યાદિ ઉપર આધાર રહે છે. કોઇ આંતર પ્રેરણાથી ઉચ્ચ મનકલ્પના ઉત્પન્ન થતાં તે પ્રમાણે મૂર્તિ ઘડાય, તો કોઈ બુદ્ધિ માત્રથી ઘડાય; પરંતુ એટલી વાત સિદ્ધ માનવી કે એ મૂર્તિ ગમે તેવી ઉચ્ચ યા નીચ હોય, ક્ષમાથી યા વિષય વિકારથી થઈ હોય, લાભકારક યા હાનિકારક હોય, સાત્ત્વિક યા તામસિક હોય તો પણ તે મૂર્તિ તો છેજ; જીવનું ઉત્પન્ન કરેલ બાલક છે, અને પ્રત્યેક મનુષ્યના કર્મનું મૂલ એના અસ્તિત્વ સાથે રહેલું છે. જો એ મૂર્તિનું અસ્તિત્વ હોય નહીં તો પ્રત્યેક જીવનાં પૂર્વાપર અવતારનાં કર્મનો સંબંધ હોવાનો સંભવ રહેતો નથી. કર્મને એ સંબંધ કાયમ રાખવા માટે મનના એવા કાર્યની આવશ્યકતા છે. ખનિજ, ઉદ્‌ભિજ્જ, અને મનુષ્ય વિના અન્ય પ્રાણીઓમાં એ મનનો અભાવ હોવાથી પૃથક્ પૃથક્ કર્મની ઉત્પત્તિનો સંભવ નથી. એટલે જન્માંતરમાં તેની અસર પહોંચતી નથી, એ તો સિદ્ધાંત ઉપરથી સ્થાપિત થએલ ઉપસિદ્ધાંત છે.

માનસિક મૂર્તિ વિચાર-રૂપનું પ્રથમ સ્વરૂપ છે. તે તેના બીજા સ્વરૂપ એટલે સજીવન વિચાર-રૂપની સાથે કેવો સંબંધ ધરાવે છે તેનો હવે વિચાર કરવાનો છે. બીજી પંક્તિનું વિચાર-રૂપ પ્રથમ સ્વરૂપથી સ્થૂળ ભાવને પામેલું હોય છે. કારણ કે તે માત્ર માનસિક મૂર્તિ રૂપે મનના પ્રદેશમાંથી ઉતરી સૂક્ષ્મ પ્રકૃતિ સાથે જોડાએલું હોય છે. એ સ્વરૂપ કેવું અને કેમ થાય છે તે જોવાનું છે. ઉપર કહેવામાં આવ્યું છે કે પ્રથમ સ્વરૂપ શબ્દ વિચારેલો છે. આ સ્વરૂપ વિચાર બહાર પડેલો છે. જીવ એ વિચારને બહાર કાહાડે છે અને તે સ્વર નીકળે છે તેનાથી સૂક્ષ્મ પ્રદેશમાં રૂપ બંધાય છે. સૃષ્ટિની ઉત્પત્તિ શબ્દ બ્રહ્મમાંથી થાય છે, અને સમષ્ટિ વિચાર બહાર પ્રકટ થવાથી બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે. તેમ મનુષ્યના મનમાં વિચારરૂપ ઉત્પન્ન થએલ શબ્દ જ્યારે બહાર નીકળે છે ત્યારે તે મનુષ્યની ઉત્પન્ન કરેલી સૃષ્ટિઓ થાય છે. આકાશમાં તેનામાંથી નીકળતા પ્રવાહમાં પોતાની ઉત્પન્ન કરેલી પ્રજાને નિવાસ સ્થાન આપે છે. જેવી ગતિ માનસિક મૂર્તિએ પેદા કરી હોય છે, તેવીજ ગતિ સ્થૂળ આકાશિક પ્રકૃતિમાં ચાલતી કરે છે, અને તેમાં બીજી પંક્તિનાં વિચાર-રૂપ પ-

કટ થાય છે. એ માનસિક સૂક્ષ્મ પ્રકૃતિ વેષ્ટિત મૂર્તિ હોય છે. એ રૂપ ઉપર જણાવ્યું તેમ કોઇ પણ સત્વ ધારણ કરે છે અને પૃથક્ પૃથક્ વિચરે છે; તેમાં કાંઇક મનનો અંશ આવે છે તેથી તેનામાં અહં મમત્વભાવ પેદા થાય છે. સૃષ્ટિમાં કેવી આશ્ચર્યકારક અને બોધકારક પરસ્પર સાદૃશ્યતા દેખાય છે. માણસના જેવીજ ગતિ આ રૂપની જણાય છે. પ્રથમારંભમાં એક મહાત્માનાં વચન લખવામાં આવ્યાં છે. તેમાં જે કાર્ય કરનાર એક રૂપ થાય છે એવું બતાવેલું છે તે આ રૂપો છે. તે માનસિક સૂક્ષ્મ મૂર્તિ સૂક્ષ્મ પ્રદેશમાં વિચરે છે પણ પોતાના પેદા કરનાર સાથે પોતાનો સંબંધ નિરંતર રાખે જાય છે તેથી તેના કાર્યનો પ્રત્યાઘાત તેના પૂર્વની માનસિક મૂર્તિ ઉપર થયા કરેછે એટલુંજ નહિ પણ બીજાં રૂપ ઉપર પણ થાય છે. તેના આયુષ્યની મર્યાદા પ્રથમ કહેવામાં આવ્યું છે તેમ આસપાસના સંયોગો ઉપર આધાર રાખે છે. પરંતુ એટલું ધ્યાનમાં રાખવા જેવું છે કે કદાપિ એવું રૂપ નાશ પામે તો પણ જે પ્રથમ માનસિક મૂર્તિ-જેમાંથી તે પેદા થાય છે, તેના અસ્તિત્વને તેથી અસર થતી નથી. એ મૂર્તિ ટકી રહે છે અને અનુકૂળ વિચારનો આઘાત પડતાં પુનરપિ સૂક્ષ્મરૂપ ઉત્પન્ન કરે છે. એ સંબંધે એટલી વાત સમજવા જેવી છે કે પ્રત્યેક શબ્દનો ઉચ્ચાર થાય છે તેનાં નવાં નવાં રૂપ થાય છે.

અદ્યાપિ પર્યંત માનસિક–મૂર્તિનું કાર્ય તેના પ્રદેશથી ઉતરતા–સ્થૂલ થતા પ્રદેશમાં પસરે છે તે વિશેષ કહેવામાં આવ્યું પણ તેની સાથે એ પણ સમજવું અવશ્યનું છે કે તેથી ઉપરના એટલે તેનાથી સૂક્ષ્મતર પ્રદેશમાં પણ તે કાર્યનું પરિણામ જણાય છે. જેમ સ્થૂલ પ્રદેશમાં તેને અનુકૂલ રૂપો પેદા થાય છે. તેમ સૂક્ષ્મ પ્રદેશમાં તેને અનુકૂલ રૂપો પેદા થાય છે. એ રૂપોનું વર્ણન કરવું મુશ્કેલ છે. કારણ કે રૂપ શબ્દથી આપણને જેવો આભાસ થાય છે તેવાં તે નથી. એ પ્રદેશની પ્રકૃતિ અતિ સૂક્ષ્મ છે કારણ કે શબ્દ બ્રહ્મમાંથી ઉત્પન્ન થએલી તે પ્રથમની પ્રકૃતિ છે. સૂક્ષ્મતમ રૂપોનો ભંડાર આકાશ છે. તેમાં બ્રહ્માના મનમાં ઉત્પન્ન થએલા અસંખ્ય વિચારોમાંથી જેમ જગતમાં રૂપ ધારણ કરવા યોગ્ય અમુક વિચારોના સમુદ્ર વર્ણાં કરે છે એવીજ રીતે જગતમાં એવાં રૂપોથી ઉત્પન્ન થએલી ગતિ બ્રહ્માના મન પર્યંત પોહોંચે છે. પ્રત્યેક જ્ઞાનવાન શક્તિવાળા વિચાર, કામનાવાળી વાસના જેમાં પ્રધાન છે તેવાં સત્વો ઇત્યાદિ, હરેક પ્રકારના પ્રદેશમાં નિવાસ કરવાવાળાં ભિન્ન ભિન્ન પંક્તિનાં રૂપો એ ગતિ ઉત્પન્ન કરે છે. તેને લીધે જે જે કાંઇ બને છે તેની પ્રતિમા ચોકસરૂપો ધારણ કરે છે. તે ત્યાં સુધી પોહોંચે છે. આપણી સ્થૂળ દૃષ્ટિએ એ પ્રતિમા અરૂપ લાગે છે પરંતુ અતિ ઉચ્ચ આત્મ

વૃત્તિમય બુદ્ધિવાનની દૃષ્ટિએ તે રૂપો આવે છે. એ આકાશિ મૂર્તિઓ કાલાંતર પર્યંત રહે છે. અને તે કર્મની ખાતાવહી ખરેખરી છે. લિપિકાર–ચિત્રગુપ્ત–ની તે નોંધ વહી છે. અને જેઓનાં જ્ઞાન ચક્ષુ ઉઘડી ગયાં હોય છે તેઓ એ વહીઓ વાંચવા શક્તિવાન છે. મૅજીક લેન્ટર્ન યાને જાદુઈ ફાનસના ખેલમાં જેમ પાનાં ઉપર ચિત્રેલો છબી પડદા ઉપર પાડવાથી તે ચિત્રનો વિષય સ્પષ્ટ જોવામાં આવે છે એવી રીતે જેઓ એકાગ્ર ચિત્ત કરી શકે છે તેઓ આ આકાશિ મૂર્તિઓને આકાશની સૂક્ષ્મ પ્રકૃતિ રૂપ પડદા ઉપર સ્પષ્ટ પાડી દેખાડે છે, અને તેવી રીતે કાલાંતર ઉપર બનેલા બનાવોને જાણે તે વખતે જ બનતા હોય એમ તાદૃશ્ય દૃષ્ટિ સમીપ સ્થિત કરે છે. કેમકે આકાશિ નોંધવહીમાં તે એક વખતે છપાયા એટલે સદા કાળ માટે રહે છે અને તેના કોઈ પણ પાનામાંની છબી સૂક્ષ્મ પ્રદેશની પ્રકૃતિ ઉપર ઉતારી મહાત્મા તે કાલમાં જાણે પોતે જીવતા હોય તેમ તેનો અનુભવ કરે છે. આ સઘળું વર્ણન કરવામાં આવ્યું છે તે અગર જો કે વાંચનારના મનમાં સંપૂર્ણ રીતે ચિતાર ખડો કરવા માટે જોઈએ તેવું સ્પષ્ટ કદાપિ હશે નહી તો પણ કર્મનાં મૂળ (કારણ) કયાં અને કેમ રહેલાંછે તેનો કાંઈક ખ્યાલ આવશે. જીવે પેદા કરેલ માનસિક મૂર્તિ આકાશમાં આલેખાઈ રહેછે અને તે જીવની સાથે નિરંતર સંબંધ રાખ્યા કરે છે. તેમાંથી સૂક્ષ્મ પ્રકૃતિવાળી મૂર્તિ થાય છે તે સત્વ સંયુક્ત થાય છે એટલે રૂપ ધારણ કરેછે. ત્યારથી તે કાર્ય કરવા તત્પર રહે છે અને સૂક્ષ્મ પ્રદેશમાં વિચરે છે. તે કાર્ય કરતાં ભિન્ન ભિન્ન અસંખ્ય પરિણામ ઉત્પન્ન કરેછે. તે સર્વની છાપો પડી રહે છે અને એવો સંબંધ જાળવી રાખે છે કે તે સંબંધ શોધવા ધારીએ તો જણાઈ શકેછે. એ સંબંધના તાતણા જેમ કરોળીઓ પોતાના શરીરમાંથી તંતુ કાહાડેછે તેમ એ મૂર્તિએ પોતાની પ્રકૃતિમાંથી કાઢેલાં હોય છે. એને પોતપોતાના ખાસ રંગ ઉપરથી ઓળખી શકાય છે. એક અમુક પરિણામ આપણા જોવામાં આવે તે લાવવામાં ગમે તેટલા જુદા જુદા એવા તાંતણા સંયુકત મળેલા હોય તો પણ તે પ્રત્યેક તાંતણા ઉપરથી જે મૂળ મૂર્તિમાંથી તે નીકળેલો હોય છે તે શોધી શકાયછે અને તેના ઉપરથી જે જીવે તે પેદા કરી તે પણ જણાય છે. આપણી અપૂર્ણ ભાષા છતાં અને આપણી સ્થૂલ સંસારબદ્ધ સમજ છતાં કર્મનો નિયમ પ્રવર્તાવનાર કોણ છે અને કેવી રીતે તે વર્તે છે તથા પ્રત્યેક જીવની પોતાની સત્તામાં તે કેવી રીતે રહેલો છે તે ટુંકામાં બતાવવા પ્રયત્ન કરેલો છે. વળી વિશેષ એ પણ જણાવવામાં આવ્યું છે કે માનસિક મૂર્તિઓ પ્રથમ પેદા કરવાની સત્તા પૂરેપૂરી પ્રત્યેક જીવમાં રહે છે, અને એ મૂર્તિઓના કાર્યમાં બીજા તંતુઓ સામેલ થઈ તેના પરિણામમાં જે થોડી વા ઘણી અસર થાય

તેને માટે પણ થોડી ઘણી જવાબદારી એ જીવને રહેલી છે. એ સઘળાં ઉપરથી સહજ સમજવામાં આવશે કે કર્મ બાંધવામાં તેમજ ભોગવવામાં હેતુ ઉપર સર્વ કરતાં વિશેષ આધાર છે, અને ક્રિયા તેમાં ઉતરતી પંક્તિની શક્તિ ધરાવે છે. જેવું મૂલ કર્મનું બંધારણ હોય છે તેના પ્રમાણે તે ભિન્ન ભિન્ન પ્રદેશમાં પોતાનું કાર્ય કરે છે, છતાં સર્વ પ્રદેશમાં તેના એકના એક તંતુઓ હોવાથી એક બીજા સાથે સંબંધ જાળવી રાખે છે.

કર્મનો નિયમ કારણ—કાર્યના સંબંધનું ઘણું યોગ્ય દૃષ્ટાંત છે. કર્મને પ્રથમ કારણ રૂપ કરવામાં જીવના કાર્યના પરિણામના ભિન્ન ભિન્ન ત્રણ પ્રકારના વિભાગ કરી બતાવવાથી તે યથાસ્થિત સમજવામાં આવશે. એક જન્માંતરમાં નીચે પ્રમાણે એક મનુષ્યનું કાર્ય થાય છે:—

ભૂમિકા	પ્રકૃતિ	કાર્ય
ઇશ્વર ભાવ	આકાશ	આકાશિ મૂર્તિઓ ઉત્પન્ન થાયછે અને કર્મની વહીઓ લખાયછે.
જીવ ભાવ	—સૂક્ષ્મતર	માનસિક મૂર્તિ ઉત્પન્ન થઈ મનમાં રહેછે.
	—સૂક્ષ્મ	પ્રકૃતિ વેષ્ટિત માનસિક મૂર્તિઓ કાર્ય કરવા લાયક રૂપે આ ભૂમિકામાં વિચરે છે.

આ સર્વનું પરિણામ જોઇશું તો મનુષ્યનાં વલન, સમજ શક્તિ, કાર્ય કરવાની શક્તિ, કાર્ય કરવાના સંયોગો, અન્ય સંયોગો ઇત્યાદિ છે. એ પુનર્જન્મો થાય છે ત્યારે પ્રદર્શિત થાય છે, અને નિયમ પૂર્વક પોતાનાં અમુક અમુક કાર્યો કરે જાય છે. આ તો કર્મના નિયમનું સામાન્ય ધોરણ વર્ણવ્યું; હવે તેની વિગતની હકીકત દર્શાવવી એ અવશ્યનું છે.

એ વિગત સમજવા માટે એટલી વાત ધ્યાનમાં રાખવાની છે કે મનુષ્યમાં જે જીવ કર્મનો બાંધનાર છે તે કાલે કરી જેમ જેમ પોતાના વ્યવહારમાં કાર્ય કરતો જાય છે તેમ તેમ વૃદ્ધિ પામતો જાય છે. તેનાં જ્ઞાન અને શક્તિ પણ તે પ્રમાણે વૃદ્ધિ પામે છે. આંહીં એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે ઉત્તમ અને અધોમન મૂલે એકજ છે. આપણે તેનાં ભિન્ન ભિન્ન કાર્યની યથાર્થ સમજ પડે માટે એ વિભાગ પાડીએ છીએ. પણ સ્વભાવે મૂલમાં તેની ઐક્યતા તેથી મટી જતી નથી. ઉત્તમ મન ઇશ્વર ભાવ ભૂમિકામાં પોતાનું કાર્ય કરે છે. અને પોતાની પૂર્વે થઈ ગએલ સ્થિતિનું તેને સંપૂર્ણ ભાન રહે છે. અધોમન જીવભાવ સૂક્ષ્મ ભૂમિકામાં પોતાનું કાર્ય કરે છે અને સૂક્ષ્મ પ્રકૃતિનું આવરણ તેના ઉપર ચઢી ગએલું હોય છે. કામ તેનો નેતા છે એટલે કામના પ્રમાણે તેનાં કાર્ય થાય છે. સૂક્ષ્મ પ્રકૃતિનું આવરણ હોવાથી ઘણે અંશે એ પડદો તેને સ્પષ્ટ દેખવા દેતો નથી. એટલે મનનું જે યથાર્થ ભાન હોવું જોઇએ તેમાંથી માત્ર

થોડે અંશે તેનામાં તે રહી શકે છે. સામાન્ય મનુષ્યોને દુનીઆમાં જે કેટલાક વિશેષ અનુભવનું ભાન થઈ આવે છે તેટલો અંશ તેમના નિર્મલ ભાનનો છે. જનસમૂહને સંબંધે સામાન્ય રીતે કહીએ તો અધોમન એ મનુષ્યમાં જે અહંતા છે તે છે તેને અધ્યાત્મ વાદી મનુષ્ય, વ્યક્તિ, જીવ કહે છે. અંતરની સ્ફૂરણા જેને બગર સમજે લોકો ઈશ્વરી સ્ફુરણા કહે છે તેમજ અલૌકિક વાત માને છે તે વાસ્તવિક જોતાં એવાં મનુષ્યના ઉત્તમ મનની સ્ફુરણા છે. એવી સ્ફુરણાની આજ્ઞાનુસાર વર્તન કરવાની આવશ્યકતા લોકો સમજે છે એ તેથી કરી યથાર્થ છે. તેના ખરા કારણની તેઓને ખબર નથી તેથી કાંઈ તેમાં ફેર પડતો નથી, પણ જેઓ આ વિષયના અભ્યાસકો છે તેઓએ તો અવશ્ય કરી માનવું જોઇએ કે ઉત્તમ અને અધોમન મૂલમાં એક છે. જેમ સૂર્યમાંથી નિકળેલું કિરણ સૂર્યથી ભિન્ન થઈ શકતું નથી તેમ એ મન પણ ભિન્ન થઈ શકતાં નથી. ઈશ્વર ભાવનાની ભૂમિકામાં સૂર્યની પેઠે ઉત્તમ મન સર્વદા પ્રકાશે છે અને તેમાંથી નિકળેલાં કિરણની પેઠે અધોમન જીવભાવ ભૂમિકામાં પ્રવેશ કરે છે. આ બેને તેઓનાં કાર્ય પરત્વે ભિન્ન ગણીએ તો તે જુદી વાત છે પણ તેઓ પૃથક્ પૃથક્ છે એમ જો માનીએ તો કેવળ ગુંચવણ પેદા થાય અને કશી સ્પષ્ટ સમજ પડે નહીં.

વ્યક્ત જીવ વૃદ્ધિ પામે છે એ આગળ કહેવામાં આવ્યું છે. સૂર્ય-રૂપી મનમાંથી પડેલું કિરણ જેમ કોઈ માણસ પાણીમાંથી કોઈ વસ્તુ લેવા તેમાં હાથ નાખી તે વસ્તુ હાથમાં લેઈ હાથ પાછો ઉપર ખેંચી લે છે તેવા પ્રકારનું છે. એવી રીતે નાખેલા હાથે કરી લીધેલી વસ્તુઓના મૂલ્ય ઉપર જીવની વૃદ્ધિનો આધાર છે. જ્યાં સુધી એ કિરણ જીવ-ભાવ ભૂમિકા ઉપર કાર્ય કરે છે તેટલા સમયમાં જે કાંઈ અનુભવો પ્રાપ્ત થાય છે તેના પ્રમાણમાં તેનો લાભ ગણાય છે. સ્થૂલ દૃષ્ટાંતથી સમજવા ધારીએ તો એ કિરણ એક મજુર સરખું છે. તે એક ખેતરમાં મજુરી કરવા જાયછે, ટાહાડ-વર્ષાદમાં મેહેનત કરે છે અને રાત્રી પડતાં ઘેર પાછો આવે છે; પરંતુ એ મજુર માત્ર રોજદાર નથી. ખેતરનો ધણી પણ પોતે જ છે. એટલે પોતાના સઘળા શ્રમથી પેદા કરેલ પાક તેના પોતાના કોઠારમાં ભરવાનો છે, અને તે સઘળી દોલત તેની પોતાની થવાની છે. એવી રીતે એક જીવ—વ્યક્તિએ ઉત્તરોત્તર લાભ પ્રાપ્ત કર્યો હોય છે તે પ્રમાણે તે જીવ દુનીઆમાં આવે છે અને આ સંસારમાં પૂર્વે થઈ ગએલા અવતારોમાં એ જીવ—વ્યક્તિ જેટલે અંશે આગળ વધેલ હોય છે તે પ્રમાણે તેનું સ્વરૂપ પ્રદર્શિત થાય છે. આટલી વાત જો યથાર્થ સમજવામાં આવે કે એક અવતારમાં દેહી પોતે જન્માંતરનાં કર્મનો વારસો લેઈ અવતરનાર છે તો તેને જે કાંઈ અનિષ્ટ ભોગવવું પડે છે તે પોતાને માથે અન્યાય થાય છે એમ

સમજે છે તે સમજ દૂર થશે; અને તેનું વાસ્તવિક કારણ સમજાશે કે જે કર્મ બાંધનાર છે તેજ ભોગવનાર છે. જેણે વાવ્યું છે તે લણે છે. માત્ર એટલોજ ફેર છે કે વાવણી કરતી વખતે જે વસ્ત્રો પેહેરેલાં હતાં તે જીર્ણ થવાથી તેનો ત્યાગ કરી નવાં વસ્ત્રો પેહેરેલાં છે. જીવ—વ્યક્તિનાં સૂક્ષ્મ વસ્ત્ર પણ ફાટી તૂટી નિકળી ગયાં છે. એટલે લણવા વખત તો નવાંજ વસ્ત્ર ધારણ કરેલાં હોય છે. પરંતુ તેથી વાવનાર લણનાર એકજ છે એ વાતમાં કાંઈ ફેર પડતો નથી. જો વાવેતર સારૂં નહીં થયું હોય અને જે વસ્તુનું વાવેતર કર્યું તે કનિષ્ટ પ્રકારની હોય તો લણવા વખત સારા પાકની આશા કરવી એ વૃથા છે એ સમજવું તો સેહેલ છે.

જીવ વ્યક્તિની વૃદ્ધિના આરંભ કાલમાં તેની વૃદ્ધિ બહુ મંદ મંદ થાય છે. તે સમયે સ્થૂળ ભૂમિકાનાં આકર્ષણથી ખેંચાઈ અહીં તહિં ગોથાં ખાયછે. તે વખતે જે માનસિક મૂર્તિઓ પેદા કરે છે તે માત્ર વૃત્તિ રૂપ હોવાથી શક્તિમાં બહુ જોરદાર હોય છે પણ તેનું આયુષ્ બહુ ટુંકું હોય છે તેથી તેની અસર લાંબા કાળ સુધી પહોંચતી નથી. એ મૂર્તિઓ પેદા કરવામાં જેમ જેમ મન વિશેષ ભાગ લેતું જાય છે તેમ તેમ તે મૂર્તિઓ સુદૃઢ થતી જાય છે. એકાગ્ર ચિત્તથી ધ્યાન પૂર્વક એક વિચાર કરવામાં આવે તો તેની મૂર્તિઓ બહુ સ્પષ્ટ આકૃતિવાળી થાય છે અને તેના પ્રમાણમાં સૂક્ષ્મ—રૂપ જોરદાર અને સુદૃઢ થાય છે. એવી મૂર્તિઓને લીધે એક જન્મમાં તેનું પરિણામ પણ સ્પષ્ટ જણાય છે. મન પણ એ વિચાર ઉપર ફરી ફરીને ઢળે છે અને તેવાજ પ્રકારના વિચાર સતત આવ્યાં કરે છે. માનસિક જગત્‌માં એવી માનસિક મૂર્તિ સદા પોતાની સત્તા ચલાવે છે અને જીવની શક્તિ માત્ર વિશેષે કરી તેને આધિન થઈ વર્તે છે.

આ માનસિક મૂર્તિઓ સામાન્ય રીતે કર્મનાં બંધન બાંધવામાં કેમ કારણભૂત થાય છે તે હવે જોવાનું છે. એક અમુક અવતારમાં મનુષ્ય એવી અસંખ્ય મૂર્તિઓ પેદા કરે છે. તેમાં કેટલીક બળવાન્ અને સ્પષ્ટ હોય છે, અને વારંવાર મનોવિકારના વહેવાથી તેનું પોષણ થાય છે. વળી કેટલીક નિર્બળ, સહજમાં પેદા કરેલી અને અસ્પષ્ટ હોવાથી મન તેના ઉપર બહુ અસર કરતું નથી. એટલે તે મનથી જાણે છુટી પડી ગઈ હોય એવી સ્થિતિમાં આવી જાય છે. જ્યાં મરણ સમય આવે છે ત્યાં જીવની પોતાની પેદા કરેલી લાખો માનસિક મૂર્તિઓ થઈ જાય છે. તેઓની સ્પષ્ટતા—સુદૃઢતા—વર્તન ઈત્યાદિ અનેક ભિન્ન ભિન્ન પ્રકારનાં હોય છે. કેટલીક મૂર્તિઓ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાના વિચારથી થએલી હોય છે, કેટલીક જ્ઞાન પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં થ-

એવી હોય છે, કેટલીક સાધુ વૃત્તિથી વર્તન કરવાના વિચારથી થઈ હોય છે, તેમજ કેટલીક સ્થૂલ બુદ્ધિની વૃદ્ધિ માટે થએલી હોય છે, કેટલીક વિચારના ઉચ્ચ ઉદ્દ્ગારથી થએલી હોય છે, કેટલીક ગાઢ અભ્યાસના પરિણામથી થએલી હોય છે, વળી કેટલીક મનોવિકારથી અને કેટલીક વિષયાસક્તિથી થએલી હોય છે, કેટલીક પ્રેમ, દયા, કોમળતા, સેવા ભાવ, ક્રોધ, લોભ, મદ, લાલસા ઈત્યાદિથી થએલી હોય છે, કેટલીક સ્થૂલ ઇંદ્રિઓ તૃપ્ત કરવા માટે થઈ હોય છે, કોઈ જરા પણ તૃષ્ણા દબાઈ શકી હોય નહીં એવે સમયે થએલી હોય છે; એવી મૂર્તિ થવામાં અત્યાહાર કરવાની, મદિરાપાન કરવાની, અને સ્ત્રી વિષયભોગ કરવાની ઈચ્છા પ્રબલ દેખાય છે. પ્રત્યેક જીવની પેદા કરેલી મુર્તિઓ ઉપર વર્ણવી તેવી અનેક હોય છે અને તેઓ એ જીવની સાથે વિંટાએલી રહે છે. ગમે તેવો ઉતાવળો વિચાર એક વખત આવ્યો હોય પણ તેની મૂર્તિ પડ્યા વિના રહેતી નથી. સૂક્ષ્મ રૂપ ધારણ કરેલી એવી મૂર્તિઓ વખતે નાશ પામે છે, અથવા એવી પણ વખતે થાય છે કે જે થોડો કાલ રહી, બલકે થોડી ક્ષણ રહી, જતી રહે છે, પણ માનસિક–મૂર્તિ મૂલમાં જે થઈ હોયછે તે જીવ સંગાતે રહે છે, તેમાંથી એક પણ ઓછી થતી નથી. જ્યારે જીવ સ્થૂલ દેહનો ત્યાગ કરી મરણોત્તર સૂક્ષ્મ ભૂમિકામાં પ્રવેશ કરે છે ત્યારે એ માનસિક મૂર્તિઓ તેની સાથે જાય છે.

કામ લોક જે કહેવાય છે તેના ઘણા વિભાગ છે. મરણ પછી તત્કાલ તો જીવ કામ–રૂપથી સંપૂર્ણ વેષ્ટિત હોય છે તેથી કામ–મનની પેદા કરેલી મૂર્તિઓ–જેનો ભાવ પશુવૃત્તિ તૃપ્ત કરવાનો છે તેવી–સૂક્ષ્મ ભૂમિકાના નીચ પ્રદેશમાં બહુ બલવાન હોય છે. જે જીવ સારાં કર્મ બાંધી ગયો નથી હોતો તે આ મૂર્તિઓને આધીન થઇ જાય છે અને તે જેમ દોરે છે તેમ દોરાઈ કાર્ય કરે છે. એથી કરી તે ફરી જ્યારે આ દુનીઆમાં અવતરે છે ત્યારે તેવાં કાર્ય કરવા તત્પર રહે છે. જેણે વિષયાસક્તિ તૃપ્ત કરવાના વિચારોમાં નિમગ્ન રહી તેવી માનસિક મૂર્તિઓ પેદા કરી હશે તે તેવી ઈચ્છાઓ તૃપ્ત થાય એવા સંયોગોમાં જન્મ પામશે એટલુંજ નહીં પણ તેના મનમાં જાણે તેવાં કાર્ય થયાં કરે છે એવા વિચાર સદા આવ્યા કરશે. આમ થવાથી તેનો સ્વભાવ વધારે વધારે એવી વૃત્તિ તરફ ઢળતો જશે અને હમેશાં તેવાં પાપો કરવા માટે ભવિષ્યમાં તે દોરાશે. જેવી રીતે એક પ્રકારના ઇંદ્રિયભોગને માટે આ જણાવ્યું છે તેવી રીતે સર્વ ઇંદ્રિઓના સંબંધના જુદા જુદા ભોગ માટે સમજી લેવું, અને તેવી જ રીતે કામ લોકના સૂક્ષ્મ થતા જતાં બીજા વિભાગો તથા તેને અનુકૂળ મૂર્તિઓ માટે પણ સમજવાનું છે. જેમ જેમ જીવ વધારે સૂક્ષ્મ પ્રકૃતિવાળા

પ્રદેશમાં ચઢતો જાય છે તેમ તેમ જે મૂર્તિઓ તેનાથી જ્યારે સ્થુળ પ્રકૃતિ-વાળી હોય છે તે તેનાં પ્રાકૃતિક તત્ત્વોનો ત્યાગ કરતી જાય છે, અને જીવના અંતર્ગોળમાં અદૃશ્ય થઈ રહે છે. મેડામ બ્લાવાટ્સ્કી આ સ્થિતિને પ્રકૃતિ રહિત સ્થિતિ કહે છે, તેનું અસ્તિત્ત્વ છે પરંતુ પ્રકૃતિની એ સ્થિતિમા તેઓ કાંઈ કરવા અશક્ત છે. સ્વર્ગ લોક અથવા દેવસ્થાન તરફ જેમ જેમ જીવ જતો જાય છે તેમ તેમ તેનું કામરૂપ ખોળીઉં નિર્મલ થતું જાય છે. તેમાંનાં સ્થૂલ તત્ત્વો છુટાં પડતાં જાય છે અને એકેકું ખોળીયું ઉતરતું જાય છે તેમ તેમ તેનાં તત્વો વિખેરાઈ જાય છે એમ કરતાં કરતાં અંતે છેવટનું ખોળીયું નિ-કળ્યું કે શુદ્ધ કિરણ કોઈ પણ પ્રકારના સૂક્ષ્મતમ પરિવેષ્ટનથી મુક્ત થઈ જાય છે. અને ઉચ્ચ ત્રિપુટી, જેમાંથી પ્રથમ તે નીકળ્યું હોય છે તે સાથે મળી જાય છે. એ પ્રમાણે કેટલોક કાલ રહેતાં પુનર્જન્મનો સમય આવે છે અને જ્યારે તે જીવ પાછો આ સંસારમાં અવતરવાનો થાય છે ત્યારે જે માનસિક મૂર્તિઓ અદ્યાપિ પર્યંત અદૃશ્ય રહેલી હોય છે તે જાગ્રત થઈ આગળ વધવા માંડે છે, અને પ્રકૃતિના પ્રદેશમાં થઈ જતાં ભિન્ન ભિન્ન પ્રકારની થઈ જાય છે. ત્યાંથી પોતપોતાને અનુકૂળ કામ પ્રકૃતિને આકર્ષણ કરી તે ધારણ કરતી જાય છે, અને તેઓ સૂક્ષ્મ પ્રદેશમાં પોતાની ક્રિયા પાછી ચાલુ કરવા શક્તિવાન થાય છે. નવો જન્મ ધારણ કરવા પર્યંત શરીરના કામ રૂપમાં આ મૂર્તિઓ તૃષ્ણા, વિષય ભોગેચ્છા, અને અધમ પ્રકારના મનોવિકાર થઈ રહે છે.

આ માનસિક મૂર્તિઓ વિષે આ સ્થળે એટલું સહજ જણાવવું જોઇએ કે એ જીવ પૂર્વ જન્મમાં જ્યારે મરણ પામેલો હોય છે ત્યારે મરણ પછી કાં-ઇક કાલ સુધી તે મૂર્તિઓ એ જીવને બહુ દુઃખ દેછે. વહેમને લીધે એમ ક-હેવામાં આવે છે કે આ રૂપ ખરાં નથી તો પણ તેની છબીઓ દેખાવ દેઈ જીવને ત્રાસ ઉપજાવે છે, અને પીડા કરે છે; પરંતુ તેમ કરતાં કરતાં પણ ઉપર જે વર્ણન કરવામાં આવ્યું તેવી વિધિ થયાં કરે છે અને વિષય ભોગ તૃષ્ણાના વિચારોથી ઉત્પન્ન થએલ મૂર્તિઓ જ્યારે જીવ પુનર્જન્મ પામવા આવે છે ત્યારે પોતાની ક્રિયા આરંભવા તત્પર થઈ જાય છે. " ઍસ્ટ્રલ પ્લેન " યાને " સૂક્ષ્મ ભૂમિકા " નો કર્તા લખે છે કે બ્રહ્માંડના કર્મ દેવતા યાને લિવિકાર (ચિત્ર ગુપ્ત) પ્રત્યેક દેહીના મરણ પામ્યા પછી તેના જીવ સાથેનાં કામત-ત્વો કામ લોકમાં છેવટ છુટાં પડી જાય છે ત્યારે તેના કર્મની તુલના કરે છે, અને કર્માનુસાર લિંગ શરીર ઘડે છે, અને જીવ પોતાના પુનર્જન્મ સમયે તે ધારણ કરે છે.

જીવ સ્થૂલ તત્વોમાંથી તે વખતે મુક્ત થયા પછી દેવસ્થાન યાને સ્વર્ગ લોકમાં પ્રવેશ કરે છે અને પોતે પેદા કરેલ માનસિક મૂર્તિઓમાંથી એ લોકમાં લેઈ જવા લાયક નિર્મલ જેટલી હોય છે તેના પ્રમાણમાં ત્યાં તેમો નિવાસ થાય છે. આ લોકમાં પોતે પૃથ્વિ ઉપર જેટલા ઉચ્ચ પ્રયત્નો અને કાર્ય કર્યાં હોય છે તે તેની દૃષ્ટિએ આવે છે. ગમે તેવો સહજ અથવા ક્ષણિક પ્રયત્ન હોય તો પણ તે આ લોકમાં આવ્યા વિના રહેતો નથી. એવા પ્રયત્ન ઉપર પોતાના ભવિષ્યના અવતારમાં ઉપયોગી થાય એવી રીતે તે ક્રિયા કરી તેની વ્યવસ્થા કરે છે.

દેવસ્થાન યાને સ્વર્ગ લોકમાં જે કાંઈ જીવ સાથે જાય છે તેની તે એ લોકમાં સ્થિતિ પ્રમાણે ઉપયોગી થાય તેવી રીતે વ્યવસ્થા કરે છે. પૃથ્વિ ઉપર જે જે અનુભવોનો સંગ્રહ કરેલો હોય છે તેની જીવ પોતાને ઉપયોગી થાય તેવી રચના કરે છે અને જીવ વ્યક્તિની વૃદ્ધિમાં તે સાધનભૂત થાય છે. ઉપર કહેવામાં આવ્યું છે તેમ એ વૃદ્ધિનો મુખ્ય આધાર પૂર્વે ઉત્પન્ન કરેલ માનસિક મૂર્તિઓ ઉપર છે. યોગ્ય મૂર્તિઓ વિશેષ હોય તો તે પ્રમાણે તેમો યોગ્ય ઉપયોગ થઈ શકે તેવી રીતે તેને નિશ્ચલ કરી રાખે છે. અને પોતે એકાગ્ર ચિત્ત વૃત્તિવાળું મન કરેલું હોય છે તેમાં તેને રાખે છે. ત્યાં તે અમુક મન શક્તિ રૂપે રહે છે અને યોગ્ય સમયે સ્ફુરે છે. દૃષ્ટાંત લઈએ કે એક મનુષ્ય પોતાના પૃથ્વિ ઉપરના એક અવતારમાં જ્ઞાન પ્રાપ્ત કરવાને તથા ઉચ્ચ અને સૂક્ષ્મ વિષય સમજવાને ઉત્કંઠા રાખી તેવી મૂર્તિઓ ઉત્પન્ન કરે છે તે મનુષ્યનો જીવ સ્થૂળ શરીરથી છુટો થાય છે તે વખતે સમગ્ર મૂર્તિઓ જોતાં સામાન્ય પ્રકારની છે; પરંતુ જેવો તે દેવસ્થાન યાને સ્વર્ગ લોકમાં જાયછે તેવો ઉપર જણાવેલી તેની ઉત્પન્ન કરેલી મૂર્તિઓને તે કામે લગાડવાની ગોઠવણમાં પડે છે. તેને અનુકૂલ શક્તિ તેમાંથી ઘડે છે એટલે જ્યારે તે જીવનો પૃથ્વિ ઉપર પુનર્જન્મ થાય છે ત્યારે પૂર્વજન્મમાં એ વિષય પરત્વે જે મનશક્તિ હતી તેના કરતાં વધારે સારી શક્તિવાળું મન તેનું થાય છે. સમજ શક્તિ પણ વધેલી હોય છે, અને પૂર્વ જન્મમાં જે વિષય સમજવાની તેની શક્તિ નહીં હતી તે હવે બહુજ સરલતાથી તેની સમજમાં ઉતરે છે. માનસિક મૂર્તિઓને જ્યારે આવી રીતે ઉપયોગમાં લેવામાં આવે છે ત્યારે તે માનસિક મૂર્તિ રહેતી નથી પણ તે કાર્ય કરવા લાયક શક્તિ થવાથી આકાશી મૂર્તિ થાય છે. એટલે જો એ મૂર્તિ જીવને ફરી જોવી હોય તો જ્યાં કર્મના લેખ લખાએલા રહે છે ત્યાં તે મળી શકે છે. એક વખતે જે માત્ર માનસિક મૂર્તિ હતી તે હવે જીવે ઉપયોગમાં લીધી એટલે તેનું રૂપાંતર થઈ તે જીવની શક્તિરૂપ થાય છે અને

જીવના સ્વભાવનો એક ભાગ બને છે. આ ઉપરથી તાત્પર્ય એટલું નિકળે છે કે જો કોઈ માણસને આ અવતારમાં પોતાનામાં જે મન શક્તિ છે તેના કરતાં વિશેષ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો તે પ્રાપ્ત કરવાની ચિત્ત પૂર્વક ઇચ્છા રાખવાથી તે બની શકે છે. સર્વદા એની ધારણા કર્યા કરવી જોઇએ; કારણકે જે ઇચ્છા અને ઉત્કંઠા એક અવતારમાં હોય છે તે બીજા અવતારમાં મન.શક્તિ થાય છે. તેવીજ રીતે કોઇપણ કાર્ય સાધવાની ઉગ્ર ઇચ્છા તે કાર્ય સાધવાની શક્તિ આણે છે. પણ તેની સાથે એટલી વાત ધ્યાનમાં રાખવાની છે કે જેટલાં સાધન જીવને મળી શકે છે તે પ્રમાણે તે શક્તિ ઉત્પન્ન કરી શકે છે. સાધન વિના ઉત્પત્તિ નથી. માટે જીવ જ્યારે આ દુનિયામાં હોય ત્યારે તેણે ઇચ્છા અને ઉત્કંઠાનાં બીજ વાવ્યાં હોય નહીં તો દેવસ્થાન યાને સ્વર્ગ લોકમાં તેને રચવાનું કાંઈ મળતું નથી.

સંપૂર્ણ. ઉત્કંઠા રાખ્યા વિના જો એક વિષય પરત્વે વિચાર કરતાં માનસિક મૂર્તિઓ પેદા કરેલી હોય છે અને પોતાની શક્તિ ઉપરાંત સાધવાનું મન કર્યા કર્યું હોય છે તો તેથી માત્ર મનનું તેવું વળણ બંધાય છે, જેથી મનના વિચારો પુનર્જન્મમાં તે માર્ગ ઉપર સરલતાથી અને સહજમાં ચઢી જાય છે. એટલા માટે મનને નિર્માલ્ય વિષય ઉપર કાંઈ પણ ધારણા બાંધી ભટકવા નહીં દેવું એ અવશ્યનું છે. નહી તો તેમ કરવાથી નિરર્થક નિર્માલ્ય માનસિક મૂર્તિઓ પેદા થાય છે અને મનમાં તે નિવાસ કરે છે. તેઓ ત્યાંની ત્યાં રહેશે અને મનને ભવિષ્યકાળમાં ભટકવાના માર્ગ બતાવવા જેટલું માત્ર કરશે. પણ તેથી કરી મન ઉચ્ચ વિચારો ઉપર નહીં જતાં જ્યાં સરલતાથી અને અનાયાસે જવાય તેવા પોતાને અનુકૂલ માર્ગમાં ગમન કરશે.

કોઈ પણ કાર્ય કરવાની ઇચ્છા યા વૃત્તિ થયા છતાં તે કરવામાં કાંઇ વિઘ્ન આવવાથી અથવા તેને માટે પોતે શક્તિમાન છતાં તક નહિં મળવાથી અથવા તેવું કાર્ય સાધવાને અનુકૂળ સંયોગો નહિં હોવાથી તે પાર પડે નહિં તો પણ તેની માનસિક મૂર્તિઓ થઇ રહેશે અને એ કાર્ય કરવામાં જો ઉચ્ચ અને પવિત્ર ભાવના હશે તો દેવસ્થાન યાને સ્વર્ગ લોકમાં તેની ઉપર, આગળ કહી ગયા તેવી ક્રિયા થશે; અને ફરી જ્યારે આ લોકમાં એ જીવ અવતરશે ત્યારે તે કાર્ય રૂપે પરિણામ પામશે. દૃષ્ટાંત કે કોઇને પરોપકાર કરવાની ઇચ્છા યા વૃત્તિ થઇ અને તેની માનસિક મૂર્તિ પેદા થઇ, કામ કરવાનું બની શક્યું નથી એટલે એ મૂર્તિ સ્વર્ગ લોકમાં જીવ સંગાતે ગઇ, ત્યાં એ કાર્ય માનસિક કરવામાં આવ્યું. ઘણા કાળ સુધી એ ક્રિયા થવાથી તેનું પ્રતિબિંબ પડે તેમ જીવ ઉપર તેની ઉંડી છાપ પડી ગઈ, ત્યાર પછી જીવ આ

લોકમાં ઉતર્યો. પેલી છાપ તે। સાથે લાવેલ છે, પણ તેનું સામર્થ્ય વધેલું છે એટલે તેને અનુકૂલ સંયોગ આવી મળે છે અને તત્કાલ મનમાં વિચાર રૂપે જ વૃત્તિ હોય છે તે કાર્ય રૂપે પ્રદર્શિત થાય છે; કારણુ કે સ્વર્ગ લોકમાં માનસિક કાર્ય રૂપે તે વિચાર અનુસાર ક્રિયા થયા કરતી હતી. એને। એ નિયમ મલિન ઇચ્છા અથવા વૃત્તિના વિચારોને પણુ એક સરખી રીતે લાગુ પડેછે. તેમાં માત્ર તફાવત એટલો છે કે તે મૂર્તિ મલિન હોવાથી સ્વર્ગ લોકમાં જીવ સંગાતે જઇ શકતી નથી એટલે ત્યાં તેના સંબંધે માનસિક ક્રિયા થતી નથી; પણુ જ્યારે જીવ આ લોકમાં અવતરવા પાછો ફરે છે ત્યારે તે મૂર્તિ જે અધાપિ પર્યંત પોતાના અનુકૂલ પ્રદેશમાં રહેલી હોય છે તે પાછી જીવને આવી મળે છે, અને તે લોકમાં એ વૃત્તિ અનુસાર જીવ ક્રિયા કરે છે. દૃષ્ટાંત કે, અતિ લોભ વૃત્તિ હોવાથી અહર્નિશ જેવા વિચાર થયાં કરે છે તદનુસાર માનસિક મૂર્તિઓ ઉત્પન્ન થાય છે. લોભ મલિન પ્રકારને। છે. જીવ એ મૂર્તિઓને સ્વર્ગમાં સાથે લેઇ જતો નથી પરંતુ તે નીચેના પ્રદેશમાં છોડતો જાય છે. પણુ જ્યારે પુનર્જન્મને માટે અવતરવા આવે છે ત્યારે એ લોકમાં આવતાં ત્યાં છોડેલી મૂર્તિએ તેને વળગે છે અને તેના પ્રત્યે માનસિક ક્રિયા શરૂ થાય છે. તેની છાપ પણુ એમ કરતાં ઉંડી પડે છે એટલે જ્યારે આ લોકમાં આવે છે ત્યારે તેને એવા સંયોગો પ્રાપ્ત થાય છે કે તે ચોરી કરવા માંડે છે. એ પ્રમાણે બને છે તે પૂર્વ કર્મને જ આધિન છે કેમકે કર્મનું કારણુ પૂર્વથીજ સંપૂર્ણ થઇ ચુક્યું છે. બીજ ઉગી છોડ થઇ ચુકયો છે, ફલ પણુ બેઠું છે, માત્ર પકવ થવા માટે જરૂર રહી છે. એટલે આ દુનિયામાં તેવોજ વિચાર એક વખત ફરીને આવ્યો કે તત્કાલ તે ફલ પાકી જાય છે; અર્થાત્ તેવું કૃત્ય કરવામાં આવે છે. હવે જો એકને એક પ્રકારનું કૃત્ય વારંવાર કરવામાં આવે તો તેની ગતિ એવી થાય છે કે તે કાર્ય સ્વચેષ્ટિત અથવા એક શીલ જેવું થઇ રહે છે. અનાયાસે કાર્ય થયાં જાય છે અને તેમ થવાના નિયમ માટે જોઇશું તો તે કાંઈ ઉપરની સૂક્ષ્મ ભૂમિકામાં થતી ક્રિયા અનુસાર બંધાય છે એમ જણાશે. સૂક્ષ્મ ભૂમિકામાં કોઇ પણુ કાર્ય વારંવાર કરવામાં આવે તો તે એક શીલ રૂપ કાર્ય થાય છે અને જ્યારે તે જીવ આ દુનીઆમાં અવતરે છે ત્યારે પ્રસંગ આવે તેવું જ કાર્ય અનાયાસે કરે છે. કોઇ કોઇ વખત ગુનાહ બને છે ત્યારે ગુનેહગારને એમ કહેતાં સાંભળવામાં આવે છે કે " મારા મનમાં પુરૂં આવ્યું નહીં ત્યાં તો થઇ ગયું." વળી વખતે એમ પણુ કહે છે કે " જો મેં એક ક્ષણુ પણુ એ વિશે વિચાર કર્યો હોત તો હું આવું કૃત્ય કરત નહીં." આવું બોલવાવાળો પોતે બોલે છે તેમાં જરા પણુ ખોટો નથી. કારણુ કે જે ક્ષણે તેને હાથે કૃત્ય બન્યું

તે ક્ષણે સારી પેઠે વિચાર કરી મનમાં નિશ્ચય કરી કૃત્ય કર્યું હોતું નથી. પૂર્વ કાલમાં જે વિચારો કરેલા અને જેનું આ પરિણામ આવ્યું તે વિશે તો પોતે કેવલ અજ્ઞાત છે. જ્યાં સુધી સ્થૂલ રૂપે કાર્ય પ્રદર્શિત થતું નથી ત્યાં સુધી પાણીમાં ગાળેલા કોઈ પદાર્થ સમાન એ કૃત્ય છે. જેમ એવા મિશ્રણને સ્થૂલરૂપ થવામાં કોઇ બીજા પદાર્થના એક કણની જરૂર છે તેમ આ કૃત્યને સ્થૂલ રૂપે પ્રદર્શિત થવામાં માત્ર એક વખત તેવો વિચાર આવવાની જરૂર છે. આટલે દરજ્જે પહોંચ્યા પછી મનુષ્યને એવાં કૃત્ય કરવાનું પોતાને સ્વાધિન નથી પણ એ કૃત્ય અનિવાર્ય થાય છે. કેમકે એવું કૃત્ય કરવાના વિચારમાંને વિચારમાં એટલી બધી દૃઢ માનસિક મૂર્તિ થઇ ગઇ છે કે તે કરવું યા નહીં એમ પસંદગીની તક તો ચાલી ગઇ હોય છે. એ તક તો જ્યારે પ્રથમ એવો વિચાર થવા માંડેલો હોય ત્યારે માત્ર હોય છે. સ્થૂળ ઈંદ્રિઓ, જ્ઞાન ઈંદ્રિઓને આધીન વરતે છે. એક જન્મની ઇચ્છા, તૃષ્ણા બીજા જન્મમાં કાર્ય રૂપે નિકળી આવે છે. ઇચ્છા કરી જાણે ઇશ્વર પાસે ઈષ્ટ માગી લીધું હોય તેમ તેને ઇચ્છાનુસાર કાર્ય કરવાની તક મળે છે.

એક જન્મમાં જીવ જે જે અનુભવ પ્રાપ્ત કરે છે અને તેનો સંગ્રહ સ્મરણ શક્તિથી કરી રાખે છે, તેની માનસિક મૂર્તિઓ તે જ જન્મનાં કર્મનો ખરેખરો લેખ છે. તેના ઉપર પણ જીવને શ્રમ લેવો પડે છે. તેને લક્ષમાં લેઇ તેનું મનન કરી તેનો અન્યોન્ય કેવા પ્રકારનો સંબંધ છે તેનું જ્ઞાન મેળવે છે અને આ જગતમાં જે મહત્ અથવા સર્વ વ્યાપક મન છે. તેના કાર્યમાં સહાય ભૂત થવા એ મૂર્તિઓ કેટલે અંશે ઉપયોગી થશે તે જુએ છે. ધીરજથી તેનું મનન કરી તેમાંથી જે કાંઇ શિક્ષણ અથવા સાર પ્રાપ્ત કરવાનો હોય છે તે કરે છે. સુખ તથા દુઃખ, સુખદાયક દુઃખ અને દુઃખદાયક સુખનો બોધ ત્યારે થાયછે અને કર્મના અભંગ નિયમને આધીન થવા વિના ચાલે તેવું નથી એવી તેમાંથી તેને શિખામણ મળે છે. તેવે સમયે વળી એ પણ તેના જાણવામાં આવે છે કે હાર જીત કેમ થઇ; કાર્ય સિદ્ધિ અને આશા ભંગ કેમ થયાં; નિષ્પ્રયોજન લાભ કેમ થયો; આશા છતાં પાર કેમ નહીં પડાણું; ખરે વખતે કેમ ટકાવ થયો નહીં; કલ્પિત જ્ઞાન એ વાસ્તવિક જોતાં કેવું અજ્ઞાન છે. જેને હાર માનવામાં આવે છે તેમાંથી સહનશીલતાથી કેમ જય મેલવ્યો; અને જેને જય માનવામાં આવેલો તે પ્રમાદને લીધે કેમ હારમાં ગણાઇ ગયો. આવી બાબતો ઉપર જીવ વિચાર કરે છે અને પોતે કીમિઆ જેવી ક્રિયાથી તે સર્વ અનુભવમાંથી સત્યજ્ઞાન રૂપી સુવર્ણ બનાવે છે. તેથી કરી જ્યારે એ જીવનો પુનર્જન્મ થાય છે ત્યારે તે વધારે ડહાપણવાળો થાય છે અને નવા જન્મમાં બ-

નતા બનાવો ઉપર તેના પૂર્વના અનુભવના પરિણામની અસર કરી શકે છે. આ સ્થિતિમાં મૂલ માનસિક મૂર્તિઓ બદલાઇ ગએલી હોય છે એટલે તેની પૂર્વ સ્થિતિમાં રહેતી નથી અને જો તેવી સ્થિતિમાં જોવાની ઇચ્છા થાય તો કર્મના લેખ જ્યાં નોંધાઇ રહે છે ત્યાંથી તે મળી આવશે.

અનુભવની માનસિક મૂર્તિઓ ઉપરથી—અને તેમાં પણ વિશેષે કરી કર્મના નિયમના અજ્ઞાનથી—થએલા કર્મને લીધે જે દુઃખ ભોગવવાં પડે છે એવું સૂચવનારી હોય છે તે ઉપરથી મનુષ્યમાં સારાસારનો વિવેક જણાવવાવાળું અંતર્જ્ઞાન પેદા થાય છે, અને વૃદ્ધિ પામે છે, ઉત્તરોત્તર જન્મ થાય છે ત્યારે કામનાઓ સંતોષવાની ઇચ્છાથી જે વિષય પ્રત્યે આકર્ષણ થાય તે તરફ જીવ જોસબંધ ધસે છે અને તેમ કરતાં સૃષ્ટિના અચલ નિયમ આડા આવતાં તેની સાથે ભટકાય છે ત્યાં તે પડે છે, છોલાય છે અને લોહી લોહાણ થાય છે. આમ અનેક સમયે થાય છે ત્યારે તેનો અનુભવ પરિપક્વ થાય છે અને તેને શુદ્ધિ આવે છે કે એ નિયમો વિરૂદ્ધ વર્તન કરી જેટલી તૃષ્ણા તૃપ્ત કરવી તે દુઃખ ભોગવવાનાં બીજ વાવવાનાં છે. એવા અનુભવોથી જે અંતર્જ્ઞાન પેદા થયું હોય છે તે કાઈ વખતે જીવ આ પૃથ્વિ ઉપર જન્મ પામી જયારે કામને વશ થઇ એવા ભોગની ઇચ્છામાં ધસે છે ત્યારે તેને ચેતાવે છે કે એ કાર્ય કરવાનું નથી, અને ઇંદ્રિઓના દોડતા ઘોડાઓની લગામ ખેંચી રાખવાની છે. જો એવી રીતે અટકાવ થાય નહીં તો તે દુષ્ટ વિષય ભોગમાં આંખ બંધ કરી કાંઈ પણ વિચાર વિના પડે છે. જગતની આજની સ્થિતિમાં જેટલા જીવ જન્મ મરણના ક્રમમાં આવે છે તે સઘળા (માત્ર બહુ પછાત પડી ગયા હોય છે તે વિના) આવા અનુભવ લેઈ ચુકયા છે અને સારાસારના સામાન્ય નિયમ સમજવા શક્તિવાન થએલા છે. તેઓ જાણે છે કે સૃષ્ટિના અચલ નિયમને કિયું કાર્ય અનુકૂલ છે અને કિયું પ્રતિકૂલ છે. આ નિયમ સામાન્ય રીતે નીતિના નિયમ કહેવાય છે, અને તેના બોહોળા અને લાંબા અનુભવથી તે ચોકસ અને સ્પષ્ટ રીતે સમજી શકાય છે; પરંતુ એ નિયમોના સંબંધમાં કેટલાક ઉચ્ચ અને સૂક્ષ્મ પ્રકારના વિભાગો છે તેનો જીવની વર્તમાન સ્થિતિમાં હજી અનુભવ મેળવવાનો બાકી છે. તેનો અનુભવ ભૂતકાળમાં જરા પણ મળ્યો નથી એટલે તે વિષે ઘણું અપૂર્ણ અને ચોકસ મર્યાદા સુધીનું જ જ્ઞાન પ્રાપ્ત થએલું છે. અંતર્જ્ઞાન તે રૂપ થએલું નથી. આવી બાબતમાં ગમે તેવા સદ્વિચારથી જીવ વાસ્તવિક અને નિર્મલ નિશ્ચય બાંધે તો પણ વખતે ભુલ કરવા પાત્ર છે. આવા પ્રસંગમાં નીતિના નિયમને અનુસરવાની તેની ઈચ્છાને લીધે તેનું કાર્ય ઉચ્ચ લોકમાં તે જશે ત્યારે થશે અને આ લોકમાં તે નિયમને અનુસરવાની રીતિના

અજ્ઞાનને લીધે તે નિયમ વિરૂદ્ધ તેનું કાર્ય હોવાથી તેને દુઃખ ભોગવવું પડશે, પણ ભવિષ્યમાં તે ભુલ થતી અટકશે. દુઃખ પ્રાપ્ત થવાથી અજ્ઞાત વાતનું જ્ઞાન થશે, અને તે શોકપ્રદ અનુભવોમાંથી અંતર્જ્ઞાન થતું જશે એટલે ભવિષ્યમાં એવા દુઃખમાંથી સંરક્ષણ થવાનું સાધન પ્રાપ્ત થશે; જગતનો નિયંતા છે એ જાણી આનંદ પ્રાપ્ત થશે; સંસારમાં વર્તન કરવાના નિયમ અને પોતે પ્રાપ્ત કરેલ જ્ઞાનની સમાનતા જોઇ હર્ષ થશે; અને વિશેષ આનંદ એ પણ થશે કે જગતની આગળ વધતી વૃદ્ધિના કાર્યમાં પોતે સહાયભૂત થશે.

આટલે સુધી આવ્યા ત્યારે એટલું આપણા જાણવામાં આવ્યું કે કર્મના નિયમનાં ચોકસ ધોરણ શું છે. તે સાથે તેના કારણરૂપ માનસિક મૂર્તિઓવડે તે ધોરણ પ્રમાણે કામ ચાલે છે એ પણ સમજવામાં આવ્યું. એ નિયમ પ્રમાણે તૃષ્ણા, અભિલાષા, ધારણા શક્તિ થાય છે. એકના એક વિચારનાં પુનરાવર્તન થતાં શીલ અથવા સ્વભાવ બંધાય છે; કાર્ય કરવાની ઇચ્છા તે ફૂલ થાય છે; અનુભવ પોતે જ્ઞાન થાય છે; અને દુઃખજન્ય અનુભવ અંતર્જ્ઞાન થાય છે.

મનુષ્યમાં જે ભિન્ન ભિન્ન શક્તિઓ રહેલી છે તેનો નિર્વાહ ચલાવવા માટે સૂક્ષ્મ અને સ્થૂલ શરીરની આવશ્યકતા છે. તેને પોતાના કર્મને અનુકૂલ પ્રસંગોની જરૂર છે એટલે તેવી સ્થિતિમાં તે જઈ પડે છે. જે કર્મ મૂલ કારણરૂપે હતાં તે ભિન્ન ભિન્ન શક્તિરૂપે, કાર્યરૂપે પ્રકાશે છે, તે વિનાનાં અન્ય કારણો જે હોય છે તેના પરિણામે તેને અનુકૂલ માર્ગ ઉપર ગમન કરવાનું છે. જેવાં જેવાં કર્મ કર્યાં હોય તેવાં તેવાં ફ્લ ભોગવવા માટે સુખ દુઃખ આવી મળે છે. આ પ્રમાણે બનવામાં પ્રત્યેક જીવના પોતાના સ્વભાવ વિના અન્ય સાધનની પણ જરૂર છે. અમુક સ્થિતિમાં જોઇતી શક્તિ, તેના નિર્વાહ માટે અને તેમાંથી થતાં કાર્યની પુનરપિ અસર થવા માટે જોઇતી સ્થિતિ એ પણ હોવાની જરૂર છે, અને તે યથાસ્થિત બને જાય તેના નિયંતાની પણ જરૂર છે.

એ વિષય એવો ગૂઢ છે કે તેને વિશે થોડું કહેવું એ વધારે સારૂં છે, કારણ કે તેના સંબંધમાં બોલતાં આપણે મહાન્ આત્મજ્ઞાની બુદ્ધિવાન્ દેવતાઓના ગુણનું કથન કરવું જોઇએ. પણ તે આપણી ટુંકી સમજમાં આવી શકે તેવું નથી. તેઓના અસ્તિત્વનું જ્ઞાન આપણને થઈ શકે અને તેઓના કાર્યની પદ્ધતી પણ આપણે જાણી શકીએ પરંતુ આપણી અને તેઓની વચેનો અંતર એક કનિષ્ટ સમજવાળા પ્રાણી અને મનુષ્ય વચ્ચે છે તેટલો છે. તેઓ આપણું અસ્તિત્વ જોઈ શકે છે પણ આપણું અંતર્જ્ઞાન કેવાં કાર્ય કરી શકે છે તેની શક્તિનું માપ તેઓના ધ્યાનમાં આવતું નથી. આ મહાન દેવતાઓને લિપિકાર તથા મહારાજા કહે છે. તેઓના સંબંધી આપણને બહુ થોડું જ્ઞાન

પ્રાપ્ત થઈ શકે તેવું છે. મૅડમ બ્લૅવાટસ્કીના "સીક્રેટ ડૉક્ટ્રીન" નામના પુસ્તકમાં એ દેવતાઓ વિશે જે તેણે લખ્યું છે તે જોવાથી એ જણાય છે. તેમાં લખે છે કે ચોથા શ્લોકની છઠી ટીકામાં જે લિપિકાર વિશે વર્ણન કરવામાં આવ્યું છે તે બ્રહ્માંડના જીવ છે. બ્રહ્માંડની ઉત્પત્તિના અત્યંત ગુપ્ત વિભાગને લગતા તેઓ છે એટલે તે સંબંધી આ સ્થલે વિશેષ કહી શકાય નહિ. મોહોટામાં મોહોટા માહાત્મા અને યોગીઓ આ દેવતાઈ વર્ગના જીવોને તેઓના ત્રણે વિભાગ સહિત જાણતા હશે કે નહિ એ શંકા ભરેલું છે. તેમજ તેઓ માત્ર તેના એક છેલ્લા વિભાગનેજ જાણે છે એમ પણ ગ્રંથકર્ત્તા કહી શકતી નથી, પરંતુ ઘણું કરી એમ માનવા કારણ છે. કેમકે તે વિભાગના દેવતાઓ આ દુનિયાના બનાવના લેખો સાથે વધારે સંબંધ ધરાવનારા છે. સૌથી ઉંચા વિભાગ માટે એકંદર જણાવવામાં આવે છે કે લિપિકાર કર્મ સાથે સંબંધ રાખે છે અને તેનો નોંધ રાખનાર તેઓ છે.

એ દેવતાઓ બીજું સમક છે. તેઓ આકાશમાં લેખો નોંધી રાખે છે. એ લેખો આગળ જણાવવામાં આવ્યું તેમ સૂક્ષ્મ પ્રકૃતિની મૂર્તિ રૂપે રહે છે. તેઓ પ્રત્યેક બાલકના જન્મ અને પ્રત્યેક મનુષ્યનાં પ્રારબ્ધ સાથે સંબંધ રાખે છે. તેઓ લિંગ શરીરની આકૃતિ ઘડે છે, જેને અનુસરી સ્થૂલ શરીર બંધાય છે; અને તે દ્વારા જે જીવ નિવાસ કરવાનો હોય છે તેના મન તથા હૃદયજન્ય વિકારો યથાસ્થિત સ્ફુરે તેવો ઘાટ ઘડાય છે. એ શરીરની સંભાળ ચાર મહારાજાઓ રાખે છે કારણ કે તેઓ આ પૃથ્વિ ઉપરની મનુષ્ય જાતના રક્ષક અને કર્મના અધિષ્ઠાતા દેવતા છે.

લિપિકારો પ્રકૃતિ રહિત આકૃતિ ઘડી મહારાજાઓ–જેઓ દિક્‌પાળ પણ કહેવાય છે તેઓને આપે છે. તેઓ એ લિંગ શરીરદ્વારા જેવા ગુણ પ્રદર્શિત કરવાના હોય છે તે પ્રમાણે તત્ત્વો પસંદ કરી લિંગ શરીર ઘડે છે, અને તે લિંગ શરીર જીવને પોતાના કર્મ ભોગવાવનારૂં યોગ્ય સાધન થાય છે. વળી તે દ્વારા તેણે જે જે શક્તિઓ કેળવી હોય છે તે પ્રદર્શિત કરવામાં પણ એ સાધનભૂત થાય છે તેમજ પૂર્વકાલમાં જે તકનો લાભ લીધો હોય નહીં અથવા જે પ્રયત્નો નિષ્ફલ થયાં હોય તેને લીધે જે મર્યાદામાં તે શક્તિ કાર્ય કરી શકે છે એ પણ એ લિંગ શરીરથી થાય છે. જીવને પોતાના કર્મ ભોગવવાને અનુકૂલ દેશ–કાલ–સંયોગો પ્રાપ્ત થાય તેવી રીતે જન્મ પામવા અમુક દેશ લોક કુટુંબાદિ વ્યાવહારિક સંયોગોમાં એ મહારાજાઓ પ્રેરે છે. એ કર્મ ભોગને આપણા લોકો પ્રારબ્ધ કહે છે, એટલે કર્મના ભોગનો આરંભ, અર્થાત્ જે કર્મ જન્મ ધારણ કરી ભોગવવાનાં છે તે કર્મ. પૂર્વનાં સઘળાં કર્મ

કાંઈ એક જન્મમાં ભોગવાઈ જતાં નથી. કારણ કે જીવ કાલાંતરથી જુદી જુદી શક્તિઓ કેળવતો અને વૃદ્ધિ પામતો આવે છે તે સર્વ શક્તિ પ્રદર્શિત કરી શકાય અને તે પોતાનાં કાર્ય કરી શકે તેવા અનુકૂલ પ્રસંગ અને સ્થિતિ એકી વખતે પ્રાપ્ત થાય એ અશક્ય છે. વળી પશ્ચાત્કાલમાં ભિન્ન ભિન્ન જન્માંતરમાં ભિન્ન ભિન્ન જીવના સંબંધમાં આવી જે કર્મ બાંધ્યાં હોય તે ભોગવવા પાછા એ જીવોના સંબંધમાં આવવું અવશ્યનું છે એટલે એ સર્વનો સંયોગ એકી વખતે થાય અને સર્વ કર્મનાં ફલ ભોગવી લેવાય એ બનવું બહુ મુશ્કેલ છે તેથી કરી એક જન્મમાં જેટલાં કર્મ ભોગવી શકાય તે પ્રમાણે લિંગ શરીર પ્રાપ્ત થાય છે અને તે અનુકૂલ સ્થિતિમાં જન્મ પામવા દોરાય છે. એવી સ્થિતિમાં તે આવે છે ત્યારે પૂર્વે કેટલાક જીવોના સંબંધમાં તે આવેલો હોય છે તેને ફરી આવી મળે છે. એ જીવો પણ તેની સાથે જન્મ પામવા તત્પર થએલા હોય છે, અથવા જન્મ પામેલા પણ હોય છે અથવા જન્મ પામવાના હોય છે. જે દેશની ધર્મ સંબંધી રાજકીય અને સાંસારિક સ્થિતિ તેની શક્તિ વૃત્તિને અનુકૂલ હોય તે તેના જન્મ માટે પસંદ કરવામાં આવે છે. એથી કરી તેણે કરેલાં કર્મનાં ફલ પરિપૂર્ણ પ્રાપ્ત કરવા તેને સારી તક મળે છે. જેવી જાતના લોકોમાં તેને જન્મ પામવાનો હોય છે તે પણ પસંદ કરવામાં આવે છે. જાતની અનુકૂલતા કેવાં કર્મ અનુસાર ગણાય છે એ નિયમો બહુ વિસ્તારવાળા છે એટલે તે વિષે આંહી વર્ણન કરેલું નથી. પણ એટલું કહેવું બસ થશે કે જે જે શક્તિઓ પરિપક્વ થઈ હોય છે તે પ્રદર્શિત થવા ઉંચી સ્થિતિ જે જાતમાં મળી શકે તેમાં એ જીવ જન્મ પામે છે. લિંગ શરીરમાં જે સ્થૂલ પરમાણુઓ ઘડાયાં હોય છે, તેવી સ્થૂલ પ્રકૃતિ જે કુટુંબમાં કેળવાયલી હોય છે તેવું કુટુંબ પસંદ કરવામાં આવે છે; વળી તે સાથે એ પણ જોવામાં આવે છે કે એ જીવના માનસિક તથા હૃદય વિકારો યથાસ્થિત પ્રતીત થાય તેવાં સ્થૂલ બંધારણ અને ઇંદ્રિઓવાળાં શરીર પરાપૂર્વથી એ કુટુંબમાં જન્મે છે. જીવના અનંત ગુણો અને મનુષ્યનાં અનંત શરીરો જગત્માં છે એમાંથી પોતપોતાને અનુકૂલ હોય તે પ્રમાણે સંયોગ થાય છે. તે પ્રમાણે સ્થૂલ શરીર જીવ પ્રાપ્ત કરે છે, અને તે વડે પ્રસંગ પ્રમાણે કર્મનાં ફલ ભોગવે છે. આપણા જેવા પામર પ્રાણીઓને આવી રીતે યોગ્ય સ્થિતિ દેશ–કાલ–પ્રસંગ શોધવાની યોજના કરવાનું જ્ઞાન તથા શક્તિ અગાધ લાગે એમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી. પરંતુ બહુ ઉંડો વિચાર કરતાં એમ બનવું સંભવિત લાગે છે અને તેથી સંપૂર્ણ ન્યાય મળી શકે છે એમ માની શકાય છે. મનુષ્યના પ્રારબ્ધમાં ઘણાં

કર્મનાં તાણા વાણા વણાયા હોય છે તેથી તે બનાવટ આપણને સમજાતી નથી. કોઈ વખત તેમાંનો એક તાર અદૃશ્ય થઈ જાય, પણ તે નાશ પામતો નથી. માત્ર નીચેની બાજુએ ગએલો હોય છે તે પાછો તરત ઉપરની બાજુએ આવે છે. કર્મ સમયે તત્કાલ દૃષ્ટિએ પડે છે. તે કાંઈ નવિન પેદા થતો નથી. પણ પૂર્વે નીચેની બાજુએ હતો તે ઉપર આવ્યો હોય છે. આપણી દૃષ્ટિએ ઓતપ્રેત થએલ તાણા વાણાનું વસ્ત્ર આખું આવતું નથી. એટલે સ્પષ્ટ રૂપ દેખાતું નથી. મહાત્મા જામ્બ્લીકસ લખે છે કે આપણી દૃષ્ટિએ જે વાસ્તવિક ન્યાયનું ધોરણ જણાય છે તેવું દેવતાઓની દૃષ્ટિએ દેખાતું નથી; આપણી દૃષ્ટિ બહુ ટુંકી હોવાથી આપણે તત્કાલ જે વર્તમાન સ્થિતિ હોય છે તે તરફ ધ્યાન ફેરવીએ છીએ; વળી આપણી દૃષ્ટિ સમીપ આ ક્ષણભંગુર દેહ અને તેનો નિર્વાહ કેમ થાય છે એટલુંજ આવે છે; પણ આપણાથી શ્રેષ્ટ જે શક્તિઓ છે તે જીવનું સર્વ વૃત્તાંત જાણે છે અને તેના પૂર્વે થએલ સર્વ જન્મનું તેઓને જ્ઞાન હોય છે.

દુનીઆમાં સંપૂર્ણ ન્યાય પ્રવર્તે છે એ વાતનો નિશ્ચય વૃદ્ધિ પામતા જીવના વૃદ્ધિ પામતા જ્ઞાનથી થતો જાય છે. કારણ કે જેમ જેમ તે વૃદ્ધિ પામતો જાય છે તેમ તેમ તેને ઉચ્ચ ભૂમિકા દૃષ્ટિગોચર થવા માંડે છે. ત્યારે તેને દર્શન થાય છે; તેનું આ શરીરની જાગ્રત્ અવસ્થામાં ભાન થઇ શકે છે તેથી એમ નિઃશંક જણાય છે કે એ ઉત્તમ નિયમ લેશમાત્ર પોતાના માર્ગેથી વિચરતો નથી; તેના કાર્ય કરનારા જરા પણ ભુલચુક કર્યા વિના તેનાથી કામ ચલાવે છે; તેઓ તેમાં જરાપણ નરમ પડતા નથી; અને તેથી ફરી આ દુનિયાં તેમજ પ્રયાસ કરતા જીવો સર્વનું હિત સચવાય છે. આ સઘળું જોઈ અતિ આનંદ થાય છે. આ શરીરરૂપી પુરના અંધકાર રસ્તાઓમાંજ ચોકીદાર જીવો આત્મજ્ઞાનનો દીવો લઈ ઉભા છે તેઓની અંધારામાંથી બૂમ સંભળાય છે કે "સર્વ ઠીક છે."

એ નિયમ કેવી રીતે કાર્ય કરે છે તેનાં કેટલાંક ધોરણ આપણી સમજમાં ઉતરે એવાં છે. તે સમજવાથી કારણ-કાર્યનો સંબંધ મેળવી શકાય છે. ઉપર આપણે કહી ગયા કે વિચાર પ્રમાણે વર્તન થાય છે. હવે એમ સમજવાનું છે કે કરણી પ્રમાણે સંયોગ પ્રાપ્ત થાય છે. આ એક ઘણું સામાન્ય ધોરણ છે એ ખરૂં પણ તેની અસર બહુ દૂર પહોંચે છે. એટલે તેનું વિગતથી વર્ણન કરવાની જરૂર છે. એક મનુષ્ય કાંઈ કાર્ય કરે છે તેની અસર સ્થૂલ ભૂમિકામાં તેની આસપાસના લોકોને થાય છે. તેના કાર્યથી સુખ થાય વા દુઃખ થાય; અથવા મનુષ્ય જાતના સામાન્ય કલ્યાણમાં ન્યૂનાધિકતા થાય. એ ન્યૂનાધિકતાનું

કારણ કાર્ય કરનારનો સારો નરસો અથવા વખતે મિશ્રિત હેતુ હોય છે. તેનું કોઈ કાર્ય કેવલ પરોપકારક હોય ત્યારે લોકોને સર્વને આનંદ ઉપજે છે, કારણ કે તેમાં તેની ઇચ્છા પોતાના જનબંધુઓને સુખ આપવાની છે. એક દૃષ્ટાંત લઇએ કે એક ઉદાર માણસ માત્ર લોકોના સુખ માટે એક બગીચો અર્પણ કરે છે; એક માણસ એવી રીતે અર્પણ કરવાથી કીર્તિ મળે છે તથા માન કીતાબો મળે છે એમ ધારી અર્પણ કરે છે; એક માણસ એવી બંને ધારણા મિશ્રિત હોય એવી રીતે અર્પણ કરે છે. આ પ્રત્યેક માણસને તેનું વિશેષ ફલ પુનર્જન્મમાં ભિન્ન ભિન્ન મળે છે. પેહેલાનું વર્તન આગળ કરતાં સુધરે છે, બીજાને ઉલટી હાનિ થાય છે, અને ત્રીજાને બહુ જુજ ફલ મળે છે. આવી રીતે ત્રણ જણની ભિન્ન ભિન્ન વૃત્તિથી એકનું એક કાર્ય થાય છે તેથી ઉપર જણાવ્યાં તેમ ફલ પણ સારાં, માઠાં અથવા કિંચિત્ માત્ર પુનર્જન્મમાં પ્રાપ્ત થાય છે. એટલું છતાં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે જે કાર્યથી જનસમૂહને સુખ પ્રાપ્ત થાય છે તેનું જે સામાન્ય ફલ છે તે એ સુખ આપનાર વસ્તુ અર્પણ કરતી વેળા આપનારની જે વૃત્તિ હોય છે તેના ઉપર આધાર રાખતું નથી. કારણ કે આપનારની વૃત્તિ ગમે તેવા હેતુથી થએલી હોય પરંતુ તે સુખ લોકો તો સરખું જ ભોગવવાના છે. આવી રીતે સુખપ્રદ દાન અપાયું એટલું કર્મ દાનદેનારને તેનું ફલ ભોગવવાનો હક આપે છે અને તેનું ફલ પણ તેને જરા પણ ન્યુનાધિક થયા વિના કુદરતથી મળે છે. એ માણસનો પુનર્જન્મ થશે ત્યારે તેણે પૂર્વ જન્મમાં પોતાના સ્થૂલ દેહને સુખ આપનાર વસ્તુનું દાન કર્યું હતું અને તેની અર્પણ કરેલી વસ્તુથી લોકોને પણ એવું જ સુખ પ્રાપ્ત થયું હતું એટલે તેનું ફલ તેવું જ પ્રાપ્ત થવાનું. તે માણસ એવા સંયોગોમાં જન્મ પામશે કે તેને સ્વસ્થતા અને સુખ વિલાસ ભોગવવાનું બની શકે. આ ફલ સામાન્ય થયું, પરંતુ વિશેષ ફલ પૂર્વ દાનના હેતુનું પણ થવું જોઇએ. એટલે એ પ્રસંગ અથવા સ્થિતિમાં કેવી રીતે પોતે વર્તશે એ અને તેને અતુલ ધન સંપતિમાંથી કેવું સુખ પ્રાપ્ત થશે તે તેની રહેણી અથવા વર્તન ઉપર આધાર રાખે છે. આ સમયે પૂર્વના હેતુનું ફલ ભોગવવાનું આવશે, એટલે જેવા હેતુથી દાન કરેલું તેવું ફલ મળવાનું; કારણ કે પ્રત્યેક બીજ પોતપોતાની જાતિ અનુસાર ફલ પેદા કરે છે. એક જન્મમાં જેટલી તક મળી તેટલીનો લાભ લેઈ જગતમાં ભલું કરેલું હોય તો પુનર્જન્મ થાય ત્યારે તેવાં કાર્ય કરવાની વિશેષ તક આવી મળે છે. એક માણસ એવી સ્થિતિમાં હોય કે એવી રીતે ભલું કરવાની તક જુજ મળી શકી હોય, પણ તેટલી તકનો લાભ લેવામાં જો તે ચુક્યો હોય નહીં તો જ્યારે પુનરપિ તે આ દુનીઆંમાં અવતરશે ત્યારે તેને વિશેષ ભલું કરી શકે

તેવી ઘણી તકો આવવાની. એથી વિરૂદ્ધ જોઇશું તો એક માણસને તક મળ્યા છતાં તેનો લાભ લેવા જો તે ચુક્યો હશે તો ફરી જન્મ પામતાં બહુ થોડી તક આવવાની એટલું જ નહીં પરંતુ જે સ્થિતિમાં જન્મ પામશે તેમાં પણ વિપત્તિઓ આવી પડશે. એવાં મનુષ્ય ફરી અવતરે ત્યારે તેનું લિંગ શરીર ખોડવાળું બંધાય છે. તેથી સ્થુલ શરીરનું મગજ પણ ખોડવાળું બને છે. ક્હેવી નવી નવી યુક્તિઓ મનમાં રચે પણ તેનો અમલ કરવાના સાધનની ખામીઓ તે પાર પાડી શકશે નહી; એક વાત તેના ધ્યાન ઉપર આવશે પણ તે તેના મગજમાં સ્પષ્ટ ઉતરશે નહીં; જે તક પ્રાપ્ત થઈ તે સમયે તેનો લાભ લેવા ચુકેલો તેના પરિણામે અફૂળ ઇચ્છાઓ થાવાની; કામના ઉત્પન્ન થશે પણ તે પ્રકટ થઈ શકશે નહીં; પરોપકાર કરવાનુ મન થયાં કરશે પણ તેને અમલમાં મુકવાનાં સાધન નહીં મળે. આમ બનવામાં બે કારણ હોય છે કાંતો શરીર સંપત્તિની ખામીને લીધે તેના વિચાર પાર પાડી શકાતા નથી અથવા તો એવા પ્રસંગ તેને આવતા નથી તેથી બની શકતું નથી.

કોઇ પ્રીતિવાળું બાલક અથવા પ્રેમમય યુવાન જેના ઉપર તન મન ધન અર્પણ કરેલું છે એવાનો ત્યાગ કરાવવાથી અથવા કરવાથી પણ માઠાં ફળ પ્રાપ્ત થાય છે. જેની ફરજ એક બીજાનું સંરક્ષણ કરવાની છે, અથવા પ્રીતિભાવ રાખવાની છે, અથવા સેવાભાવ દર્શાવવાની છે, તે એ ફરજ અદા નહીં કરતાં બીજા પ્રતિ ધિક્કાર બતાવે છે અથવા બેદરકાર રહે છે તો ઘણું કરી જેણે એવું વર્તન ચલાવ્યું હોય છે તે અને જેના પ્રતિ એ થયું હોય તે બન્ને પુનર્જન્મમાં બહુ નિકટ સંબંધમાં અવતરે છે, તેથી એક બીજાની ઉપર અત્યંત પ્રીતિ થાય છે અને તે જીવ તેવી સ્થિતિમાં બાલ્યાવસ્થામાં મરણ પામી એ પ્રીતિપૂર્વક આલિંગન કરતી માતા અથવા પિતાનો ત્યાગ કરે છે. પૂર્વજન્મમાં જે સંબંધીનો તિરસ્કાર કરવામાં આવતો તે બહુ માનવંતો વારસ થઈ જન્મ ધરે છે. વખતે તે એકનો એક જ પુત્ર હોય છે અને તેના અકાલ મૃત્યુથી માત પિતાનું ઘર સુનું થઈ જાય છે ત્યારે તેઓ પોતાના એકના એક બાળકને આમ લઈ લેવા માટે દૈવના અન્યાયને દોષ દે છે, કારણ કે તેઓની સર્વ આશા તેના ઉપર તેઓએ બાંધેલી હોય છે. વિશેષ એમ લાગણી થાય છે કે આસપાસના લોકોનાં ઘણાં છોકરાંનો વાળ વાંકો થતો નથી અને તેમને માથે આ વિપત્તિ આવી પડે છે. પરંતુ કર્મના નિયમમાં ન્યાય જ છે. તેઓની જ્ઞાનચક્ષુ ઉઘડી નથી તેઓની દૃષ્ટિએ માત્ર એ ન્યાય દેખાતો નથી.

મનુષ્યને જે જન્મખોડ હોય છે તે લિંગ શરીરમાં મૂળ ખોડ હોવાથી થાય છે. એ શિક્ષા પૂર્વ જન્મમાં નિયમ વિરૂદ્ધ હાનિકારક વર્તન કરેલું તેની

અથવા અન્ય જનને દુઃખ દીધેલું તેની છે. તે કર્મ ગંભીર હોવાથી પુનર્જન્મમાં આખી જીંદગી સુધી તેનું ફળ ભોગવવું પડે છે. કર્મના નિયમ સંભાળનાર દેવતાઓ-જેઓ કે લિંગ શરીર ઘડે છે તેઓ-જીવે પૂર્વ જન્મમાં જે જે ભૂલો કરેલી તેનાં ફળ તરીકે આ સ્થૂલ શરીરમાં એ ખોડો અથવા વિશેષતા પ્રદર્શિત કરે છે. એ જ દેવતાઓ અમુક જીવને અમુક વંશપરંપરા ઉતરતો રોગ થાય તેવું લિંગ શરીર ઘડે છે, અને જે કુટુંબમાં એ રોગ ચાલ્યો આવતો હોય તેમાં જન્મ ધરવા તેને પ્રેરે છે. એથી કરી એ રોગનાં બીજ નંખાવવા તથા ઉગવા માટે યોગ્ય અને અનુકૂલ ભૂમિ મળે છે.

હવે બીજી રીતના ગુણ તરફ દૃષ્ટિ કરીએ. મનુષ્યમાં જુદી જુદી કલા શક્તિ ઉદ્ભવે છે એ પણ એજ દેવતાઓની યોજનાથી થાય છે. એવાં મનુષ્યના લિંગ શરીરમાં એવી રચના થાય છે કે તેના સ્થૂલ શરીરમાં અનુકૂલ જ્ઞાન તંતુ બંધાયછે અને જે કુટુંબમાં પરંપરાથી અમુક કલા કેળવાતી આવતી હોય છે તેવા કુટુંબમાં જન્મ પામવા એ જીવને પ્રેરે છે. તેથી તે શક્તિ પ્રદર્શિત કરવાનું સુગમ પડે છે. દૃષ્ટાંત માટે ગાયનકલા લેઇએ. એ કલામાં નિપુણ ગણાવવા માટે અમુક પ્રકારનાં સ્થુલ બંધારણની આવશ્યકતા છે. તેમાં શ્રવણ અને સ્પર્શ એ ગુણો અતિ કોમળ જોઇએ છે; એટલે તેવા ગુણ પ્રાપ્ત કરવા માટે ઘણા કાલની પરંપરાથી જેઓમાં એ ગુણ રહેલા હોય તેવા કુટુંબથી સ્થૂલ શરીર થાય તો બહુ અનુકૂલ પડે છે. તેવીજ રીતે કોઈ શ્રેષ્ટ પુસ્તક અથવા ભાષણ કરી, લખી અથવા બોલીને ઉચ્ચ વિચારોનો જનસમૂહમાં પ્રસાર કરવાથી જે સામાન્ય મનુષ્ય જાતની સેવા કરવામાં આવે છે તેનું પણ ફલ આપવા એ દેવતા બંધાએલ છે અને તે પ્રમાણે તેઓ જરા પણ ન્યૂનાધિક કર્યા વિના આપે છે. એવી રીતે મનુષ્યને કરેલી સહાયતાનું ફ્લ એ થાય છે કે તેને પોતાને એવી જ સહાય મળે છે અને તેથી કરી તેનું બુદ્ધિજ્ઞાન તથા આત્મજ્ઞાન વૃદ્ધિ પામે એવો લાભ પ્રાપ્ત થાય છે, કારણ કે તે લાભ લેવાનો હક તેણે પૂર્ણ સ્થાપિત કરેલો છે.

કર્મના ભોગનાં સામાન્ય ધોરણ ઉપર જણાવેલ સર્વ હકીકતથી ગ્રહણ કરવામાં આવ્યાં હશે તેમજ કર્મના નિયમ જાળવનાર દેવતા અને જીવ, પ્રત્યેક વ્યક્તિનાં પ્રારબ્ધ ઘડવામાં તથા ભોગવવામાં કેમ વર્તે છે અને કાર્ય કરે છે તે પણ સમજવામાં આવ્યું હશે. જોઇતી સામગ્રી જીવ પોતે એકઠી કરે છે અને તેનો ઉપયોગ જીવ તથા દેવતાઓ પોતાને જોઇએ તે પ્રમાણે તેમાંથી પસંદ કરી કરે છે. મનુષ્યનું વર્તન જીવ પોતે નિશ્ચય કરે છે જે કે ધીમે ધીમે વૃદ્ધિ અને વિસ્તાર પામે છે. જીવ માટે શરીર સાધન તૈયાર કર્યાં હોય છે તે પ્રમાણે

એ દેવતાઓ તૈયાર કરે છે. તેથી કાર્ય પરિમિત થાય છે, અનુકૂલ સ્થિતિ પસંદ કરી શકે છે, અને સામાન્ય રીતે કર્મના શ્રેષ્ટ નિયમાનુસાર મનુષ્યો પોતે ગમે તેમ ભિન્ન ભિન્ન ઈચ્છાઓ રાખતાં છતાં લેશમાત્ર ફેર વિના નિર્માણ થએલ કાર્યો થએ જાય તેવી અનુકૂલતા પ્રાપ્ત કરી શકે છે.

કર્મનાં ફ્લ સામે ત્યારે કેમ થવાય એ એક સાધારણ પ્રશ્ન વારંવાર ઉદ્ભવે છે. કર્મના અનિવાર્ય નિયમાનુસાર જે કાંઈ ભવિતવ્યતા છે તેની પાસે મનુષ્ય લાચાર છે એમ મનુષ્યને આ નિયમ જોતાં લાગી આવે છે. પરંતુ એમ નથી. ભવિતવ્યતા કેવી કરવી અને તેને આપણે આધીન રાખવા માટે એજ કર્મના નિયમનો આપણે કેમ ઉપયોગ કરવો એ આપણી સત્તામાં છે. પણ તે વિષે કહેતા પહેલાં દૃષ્ટાંત લઈ ચર્ચા કરીએ જેથી જણાશે કે પ્રારબ્ધ અને પુરૂષાર્થ અન્યોઅન્ય કેવાં ઐકયતાથી કાર્ય કરે છે.

ધારો કે એક મનુષ્ય સામાન્ય મનશક્તિ સહીત જન્મેલું છે. તેનામાં ચોક્સ પ્રકારના મનોવિકાર છે તેથી તેનું વર્તન અમુક રીતનું છે. મનોવિકાર કાંઇક સારા અને કાંઇક નરસા છે. લિંગ શરીર અને સ્થૂલ શરીર સુંદર અને આરોગ્ય છે. તેમાં કોઈ ગુણ વિશેષ બહાર પડતો નથી. એવી તેના શરીરથી એ જીવને મર્યાદા બાંધી આપેલી છે. જ્યારે તે પુખ્ત અવસ્થાએ પોહોંચે છે ત્યારે તેની મનશક્તિ, મનોવિકાર, સૂક્ષ્મ અને સ્થૂલ ઇત્યાદિની ઉપર ગણાવી તેટલી પુંજી તેની પાસે છે. તે પુંજીનો તેનાથી બને તેટલો સદુપયોગ કરી તેમાંથી લાભ પ્રાપ્ત કરવાનો છે. ઘણા વિષય એવા ઉચ્ચ છે કે જ્યાં એ સ્થિતિમાં તેની સમજ પોહોંચી શકતી નથી; ઘણા વિચારો એવા છે કે જે યથાસ્થિત ગ્રહણ કરવાની તેનામાં શકિત નથી; ઘણી લાલચો એવી છે કે જેમાં નહીં ફસાવા પ્રયત્ન કરવા છતાં તેના મનોવિકારને આધીન થઈ તેમાં ફસાય છે; અંગબળ અને યુકિતથી દુનીઆમાં જય મેળવી શકાય એમ છે છતાં તેનાથી તે બની શકતું નથી; મતલબ અસાધારણ મન શકિતવાળા મનુષ્ય જેવી એની શકિત નથી તેમ તે કામદેવ જેવો સુંદર નથી. તેને માટે મર્યાદા બંધાઈ ગઈ છે અને તેની બહાર તેનાથી નિકળાય તેમ નથી. અગર જો કે પોતે છુટો થવા માટે અત્યંત આકાંક્ષી છે તોપણ તેને ઘણા પ્રકારનાં સંકટ આવવાનાં અને તેથી પોતે દુઃખી થવાનો પરંતુ તે દુઃખ ભોગવવા વિના તેનો બીજો કાંઈ ઉપાય નથી. તેની સ્થિતિતો આવી છે. પૂર્વ જન્મમાં જેવા વિચારો કરેલા, આવેલા પ્રસંગો ચાલ્યા જવા દીધેલા, સારામાઠાનો વિવેક કરવામાં ભૂલ કરેલી, મૂર્ખાઇમાં વિકારોને વશ થએલો, ઇત્યાદિને લીધે તેની સ્થિતિની આ મર્યાદા બંધાયેલી છે. એ કામના અને ભૂલનું આ સમયે તેને સ્મરણ નથી

પરંતુ તેને લીધે બંધનમાં તે આવી પડેલો છે. પણ કોણ બંધનમાં પડેલો છે? તે ખરૂં જોતાં સત્ય પુરૂષ નથી, તેને બંધન નથી. જેણે પૂર્વે આ બંધન ઘડયાં અને તેને પરિણામે વર્તમાનકાળમાં બંધનમાં પડેલ છે તેને શું તેમાં રહી કાર્ય કરવામાં છુટ નથી? છુટ છે એટલુંજ નહીં પણ ભવિષ્યમાં તેમાંથી પોતે મુક્ત થવા સમર્થ છે. પોતે નિર્બંધ છે એટલુ તેને જ્ઞાન થવાનીજ આવશ્યકતા છે. એટલું જ્ઞાન થયું કે બંધનો પોતાની મેળે ત્રુટી જવાનાં. એ બંધન સત્ય નથી. માત્ર અજ્ઞાનને લીધે એમ ભાસે છે. જેમ જેમ સત્યજ્ઞાન થતું જાય છે તેમ તેમ એ મિથ્યાભાસ ટળતો જાય છે પરંતુ પ્રત્યેક મનુષ્યને એ જ્ઞાનનું તેજ ભાસતું નથી. સામાન્ય રીતે તો કવચિત્ ક્વચિત્ તેના ઝબકારા ભાસે છે એટલે આ બંધન તેને ખરાં લાગે છે. એમ લાગવાની જરૂર પણ છે. એ બંધન પોતાનાં ઘડેલાં છે એ પણ સમજવાની જરૂર છે અને એમ સમજી એ બંધન ત્રોડવા પ્રયત્ન કરવા મંડવું જોઇએ. વર્તમાનકાળમાં એ મનુષ્ય મહાન્ બુદ્ધિશાળી થશે અને થશેજ કેમકે ભવિષ્યને માટે તે શકિત ઉત્પન્ન કરે છે. એ મનુષ્ય પોતાના મનોવિકારની સત્તામાંથી એકદમ નિકળી શકતો નથી એ ખરૂં છે; પણ તેની સામે થવા તે પ્રયત્ન કરી શકે છે. કદાપી એકવાર ન ફવાણું તો બીજીવાર, ત્રીજીવાર; પરંતુ તેવો પ્રયત્ન જારી રાખવાની તેનામાં શક્તિ છે તો એમ નિઃશંક રહેવું કે અંતે જય તેનો જ છે. તેના લિંગ અને સ્થૂલમાં અમુક અમુક નિર્બલતા તથા કદરૂપ છે એ ખરૂં, પણ જેમ જેમ તેના વિચાર બળવાન, પવિત્ર ઉચ્ચ થતા જાય છે અને તેનાં કાર્ય પરહિતકારક થાય છે તેમ તેમ તેણે નિઃશંક થવું જોઇએ કે ભવિષ્યમાં તેને બળ અને સૌંદર્ય પ્રાપ્ત થવાનું. તેના બંધીખાનામાં તે પોતે તો તેનો તે જ છે—પોતે સ્વતંત્ર છે, એટલે એ બંધિખાનાની દિવાલો પોતે બાંધેલી છે અને પોતે ગીરાવી દેવા સમર્થ છે, તેનો ચોકીદાર બીજો કોઈ નથી. તેને પોતાને છુટા થવાની ઇચ્છા કરવાની છે. તે કરી તેને અમલમાં લાવી કે તેનું કાર્ય સધાયું એમ માનવું.

ધારો કે એ મનુષ્ય ઉપર એક સંકટ આવી પડયું; તેનો કોઇ પ્રિય મિત્ર મરણ પામ્યો; વા તેણે કાંઈ ગંભીર ચુક કરી, અથવા તો પૂર્વે દુષ્ટ વિચાર કરેલા તેનું ફલ વર્તમાન કાલમાં સ્થૂલ રૂપે મળ્યું. પણ એ મિત્ર કાંઈ સદા કાલ માટે જતો રહેતો નથી. તેના પ્રતિની પ્રીતિથી તે મિત્ર તેનો જ રહેવાનો છે અને ભવિષ્યમાં તેઓનો સમાગમ થશે. પરંતુ પ્રિતિ દર્શાવવા માટે તેને બીજાં ઘણાં છે, અને જેવો પ્રેમ એ મિત્ર પ્રતિ તે રાખતો તેવો અન્ય જે તેની આસપાસ છે તેઓના પ્રતિ દર્શાવવો જોઇએ. એમ કરવાથી તેના પ્રેમનો વૃદ્ધિ પામવાનો પ્રસંગ આવેલો નિરર્થક ચાલ્યો જશે નહીં અને ભવિ-

ષ્યને માટે એ બીજરૂપ થશે. વળી તેને ભવિષ્યમાં આવું દુઃખ પણ આવી પડશે નહીં. એ મનુષ્યે એક દેખીતું ખોટું કૃત્ય કર્યું અને તેની શિક્ષા થઈ, પણ તે કર્મ સ્થૂલ રૂપે આ જન્મમાં થયું તે પૂર્વના દુષ્ટ વિચારનું ફલ છે. જો એમ હોય નહીં તો એ દુઃખ હોય કયાંથી ? પોતે પૂર્વે કરેલા દુષ્ટ વિચારની શિક્ષા ધૈર્યતાથી સહન કરી લેવાની છે. એટલે ભવિષ્યમાં લેશ માત્ર ખેદ પ્રાપ્ત થાય તેવું ફલ મળે નહીં. પ્રથમ જ્યાં સંપૂર્ણ અંધકાર હોયછે ત્યાં એવી રીતના વર્તનથી પ્રકાશનું કિરણ પડે છે. એ પ્રકાશમાં તેઓને ભાસ થાય છે કે જે જે વિપત્તિ ભોગવવી પડે છે તે પોતાના કર્મને લીધે છે એમ નિશ્ચય માનવું. અન્ય કોઇએ દુઃખ નાખતું નથી. એ જ્ઞાન થયું કે તત્કાલ જે નિયમ બંધન રૂપ લાગતો હતો તેતો પાંખ રૂપ છે એમ જણાશે. વળી જે જ્ઞાન વિના તેને અન્ય ભૂમિકાનું સ્વપ્ન પણ ભાગ્યેજ થતું તે ભૂમિકામાં પ્રવેશ કરવા તે સમર્થ થશે.

જીવ પોતાનું ભાવી કેવા પ્રકારે બનાવે છે તે પણ સમજવા જેવું છે. કાલના વહનમાં મંદ મંદ ગતિથી અનેક જીવના સમૂહ તણાયા જાય છે. પૃથ્વિ ભ્રમણ કરે છે તેમ તેને લેતી જાય છે. એક પછી એક તેનો ગોળો આવેછે તેમ તેઓ પણ આવતા જાય છે. સ્વાભાવિક ગતિતો આવી છે, પણ તત્વ-જ્ઞાનનો માર્ગ જગત્માં પ્રસિદ્ધ કરવાનો હેતુ એટલો જ છે કે જેની ઈચ્છા એવી રીતે તણાયા કરવાની હોય નહીં તેઓ તેમાંથી દૂર ખસી આ દુનીઆંની સ્વ-ભાવિક વૃદ્ધિ થાય તે અગાઉ ચાલી પોતાની વ્યક્તિની વૃદ્ધિ કરી શકે.

અભ્યાસકો જ્યારે આ નિયમનો કાંઇક અર્થ સમજવા લાગે છે, જ્યારે તેની અચલતા ગ્રહણ કરે છે, તેનું કાર્ય ચુક વિનાનું અને યથાસ્થિત છે એમ સમજે છે, ત્યારે તે પોતાની વૃદ્ધિ કેમ કરવી તેને માટે પોતાની સત્તા ચલા-વવા માંડે છે. તે પોતાનાં વર્તનનું સૂક્ષ્મ નિરીક્ષણ કરે છે. તેમાં ફેરફાર કર-વા માંડે છે. મન, વચન, નીતિપાઠ આદરે છે. મન શક્તિઓને વિકાસ પ-માડવા પ્રયત્ન કરે છે. જ્યાં જ્યાં નિર્બલતા ભાસે ત્યાં ત્યાં દૃઢતાથી વર્તન કરવા માંડે છે. ખામીઓ પુરી પાડવા પ્રયાસ કરે છે અને જે કાંઈ નિર્માલ્ય હોય તે કાઢી નાખે છે. હવે તેને જ્ઞાન થયું છે કે જેવી જેવી ભાવના રાખશે તેવું ભવિષ્યમાં પામવાનું છે, એટલે લક્ષપૂર્વક અને નિયમ અનુસાર, ઉચ્ચ ભા-વનાનું ધ્યાન કરવા માંડે છે. ખ્રિસ્તિ ધર્મના મહાન્ જ્ઞાની પૉલે પણ બોધ કરેલો છે કે, સત્ય, પ્રમાણીક, ન્યાયી, પવિત્ર, આનંદકારી અને સદ્ગુણી વસ્તુઓ સંબંધી સર્વદા ધ્યાન કરવું. જેને એ જ્ઞાન થયું છે તે તો અહોનિશ પોતાની ઉચ્ચ ભાવનાજ લક્ષમાં રાખશે અને તદ્નુસાર વર્તન કરવા પ્રયત્ન કર્યા

કરશે. આ કરવામાં તે શાન્તિ અને આગ્રહ રાખશે કેમકે તેમાં ઉતાવળનું કામ નથી તેમ તુટક તુટક કરવાનું નથી. તેની સમજમાં તો ઠશી ગયું છે કે પોતે મજબુત પાયો નાંખવાનો છે અને તે પાયો જે સનાતન નિયમના ખડક ઉપર નાંખેલો છે એ નિયમને તેની વિજ્ઞપ્તિ છે અને તેનો જ તેને આશ્રય છે. આવી રીતે વર્તન કરનાર મનુષ્યને કોઈ પણ સમયે પરાજય તો છે જ નહીં. ત્રણ લોકમાં કોઈ એવું નથી કે તેની ગતિને રૂંધી શકવા સમર્થ થાય.

પ્રત્યેકવાર જ્યારે જીવ આ દુનિયાંમાં આવે છે ત્યારે અનુભવનો સંગ્રહ કરે છે, અને જે જે તેને પ્રાપ્ત થાય છે તેનો ઉપયોગ કરે છે. દેવલોકમાં જાય છે ત્યારે તેને તેની યોગ્યતા પ્રમાણે પોતામાં મેળવી લઈ ભવિષ્યના શરીરને માટે પોતે તૈયાર થાય છે.

મનુષ્યના જીવનનો સત્ય સિદ્ધાંત તો આવી રીતનો છે. એ સિદ્ધાંતનાં પ્રમાણ પ્રત્યેક મનુષ્યના જ્ઞાનમાં સહજ આવે તેવાં નથી એટલે તે માટે આપણે અન્ય જનોના ઉપર આધાર રાખવો પડે છે, તો પણ તે સિદ્ધાંત કીમતી છે. મનુષ્ય એ સિદ્ધાંત માન્ય રાખી તેનું મનન કરી જેટલે અંશે સમજે છે તેટલે અંશે કર્મના નિયમાનુસાર વર્તન કરવા અને તેની સાથે પોતાના ભવિષ્યના વર્તનનો પાયો નાંખવાનું તત્કાલ તેને મન થાય છે. એ ઇમારતનો પ્રત્યેક પથ્થર માંડવામાં તે અત્યંત ધ્યાન આપવા લાગે છે. કારણ કે તેને હવે જ્ઞાન થયું છે કે પોતે જે ઈમારત બાંધે છે તે ચિરકાલ પર્યંત રેહેવાની છે. હવે તે પોતાના કાર્યમાં ઉતાવલ કરતો નથી. તે ઘડી ઘડીમાં બાંધ ફોડ કરતો નથી. હવે તે ચોકસ ધારણાથી કાર્ય કરે છે. આગળની પેઠે એક રીતે આજ અને એક રીતે કાલે અને વળી એક દિવસ કાંઈ પણ ધારણા વિના કામ ચલાવે જાય એમ તે કરતો નથી. હવે તો પ્રથમથી સંપૂર્ણ વિચાર કરી ચોકસ નિયમને અનુસરી તેનો આલેખ કરી તે પ્રમાણે કામ કરે છે. જીવ પોતે શિલ્પ શાસ્ત્રી અને બાંધવા વાળો છે એમ તે સમજ્યો છે. એટલે નિરર્થક કાર્ય કરવામાં કાલનો વ્યય કરતો નથી. એ પ્રમાણે કરવાથી જીવ અત્યંત ત્વરાથી બુદ્ધિ પ્રાપ્ત કરી આગળ ચાલવા સમર્થ થાય છે. આવી રીતે કાર્ય કરતાં તેની ઉન્નતી ખ્યાલમાં પણ આવે નહીં એટલી ઝડપથી થાય છે. કારણ કે જીવ પ્રૌઢ અને બળવાન થવાથી કાર્ય પણ તેવાંજ કરી શકે છે.

મનુષ્ય પોતાનું ભવિષ્ય કેવું કરવું એ ઉપર લક્ષપૂર્વક પ્રયાસ કરવા લાગે છે ત્યારે જેમ જેમ તેનું જ્ઞાન વૃદ્ધિ પામતું જાય છે તેમ તેમ તેને જણાયછે કે ભવિષ્યનો આલેખ કરવો તે તેની સત્તામાં છે એટલું જ નહીં પણ તે તેના વર્તન માટે એટલે સુધી ગોઠવણ કરવા સમર્થ છે કે પોતાનું ભવિષ્ય માં

કેવું પ્રારબ્ધ કરવું તે પણ કરી શકે છે. ત્યારે તેને સમજ પડવા લાગે છે કે સર્વ પ્રકારે જોતાં પોતે જ ખરેખરો કર્તા છે, પોતે સર્વદા જીવતો, કાર્ય કરવા અને પોતાની સત્તા પ્રવૃત્ત કરવા સમર્થ છે. પ્રસંગો આવે તેનો પોતાની ઇચ્છા પ્રમાણે ઉપયોગ કરવા અને તેને પોતાના કબજામાં રાખવા તેમજ પોતાના પિંડ ઉપર પણ સત્તા ચલાવવા તેનામાં શક્તિ રહેલી છે એ પણ તેને સમજ પડે છે. દિવ્ય ગુરૂઓએ યુગેયુગમાં જન્મ લઇ મનુષ્ય જાતના કલ્યાણ અર્થે મહાન્ નીતિના નિયમોનું પ્રતિપાદન કર્યું છે અને તેને અનુસરી તેણે ચિર કાલથી પોતાનું વર્તન ચલાવેલું છે. હવે તેને ભાસવા લાગેલું છે કે આ સર્વ નિયમો સૃષ્ટીના મૂલ તત્ત્વને અનુસરી સ્થાપિત કર્યા છે એટલે નીતિ શાસ્ત્ર પ્રમાણે વર્તનના સંબંધમાં કાર્ય કરતાં તેનું યથાર્થ જ્ઞાન થાય છે. હવે સમજ પડે છે કે પોતાની દિનચર્યામાં કાંઈ પણ અશુભ કાર્ય કરવાથી જે ફલ થાય તે દૂર કરવા કાંઈ શુભ કાર્ય કરવાની આવશ્યકતા છે, તે કરવામાં તેની ધારણા એવી જોઇએ કે એકજ બીંદુ ઉપર બન્ને શક્તિ આવી મળે. કોઈ અન્ય મનુષ્ય તેના પ્રતિ નિષિદ્ધ વિચાર કરે છે. તે વિચારો તેની પ્રત્યે ગતિમાન થાય છે એ ક્ષણે તે પણ સામા મનુષ્ય પ્રતિ એજ પ્રકારના વિચાર કરે છે અને તે ગતિમાન થાય છે. આ વિચાર અનુકૂલ લક્ષણના હોવાથી જેમ ચાલતા પાણીના રેલામાં બીજો રેલો ભળવાથી ત્વરિત ગતિ થાય છે તેમ તેઓ વિશેષ ત્વરાવાળા તેમજ બલવાન થાય છે. આમ તો સામાન્ય રીતે જગત્માં થયાં કરે છે, પણ એ બે મનુષ્યમાંનો એક જ્ઞાની હોય અને કર્મની ગતિ તથા નિયમ સમજતો હોય તો તેનું વર્તન એથી વિલક્ષણ થાય છે. તેને જેવું જણાય કે પોતાની સામે કોઇ અનિષ્ટ વિચારરૂપ આવે છે કે તત્કાલ એવા પ્રકારનો વિચાર નહીં કરતાં તેના પ્રતિ તે દયા અને ક્ષમા ભાવવાળો વિચાર ઉત્પન્ન કરે છે; જે ગતિમાન થઈ પેલા વિચાર-રૂપને ઉડાવી દે છે. રૂપ ચૂર્ણ થઈ જાય છે એટલે તેને તેનું સત્ત્વ સજીવ કરી શકતું નથી અને તે પોતાના મૂળ સ્વરૂપમાં વિચરવા જાય છે. આમ દયા દુષ્ટતાનો નાશ કરે છે; પ્રેમથી તિરસ્કારનો લય થાય છે. અસત્યતાનાં ભ્રાન્તિજનક રૂપો સૂક્ષ્મ પ્રદેશમાં પ્રવર્તે છે કે તત્કાલ જ્ઞાનાંજન સત્યતાનાં રૂપો તેની સામે ચલાવે છે. મલિનતાનો ભંગ કરવામાં પવિત્રતા અવશ્યની છે. ક્ષુદ્ર લોભનો ભંગ દાનથી થાય છે. જેમ જ્ઞાન વિશેષ તેમ આવાં કાર્યની અસર સરલતાથી અને યથાસ્થિત થાયછે. કારણ કે તેવી સ્થિતિમાં પ્રત્યેક વિચાર બલવતી ઇચ્છા પૂર્વક ગતિમાન કરવામાં આવે છે તેમજ ચોકસ ધારણાથી ઉત્પન્ન થાય છે. દુષ્ટ કર્મને ઉત્પન્ન થતાંવારજ એવી રીતે ત્રોડી પાડવામાં આવે છે એટલે જેણે દુષ્ટ વિચાર રૂપી બાણ ફેંક્યું

અને જેણે તેને ચાલતાં જ ડાંભ્યું તે બેની વચ્ચે કર્મની ગ્રંથી બંધાતી નથી. દિવ્ય ગુરૂઓને કર્મના નીયમનું યથાર્થ જ્ઞાન હોવાથી તેઓએ આજ્ઞા કરી છે કે દુષ્ટ કર્મનો ક્ષય કરવા માટે સત્કર્મની આવશ્યકતા છે અને એ પ્રમાણે વર્તન કરવાનો મનુષ્યનો ધર્મ છે. તેઓની આજ્ઞા અનુસાર વર્તનારા એ ઉપદેશના મૂલનો પૂર્વાપર સંબંધ શું છે તે યથાસ્થિત સમજ્યા વિના પણ જો તેને અનુસરે તો તેઓ કર્મનો ભાર ઓછો બાંધે. દુષ્ટતા સામે દુષ્ટતા કરવાથી માત્ર કર્મ બાંધવાં પડે છે. જ્ઞાની જનો તો એથી પણ વિશેષ કરે છે–તેઓ એવાં દુષ્ટ રૂપોનો ઇચ્છા પૂર્વક સંહાર જ કરે છે–કારણ કે મહાત્માઓના ઉપદેશનું તાત્પર્ય તેઓ તો યથાર્થ સમજી શકે છે. એથી કરી પાપનાં બીજ ઉગવાજ પામતાં નથી એટલે ફલ ભોગવવાની વાતજ કયાં રહી?

સામાન્ય રીતે મનુષ્ય જાત મંદમંદ ગતિથી આગળ ચાલી જાય છે. પરંતુ કોઈ આગળ વધેલો મનુષ્ય હોય છે તો તે પોતાનું ભવિષ્યનું વર્તન કેવું થાય તેનો વિચાર કરી તે પ્રમાણે વર્તમાનકાલમાં રેહેણી રાખે છે. જે જે વિચારરૂપ પોતાના ચાલતા પ્રસંગમાં આવે છે તેની યોગ્ય વ્યવસ્થા પોતાની ઇચ્છા અનુસાર કરે છે. એમ કરતાં કરતાં તેને ભૂતકાળનું જ્ઞાન થવા લાગે છે. વર્તમાનકાળની સ્થિતિની સંપૂર્ણ રીતે તેને સમજ પડવા લાગે છે; અને કર્મનાં ભવિષ્ય ફલ શું થશે તે પણ તેના જાણવામાં આવી શકે છે. એવો મનુષ્ય સાવધાનીથી પોતાની શક્તિનો ઉપયોગ કરી ભવિષ્યની રહેણી કરણી પોતાને પ્રતિકૂલ થાય નહીં એવી રીતે યુક્તિ કરી શકે છે. અન્ય શક્તિઓ ગતિમાન થઈ ચૂકી હોય છે તેમાં પોતે આ શક્તિને મિશ્ર કરી પોતાનું ધારેલ પરિણામ લાવી શકે છે. પદાર્થવિજ્ઞાનશાસ્ત્રીઓ સ્પષ્ટ પદાર્થના પ્રયોગોમાં જેમ અમુક અમુક પદાર્થ અથવા શક્તિનો ઉપયોગ કરવાથી અમુક પરિણામ આવશેજ એમ નિશ્ચય ધારી પ્રયોગો કરે છે તેમ આ જ્ઞાની મનુષ્યો એ કર્મના નિયમનો નિઃશંક ઉપયોગ કરે છે.

કર્મના નિયમને ગતિના નિયમનું દ્રષ્ટાંત આપવાથી તેના કાર્યની વિશેષ સમજ પડી શકે છે. પદાર્થવિજ્ઞાનશાસ્ત્રમાં ગતિના નિયમ વિશે એમ જણાવેલું છે કે એક વસ્તુને આપણે ગતિ આપીએ એટલે અમુક દિશામાં સીધી લીટીમાં તે ગમન કરે છે. એજ વસ્તુને જે દીશામાં તે ગતિ કરતી હોય તેની કોઇપણ અન્ય દિશાથી અન્ય દિશા તરફ ગમન કરે એવી શક્તિ લગાડવામાં આવી હોય તો એ બે દિશાઓથી કોઈ ત્રીજીજ દિશામાં તે ગમન કરે છે. એ પરિણામ તે વસ્તુપ્રતિ લગાડેલી બે શક્તિના મિશ્ર થવાથી આવે છે, પરંતુ એ શક્તિમાંથી જરાપણ ભાગ નિરૂપયોગી થાય એમ બનતું નથી.

પ્રથમ જે શક્તિ તે વસ્તુ ઉપર લગાડેલી તેતો પાછળથી લગાડેલી શક્તિના બળનો અટકાવ કરવામાં કેટલાક અંશે જાય છે, એટલે તે બન્નેનાં પરિણામે જે દિશામાં એ વસ્તુ ગમન કરે તે જે દિશા બન્ને લગાડતી વખતે ધારેલ હોય છે તેથી કેવળ ત્રીજી હોય છે. સ્થૂલપદાર્થવિજ્ઞાનશાસ્ત્રી જ્યારે એ સંબંધી પ્રયોગ કરે છે ત્યારે પ્રથમથી ગણતરી કરે છે કે એક ગતિમાન વસ્તુને અમુક દિશામાંથી શંક્તિ લગાડયાથી તે અમુક દિશામાં ગમન કરશે. તેથી ગમન કરનારી વસ્તુ પોતાથી ગમે તેટલી દૂર હોય તોપણ તે ગણતરી કરી તેના તરફ અમુક શક્તિથી અન્ય વસ્તુને ગતિ આપે છે અને તે વસ્તુ પ્રથમની વસ્તુના સમાગમમાં આવી તેને તે શાસ્ત્રીની ધારણા પ્રમાણે અન્ય દિશામાં ગમન કરાવે છે. આમ કરવાથી પદાર્થવિજ્ઞાનશાસ્ત્રના કોઇપણ નીયમનો ભંગ કરાતો નથી તેમ તેનાથી વિરૂદ્ધ કાંઇ કરવામાં આવતું નથી, ત્યારે બને છે શું? માત્ર નિયમનું યથાર્થ જ્ઞાન હોવાથી તેને અનુસરી સૃષ્ટીની શક્તિનો મનુષ્ય ઇચ્છાપૂર્વક ઉપયોગ કરે છે અને પોતાની ધારણા પ્રમાણે પરિણામ લાવેછે.

કર્મ બંધનના નિયમને આ ધોરણુ લાગુ કરી જોતાં તત્કાળ જણાય છે કે કર્મનો નિયમ અચલ અને અનિવાર્ય છે છતાં મનુષ્ય એ નિયમના કાર્યના યથાર્થ જ્ઞાનથી તેની દરમ્યાન આવ્યા વિના પરિણામમાં ફેરફાર કરી શકે છે. એ કાર્ય કરવામાં મનુષ્ય માત્ર કર્મની ગતિના નિયમનો લાભ લઈ કર્મનાં પરિણામને અસર કરે છે. સૃષ્ટિના નિયમને આધીન થઈ સૃષ્ટિના નિયમ ઉપર સત્તા ચલાવવાની છે. આ કેમ બને છે તેનું દ્રષ્ટાંત લઇએ. એક મનુષ્યને સારી રીતે જ્ઞાન પ્રાપ્ત થયું છે. તેણે પોતાના જ્ઞાનબળથી ભૂતકાળમાં પોતે-જીવે-જે જે કર્મ કર્યાં છે તે અવલોકન કરવાની શક્તિ પ્રાપ્ત કરેલ છે. કેટલાંક અશુભ કર્મનો પાક કાલ થવાનો થયો છે એમ તેના ધ્યાનમાં આવે છે. તેનું પરિણામ ક્યારે આવશે એ કાલ પણ પોતે નિશ્ચય કરી શકે છે. એટલે તેનાથી વિરૂદ્ધ પ્રકારનાં કર્મ ઉદ્ભવ પામે એવી રીતે તે તત્કાલ વર્તન કરવા લાગે છે, આ કર્મની ગતિ પૂર્વના કર્મની ગતિ સામે ગમન કરે છે ત્યારે તેનો કેવળ નાશ થતો નથી; પરંતુ એ બન્નેના મિશ્ર થવાથી પ્રથમ આપણે કહી ગયા તે નિયમ અનુસાર કોઈ ત્રીજી ગતિ ઉત્પન્ન થાય છે. સારાંશ કે જે અનિષ્ટ પરિણામ સામાન્ય રીતે આવત તેનાથી કાંઇક જુદુંજ પરિણામ આવે છે. આટલે અંશે કર્મના નિયમમાં ફેરફાર કરવા માટે પણ પૂર્ણ જ્ઞાનની આવશ્યકતા છે. ભૂતકાલમાં આરંભેલાં કર્મ કેવી રીતે અને કીયે કાલે પરિપક્વ થવાનાં છે એ જોવા જાણવાની શક્તિ હોવી જોઇએ એટલુંજ નહીં પરતુ તેની સામે પોતે કેવાં

કર્મ ગતિમાન કરવાં જોઇએ કે જેથી ધારેલું પરિણામ પામી શકાય એ પણ જાણવું અવશ્યનું છે, અને તેની સાથે એ પણ સમજવું જોઇએ કે જે પરિણામ આવશે તે પણ કેવાં કર્મનાં બીજરૂપ થશે. આ પ્રમાણે ભૂતકાલમાં કરેલાં પાપ કર્મનાં ફલનો તે કેવળ નાશ કરે છે અથવા તેની માઠી અસર ઓછી કરે છે. તેમાં પુણ્ય કર્મના ઓઘ જોસબંધ નાંખવા એજ ઉત્તમ માર્ગ છે અને તેથી કરી જે શ્રેષ્ટ શકિત ઉત્પન્ન થાય છે તે પૂર્વના કર્મની શકિત સાથે મળી તેનો જોસ બંધ પાડે છે. અથવા ન્યુનતા પમાડે છે. પૂર્વે કરેલાં કર્મનો નાશ કરવાની વાત તો અશકય છે; પરંતુ ઉપર જણાવ્યું તેમ ભવિષ્યમાં તેના પરિણામમાં ફેરફાર કરવાનું બની શકે છે. આ સર્વ કર્મના નિયમને અનુસરી તેનો લાભ કેમ લેવો તે સમજવાથી બને છે. જો એ નિયમ યથાર્થ સમજી શકાય તો પદાર્થવિજ્ઞાનશાસ્ત્રિઓ પોતાના પ્રયોગ કરવામાં પરિણામ માટે જેવી રીતે નિઃશંક રહે છે તેવી રીતે આ મનુષ્ય પણ પરિણામ માટે નિઃશંક રહે છે. એક શકિત એક વખત ઉત્પન્ન થઈ તેનો લય કરવો એ અશકય છે પણ તેનાં બળ તથા ગતિ સમજી તેના પ્રમાણમાં શકિત વાપરવાથી ધારેલું પરિણામ લાવવાનું બની શકે છે. એવી રીતે વળી કર્મના ભોગ ત્વરાથી અથવા ઢીલથી ભોગવવાનું પણ બની શકે છે. કર્મ ભોગવતાં પણ જે પ્રસંગો અને સ્થિતિમાં તે ભોગવાય છે તેને લીધે તેની વધતી ઓછી અસર થાય છે.

કર્મના ભોગનો વિષય અગત્યનો અને લાભકારી હોઈ તે છોડી દેવા જેવો નથી એટલે તેની સમજ જેમ વિશેષ સ્પષ્ટ થાય તેમ વધારે સારૂં છે. ઉપર એક પ્રકારે તેનું સ્પષ્ટીકરણ કર્યું. હવે વળી બીજા પ્રકારથી તેનું અવલોકન કરીએ. એક વાત નિશ્ચય માનવી કે જેમ જેમ જ્ઞાનમાં વૃદ્ધિ થતી જાય છે તેમ તેમ પૂર્વના કર્મના નિકાલ કરવાનું સેહેલું પડે છે. તેમ થવાનું કારણ માત્ર એટલુંજ છે કે જે જીવ મુક્ત થવાનો છે તેને જેમ જેમ એ સમય સમિપ આવતો જાય છે તેમ તેમ ભિન્ન ભિન્ન કારણોથી ઉત્પન્ન થયેલાં કર્મનો વિપાક કેમ અને કયારે થશે તે દ્રષ્ટિમર્યાદામાં આવે છે. તેના પૂર્વજન્માંતરનું તેને ભાન થતુ જાય છે અને યુગાન્તરથી પોતે ધીમે ધીમે ઉર્ધ્વ ગમન કરવા જે મથન કરેલું છે તે સર્વ તેની દ્રષ્ટિએ આવે છે. ત્યારે તેને જણાય છે કે પોતે કર્મનાં કેવાં કેવાં બંધન પેદા કરેલાં છે; તે કર્મો કેવા પ્રકારનાં છે; તેમાંનાં કેટલાં ભોગવાઈ ચુકયાં છે; અને કેટલાં ફલ આપવાને તત્પર થયાં છે. વળી તે ભૂતકાલમાં થયેલ હકીકત જોઈ શકે છે એટલુંજ નહીં પણ ભવિષ્યમાં તે કર્મો કયારે અને શું ફલ આપશે તે પણ પ્રથમથી જાણી શકે છે. તાત્પર્ય એટલું

જ છે કે જેવી રીતે સ્થૂલપદાર્થવિજ્ઞાનશાસ્ત્રીઓ સૃષ્ટિના જ્ઞાત નિયમો અનુસાર પ્રયોગો કરતાં અમુક પરિણામ અવશ્ય આવશે એમ ભવિષ્ય વદે છે તેમાં ન્યુનાધિક થતું નથી તેવીજ રીતે જે જ્ઞાનીઓને કર્મના નિયમ પરિચિત છે તેઓ પોતાના જ્ઞાનબલથી એ નિયમોનું વર્તન યથાર્થ સમજી શકે છે અને તેથી કરી તેનાં પરિણામ જાણી તેનો પોતાની ઇચ્છાનુસાર કેવી રીતે ઉપયોગ કરવો તે નિશ્ચય કરી શકે છે. એમ ભવિષ્યનું જ્ઞાન થવાથી તેઓ જે કાંઈ કહે છે અથવા કરે છે તેમાં ન્યૂનાધિક થતું નથી એ સમજવું સુલભ છે. એકવાર આ સમજ યથાર્થ પડી અને તેને માટે જોઇતું જ્ઞાન પ્રાપ્ત થયું ત્યાર પછી પૂર્વના કર્મનાં અનિષ્ટ ફલ ભોગવવાં પડતાં નથી. અથવા તો તેને ન્યૂન કરવા માટે કેવા પ્રકારનાં કર્મ કરવાં અને કેવું બલ તેની સામે વાપરવું એ સહજ ધ્યાનમાં આવે છે. આ સઘળું પછી તો માત્ર એક હીસાબની ગણતરી જેવું સહેલું થઇ પડે છે. દ્રષ્ટાંત લઇએ કે એક વખતે પૂર્વકાલમાં દ્વેશભાવ બહુ રાખ્યો હતો એટલે તેનાં ફલ મળવાની તૈયારી થઈ છે. અત્યારે જ્ઞાન થવાથી તેની કેવી અને શું અસર થશે એ ધ્યાનમાં આવી ગયેલ છે તેથી એ અસર થતાંજ તેનું બલ સમાવી દેવા માટે ઇચ્છા પૂર્વક પ્રીતિભાવ ઉત્પન્ન કરી તેને દ્વેશભાવ સામો ગતિમાન કરાય છે.

પુનરપિ સ્થૂલપદાર્થવિજ્ઞાન શાસ્ત્રમાંથી એક દ્રષ્ટાંત લઇએ. ધ્વનિ ઉત્પન્ન કરવાથી જે વાતાવરણ તરંગોથી ગતિમાન થાય છે તેમાં એવો નિયમ છે કે એક ધ્વનિ થયો તેના તરંગ કાનના પડદા સુધી પોહોંચે તો તેનું શ્રવણ થાય છે, પરંતુ સ્વાભાવિક નિયમથી થતા પરિણામમાં એ શાસ્ત્રવેત્તા પોતાની ઇચ્છા થાય તો ફેરફાર કરી શકે છે.

જેવો એક ધ્વનિ કર્યો કે તેની ગતિ પૂરી થઈ રહે નહીં તે પહેલાં અમુક કાલ પછી તેવોજ બીજો ધ્વનિ કરે છે. પ્રથમના ધ્વનિથી ગતિમાન થયેલા તરંગોની પાછળ બીજા ધ્વનિના તરંગો ચાલતા થાય છે. એથી કરી જે પ્રથમના ચાલતા તરંગના ઘટ્ટ ભાગના તરંગો આગળ ચાલી ગયા પછી જે આછા ભાગવાળા પાછળ રહે છે તેની સાથે બીજા સંઘટ્ટ તરંગો જઈ મળે છે અને એની ગતિ રૂંધે છે. એમ કરતાં ધ્વનિનો સુર કાને પડતો નથી અને જ્યાં શ્રવણ થવાની સ્થિતિએ પોહોંચે છે તેટલામાં તો તેનો લય થઈ શાન્તિ વ્યાપે છે. એવીજ રીતે ઉચ્ચ ભૂમિકામાં દ્વેશની સામે પ્રેમભાવ મુકવાથી દ્વેશને પરિણામ પામતાં અટકાવાય છે. એવી રીતે સર્વત્ર સમભાવ સ્થિતિ ઇચ્છા પૂવક સ્થાપવામાં આવે છે ત્યારે કર્મનો ક્ષય થઈ જાય છે. એજ મુક્તિ છે.

અદ્યાપિ પર્યંત જે કહેવામાં આવ્યું તેમાં જ્ઞાન પ્રધાન ગણેલું છે. પરંતુ

પ્રત્યેક મનુષ્ય એ જ્ઞાન પ્રાપ્ત કરવા સમર્થ નથી. ત્યારે તેઓએ શું કરવું? તેઓ જો આ નિયમનો લાભ લેવા ઇચ્છા રાખતા હોય તો તેમણે એ શાસ્ત્રના વેત્તાઓએ સ્થાપેલાં ધોરણને અનુસરવું જોઇએ, તેઓનાં ધોરણ પ્રમાણે માનવાં જોઇએ, જગતના મહાન્ ધર્મશિક્ષકો, તથા શાસ્ત્રવેત્તા થઈ ગયા છે તેમની આજ્ઞાને અનુસરવું જોઇએ. તેઓએ પ્રતિપાદન કરેલી નીતિનાં ધોરણ પાળવાથી જ્ઞાન અને સમજથી જે પરિણામ પ્રાપ્ત થાય છે તેવુંજ પરિણામ આવે છે. તેઓએ પ્રતિપાદન કરેલ નીતિનાં ધોરણ પ્રમાણે વર્તન કરતાં આંતર શક્તિ જાગ્રત્ થાય છે. એ વાત તર્કશક્તિથી સમજાય એવી નથી. જેમ જ્ઞાન મોક્ષનું સાધન છે તેમ સદ્ગુરૂની સેવા અને તેઓની આજ્ઞા પ્રમાણે વર્તન કરવું એ પણ મુક્તિનો માર્ગ છે.

ઉપર જે કાંઈ કહેવામાં આવ્યું છે તેનો એકંદર જ્યારે વિચાર કરવામાં આવે છે ત્યારે અભ્યાસી વર્ગને સમજવામાં આવે છે કે મનુષ્ય અજ્ઞાનથી કેટલું બંધન ભોગવે છે, અને સુખની વૃદ્ધિમાં જ્ઞાન કેટલું અગત્યનું સાધનછે. જ્ઞાનરહીત મનુષ્ય ગોથાં ખાય છે. જ્ઞાનના પ્રકાશ વિના અંધ થઈ લાચાર થઈ જાય છે. જેને જનસમૂહની મંદગતિથી સંતુષ્ટ નહીં થતાં ત્વરિત ગતિથી પોતાનું પ્રયાણ કરવાની આકાંક્ષા હોય તેઓને પોતાની ઇચ્છા સિદ્ધ કરવા માટે જ્ઞાન અને પ્રેમભાવ અથવા જ્ઞાન અને ભક્તિ એ અવશ્યનાં છે. તેના બલથી જેમ એક શરતનો ઘોડો ભાડુતી ગાડીના ઘોડા કરતાં આગળ વધી જાય છે તેમ એ જીવ આગળ ગમન કરે છે. એ જીવને પૂર્વે જે કર્મનાં બંધન ઘડી રાખ્યાં હોય છે તેનો ક્રમે ક્રમે ક્ષય કરવાની જરૂર રહેતી નથી. તે તો એ બંધન ઉપર અતરડી મુકી છેદન કરે છે અથવા કાટ ખાઈ પોતાની મેળે એ બંધન ત્રુટે તેવીજ રીતે તેનો ત્વરાથી નાશ કરે છે. પરંતુ આની સાથે એક અગત્યની વાત ધ્યાનમાં રાખવા જેવી છે જ્યારે એમ નિશ્ચય કર્યો કે જનસમૂહની આગળ નિકળવું છે અને તેને માટે પ્રયાસ કરવાનો આરંભ કર્યો ત્યારે પૂર્વનાં કર્મ પણ ફલ આપવા ત્વરા કરે છે. આ ફલ સારાં નરસાં સર્વ પ્રકારનાં હોય છે એટલે બધાં વેળાસર ભોગવી લેવાં જોઇએ. આપણે ઉપર જણાવ્યું તેમ જ્યારે સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે તેના પરિણામમાં કાંઇક ફેરફાર કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે પણ તે દરમ્યાન તો સન્માર્ગે પ્રવર્તતાં અનિષ્ટ ફલ ભોગવવાં પડે છે. એ કારણથી સામાન્ય રીતે જગત્માં સાધુ જનોને દુઃખ ભોગવતા જોવામાં આવે છે અને પાપીને સુખ ભોગવતા જોવામાં આવે છે. સાધુઓએ આગળ ચાલવાની ત્વરા કરી છે એટલે કાલાંતરના કર્મનો ક્ષય બહુ થોડા કાલમાં કરી લે છે, અને સામાન્ય મનુષ્યની પં-

કર્તાને તો તેના કર્મ પ્રમાણે ઇષ્ટ અનિષ્ટ ફલ આપ્યે જાય છે એટલે વ્યવહારમાં સદ્વર્તન નહીં છતાં સુખ ભોગવતા જોવામાં આવે છે. જનસમૂહને આ વિપરીત દર્શન છે પણ તે કર્મના અચલ નિયમાનુસાર બને છે.

હવે પ્રશ્ન એ રહ્યું કે ગમે તેવું વર્તન કરે પરંતુ તે પ્રમાણે સારાં નરસાં કર્મ તો બંધાયાં જ કરે ત્યારે તેનો અંત ક્યારે અને કેમ આવે ? જ્યાં સુધી કર્મનો ઉદ્‌ભવ ચાલે છે ત્યાં સુધી જન્મ મરણના યુગ્મમાંથી ખસાય તેમ નથી. સત્કર્મ અને દુષ્ટ કર્મ બન્ને કર્મના સામાન્ય નિયમને આધિન છે એટલે તે પોતાના ભોગ આપવા સંસારમાં ઘસડી લાવશે એમાં કાંઈ સંશય નથી. તેમ જ્યાં સુધી સંસારમાં છે ત્યાં સુધી દેહનો સામાન્ય વ્યવહાર પણ ચાલ્યાં કરવાનો ત્યારે હવે આનો અંત ક્યાં આવે ? આ પ્રશ્ન યથાર્થ છે પણ તેનું ઉત્તર તેવી જ રીતે ભગવાન્ શ્રી કૃષ્ણે અર્જુનને ભગવદ્ ગીતામાં બહુ સ્પષ્ટ કરી સમજાવેલું છે. એ શિક્ષા કોઇ યોગી અથવા શિષ્યને આપી નથી; પરંતુ એક રાજવંશી જે યુદ્ધ કરવા અને જય પ્રાપ્ત કરવા તત્પર થઈ રહ્યો હતો અને જેને રાજ્યનાં કાર્યો માથે પડેલાં હતાં તેને આપેલી છે. શ્રી ભગવાન્ કહે છે કેઃ—

तस्माद सक्तः सततं कार्यं कर्म समाचर ।
असक्तो ह्याचरन कर्म परमाप्नोति पूरुषः ॥

કર્મમાં આસક્તિ રાખ્યા વિના નિરંતર સારી રીતે કર્મ કર્યાં કરવામાં કાંઇ બંધ પ્રાપ્ત થતો નથી. વળી એવી રીતે આચરણ કરવાથી મનુષ્ય પરમગતિને પામે છે. કારણ કે કર્મનાં બંધન બંધાવામાં કાર્ય પોતે ખરૂં મૂલ સાધન નથી પણ તે કરવામાં જે કામવૃત્તિ અને તેના પરિણામની ઇચ્છા સ્થિત છે એ ખરી રીતે સાધન છે. સામાન્ય રીતે એક કર્મ તેની ઇચ્છાથી કરવામાં આવે છે. કોઈ પણ ઉપાય યોજવામાં આવે છે તે સાથે તેના પરિણામની પણ આકાંક્ષા રાખવામાં આવે છે. જીવ ફલ પ્રાપ્ત કરવા આતુરતા રાખે છે ત્યારે ઈશ્વર તેની આશા પરિપૂર્ણ કરે છે. માગ્યું તો ઈશ્વર આપવા તૈયાર છે. કારણ કાર્યનો સંબંધ અખંડ ચાલ્યાં કરે છે–કાર્ય થયું એટલે ફલ તો તેની સાથે રહેલું છે જ. એ બન્નેને સંયુક્ત રાખનાર કામવૃત્તિ છે કેમકે તે એ બન્નેમાં પરોવાયેલી રહેલી છે. જો આ સૂત્ર ત્રોડી નાંખવામાં આવે તો કાર્ય અને ફલ છુટાં પડી જાય છે. એ બન્ને વચ્ચેનો સંબંધ છેદાઈ ગયો એટલે ફલનો અવકાશ રહ્યો નહીં અને જીવ બંધનથી મુક્ત થઈ ગયો. તદનંતર કર્મ કર્યા કરે પણ તેથી એ જીવને બાધ થતો નથી કારણ કે તેના ફલમાંથી આસક્તિ તેણે કાઢી નાંખી છે. ભગવાન્ શ્રી કૃષ્ણ કહે છે કેઃ—

त्यक्त्वा कर्म फलासंगं नित्य तृप्तो निराश्रयः ।
कर्मण्यभि प्रवृत्तोपि नैव किंचित् करोतिसः ॥

અર્થાત્ ફલનો સંગ છોડી કરેલાં કર્મ કરતાં છતાં તે કાર્ય કરતો નથી એમજ સમજવું. જે કાંઈ કાર્ય કરવામાં આવે તે માત્ર કરવાનો પોતાનો ધર્મ સમજી કરવું અને તેમાં પણ કર્મના નિયમાનુસાર વર્તન કરવું. કારણ કે કોઈ પણ ભૂમિકામાં જીવ કર્મના તદનુસાર નિયમ પ્રમાણે પ્રવૃત્ત થઇ વર્તન કરે છે તો તે ઇશ્વરી નિયમનો સહાયભૂત થાય છે અને જે જે કર્મ કરે છે તેમાં તેને આધિન રહે છે. આવી રીતે કરેલ કર્મ યજ્ઞ રૂપ થાય છે અને તે કર્મના ચક્રની ગતિમાંહે હોમાય છે. એમ કરતાં કરતાં તે ફલ આપતાં બંધ થાયછે. કાર્ય માત્ર તે કરવાનો ધર્મ છે માટે કરવું જોઇએ એવા નિશ્ચયથી કરવામાં આવે છે એટલે તેવાં કર્મનાં ફલ જે કાંઈ થાય છે તે જનસમૂહના કલ્યાણાર્થે જાય છે. કર્ત્તાને કાંઇ તેની સાથે સંબંધ નથી. કર્મના મહાન્ અવિચલ નિયમને આધિન રહી તેના ધોરણ પ્રમાણે તેનાં ફલ સામાન્ય રીતે વહેંચાય છે. ભગવાન્ શ્રી કૃષ્ણ અર્જુન પ્રતિ કહે છે કેઃ—

निराशीर्यत चित्तात्मा त्यक्त सर्व परिग्रहः ।
शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषं॥

અર્થાત્ કર્મનાં ફલમાં જેની આસકિત નથી અને જેણે પોતાની વૃત્તિ નિયમમાં આણી મૂકેલી છે તે શરીરનાં કર્મ કરવા છતાં પાપ કરતો નથી. કારણ કે શરીર તેમજ મન પ્રારબ્ધની ગતિને આધીન થઈ જે કરવાનું છે તે કરે જાય છે. શરીર તેનાં કાર્ય કરે છે; મન તેનાં કાર્ય કરે છે; પરંતુ જીવ તેનાથી જરા પણ ચલાયમાન થતો નથી; તે સ્થિર રહે છે અને તેમાં જે અંશ સનાતન આત્માનો રહેલો છે તે નવાં કર્મ બાંધવા દેતો નથી. એમ કરતાં પ્રારબ્ધ ભોગવાઈ રહેછે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહેછેકેઃ—

गत संगस्य मुक्तस्य ज्ञानावस्थित चेतसः ।
यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ॥

જે કર્મ કરવાં યોગ્ય છે તેમાં લેશ માત્ર પ્રમાદ કરવામાં આવતો નથી. પોતાથી બની શકે તેટલે અંશે કર્મ કરે જાય છે. ફલની આસકિત રહિત કાર્ય કરવાનો અર્થ કર્મ કરવામાં ઉદાસિન વૃત્તિ અથવા પ્રમાદ રાખવાનો નથી. શ્રી કૃષ્ણ કહે છે કેઃ—

न कर्मणा मनारंभान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते ।
नचसंन्यसनादेव सिद्धिं समधिगच्छति ।

એવી રીતે કર્મ કરવાનું તથા કર્મની ગતિ ને જ્યારે મનુષ્ય સમજે છે ત્યારે તેને કર્મનો બંધ થતો નથી. કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મ સમજવું એ માત્ર જ્ઞાનીજ સમજે છે. શ્રી ભગવાન્ કૃષ્ણુ કહે છે કેઃ—

कर्मण्यकर्म यःपश्येद् कर्मणि च कर्म यः ।
सबुद्धिमान् मनुष्येषु स युक्त कृत्स्न कर्मकृत् ॥

એમ મનુષ્યનાં પૂર્વનાં સંચિત કર્મનો નાશ થાય છે અને વર્તમાન કાળનાં કર્મ બંધન કરતાં નથી. ખ્રિસ્તિ યોગી જૉહાન "રેવેલેશન" યાને ગુહ્ય ભેદનો બોધ કરતાં કહે છે કે એવી સ્થિતિએ પોહોચેલાં મનુષ્ય પુનરપિ મંદિરની બહાર જતાં નથી. જીવનું વારંવાર સંસારમાં અવતરવું એને મંદિરની બહાર જવાનું તે કહે છે. પરંતુ ત્યાર પછી તેનું ગમન બંધ પડે છે અને તે પરમેશ્વરના મંદિરમાં એક સ્વતંત્ર–ટેકો આપનાર રહેછે. આ મંદિર મુકત જીવોની ભૂમિકા છે. જેઓ સર્વ પ્રકારના બંધન રહિત થયાછે તે ઓને અહં અને મમ તો રહ્યું જ નથી એટલે તેઓ સ્વને ભુલી સર્વમાં વિલીન થઈ ગયા હોય છે. તેઓ સર્વત્ર ઐકયજ જાણે છે અને તેથી તેઓ બ્રહ્માંડના ટેકા–સ્તંભ–રૂપ થાયછે.

પુરૂષાર્થ શેમાં રહેલ છે? અહંતા–મમતા એટલે કે સ્વાર્થનાં બંધનની ગ્રંથિઓનું છેદન કરવામાં. તેનું છેદન કરેછે પણ તે કેમ છેદાયછે એ જોવું જોઇએ. કારણ કે આ વિષયનો વિચાર કરતાં આરંભમાં ઘણા લોકો ભ્રમણામાં પડે છે; અને તેમ થાય એ કાંઈ આશ્ચર્ય જેવું નથી. અંતઃકરણની લાગણીઓ છોડવાથી અંતઃકરણના પ્રેમનાં બંધન તુટી જાય છે. એમ માનવું નહીં. વજ્ર અથવા પાષાણ જેવાં કઠિન અંતઃકરણ કરીએ એથી કાંઇ કામનાનાં બંધન ક્ષય પામતાં નથી. વાસ્તવિક વાત એ છે કે જેઓ કર્મ બંધનનો ક્ષય કરવા ઇચ્છેછે તેઓ તો વિશેષ લાગણી વાળા થાય છે અને જેમ જેમ મોક્ષનું દ્વાર સમિપ આવે છે તેમ તેમ તેઓનાં હૃદય વધારે કોમળ થતાં જાય છે. તે કઠિન થઇ જ શકે નહિં. મુમૂક્ષુ જયારે સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરે છે ત્યારે તે મહાત્મા જેવી સ્થિતિએ પોહોચે છે. તેનું હૃદય એવું કોમલ થાય છે કે સંસારમાં કોઇને પણ કાંઇ થાય તેની લાગણી તેના અંતઃકરણમાં થાય છે અને પોતે યથાશકિત સહાય કરે છે. તેણે પોતાને માટે તો સર્વસ્વ ત્યજેલું છે. એટલે જે યત્કિંચિત પોતા પાસે છે તેનો અન્યના કલ્યાણ અર્થે ઉપયોગ કરે

છે. આવી સ્થિતિ અને વૃત્તિવાળાને કર્મ બંધન થતાં નથી; તેનો જીવ કર્મની જાલમાં પડતો નથી. જેમ જેમ તે જીવ ઉચ્ચ સ્થિતિને પ્રાપ્ત કરે છે, અને ઇશ્વરી જ્ઞાન પ્રવર્તાવવાનું પોતે સાધન બને છે તેમ તેમ તેની પ્રવૃત્તિ તે કાર્ય સાધવા તરફ વિશેષ થાય છે અને તે ગુરૂ પાસે વરદાન પણ તેવું જ માગેછે. આમ કરતાં કરતાં જીવનો દ્વૈત ભાવ ધ્વંસ થતાં પોતે સર્વમય થાય છે. હવે તેને કોઇ પણ પ્રકારની સ્વાર્થ બુદ્ધિ રહી નથી. માત્ર એકજ ઇચ્છા છે કે પોતે વિશેષ વિશેષ જગતના કલ્યાણ માટે ઉપયોગી થાય, અને તેમાં કાંઇ બાધ આવે નહીં; માત્ર પરોપકાર વિના અન્ય કાંઇ કાર્ય કરવાનું નથી. આવી સ્થિતિએ જ્યારે શિષ્ય પહોંચે ત્યારે કર્મનો ક્ષય થાય છે અને કર્મ બંધન થતું નથી.

અભંગ બંધન બ્રહ્માંડમાં માત્ર એક છે; જીવ બ્રહ્મની એકતા જેનો ધ્વંસ સંભવતો નથી. કારણ કે તેની ભિન્નતા કોઈ કાળે ગમ્ય નથી. એ બંધનથી જે પ્રથક છે તે સર્વમય છે. ગુરૂ શિષ્યનું પૃથકત્વ નાશ પામે છે અને અન્યો અન્ય એકભાવ થાય છે. એના ઐશ્વર્યથી જીવ ક્રમે ક્રમે ઉચ્ચ ગતિ પ્રાપ્ત કરી જન્મ મરણના ચક્રમાંથી છુટે છે. આ સંસારમાં જન્મ પામવાનું મૂલ કારણ સંસારના ભોગ ભોગવવાની તૃષ્ણા છે. એ ભોગની તૃષ્ણા છુટયા પછી પણ જન્મ પામવો પડે છે. પરંતુ હવે વૃત્તિ ઉચ્ચ થવાથી તૃષ્ણા પણ ઉચ્ચ થાય. છે, અને તે પોષવા માટે આ લોક અનુકૂલ ભૂમિકા છે. જ્ઞાન અને ભક્તિ એ આ લોકમાં જ બને છે એટલે તે તે પરિપૂર્ણ કરવા માટે મનુષ્ય દેહ અવશ્યનો છે. જ્યારે જ્ઞાનની પરિપૂર્ણ દશા પ્રાપ્ત થઈ ત્યારે મહાત્માઓને આ જગત્ સાથે શા માટે સંબંધ રાખવો પડે એમ પ્રશ્ન થાય. પરંતુ તેઓ સંબંધ રાખે છે. તેઓને આ લોકના અનુભવથી કાંઇ વિશેષ જ્ઞાન થવાનું રહેતું નથી. આ જગત્માં એવી કોઈ શક્તિ નથી જે તેઓને આધીન નથી. સારાંશ એટલો કે આ સંસારમાં અવતરવાનું તેઓને કાંઈ પણ પ્રયોજન રહેતુ નથી. આટલું છતાં તેઓ અવતરે છે શા માટે? તેઓનામાં જે ઇશ્વરી અંશ છે તે તેઓને હવે પ્રેરે છે. બહારનાં કર્મો પૂર્વે જે રીતે તેને પ્રેરતાં હતાં તેવી રીતે આ પ્રેરણા થાય છે. તેઓ સ્વજન બંધુવર્ગને સહાય કરવા અવતરે છે અને આ જગતનો સંબંધ સર્વદા ત્યાગ કરવાની સ્થિતિ પ્રાપ્ત થયા છતાં તેમ કરતા નથી. સૈકાઓના સૈકા સુધી પ્રયાસ કરે જાય છે એમ કરતાં કરતાં સહસ્ર યુગો વહી જાય છે અને તે દરમ્યાન પરોપકાર તથા તજ્જન્ય આનંદવૃત્તિ એવી સુદ્રઢ થાય છે કે તેઓનાં પ્રેમભાવ અને શાંતિ અવર્ણનીય છે. તેઓ આ પૃથ્વી ઉપર સજાતી જીવોની પોતાની સમાન સ્થિતિ થએલી જોવામાં અને

ઈશ્વર ભાવનાનો ઉદય થએલો જોવામાં એટલો બધો આનંદ માને છે કે તેઓ તે આનંદની ભાવનાને વશ થઈ અવતાર લે છે.

અદ્યાપિ પર્યંત પૃથક પૃથક મનુષ્યનાં કર્મનું વિવેચન કરવામાં આવ્યું છે પરંતુ તેની સાથે સંબંધ ધરાવતો સમગ્ર કર્મનો વિષય છે તેનું પણ દિગ્દર્શન કરવું અવશ્યનું છે. કુટુંબ-ન્યાત-જાતિ-પ્રજા ઈત્યાદિ ભિન્ન ભિન્ન સમૂહ છે. તેનાં લોકો આવી મળે છે અને તેથીજ પ્રત્યેક મનુષ્યના કર્મની તે ઉપર અસર થાય છે એ વિચારતાં કાંઈક ગુંચવણ પેદા થાય છે. આવા પ્રસંગમાં કર્મના દેવતાઓને વારંવાર અકસ્માતો થાય છે તેને માટે યોગ્ય વ્યવસ્થા કરવાની જરૂર પડે છે. પ્રત્યેક મનુષ્ય પોતાનાં કર્મ ભોગવે છે એ નિ:સંશય વાત છે. પણ એક પ્રજા અથવા તેથી નાના મોટા સમૂહનાં સમગ્ર કર્મના ભોગની સાથે જ કોઈ એક મનુષ્ય પોતાનાં અશુભ કર્મનાં ફલ તેના પૂર્ણ પાક કાલ પેહેલાં ભોગવે છે એમ વખતે બનવાનો સંભવ છે, અગર જો કે એ વિષે ચોકસ નિયમ જાણવામાં છે એમ કહી શકાય નહીં. કારણ કે વખતે એમ બને છે કે કોઇ એક સમૂહની ઉપર અમુક આફતને લીધે સર્વ તેનો ભોગ થવાં જોઇએ છતાં તેમાં એકાદનો એવો બચાવ થઈ જાય છે કે સામાન્ય રીતે ચમત્કાર લાગે છે પણ વાસ્તવિક તે તેનાં કર્મનું ફલ છે. આગ, તોફાન ઈત્યાદિ જીંદગીને હાનિ કર્તા આફતો આવે છે તેમાં એવું ઘણીવાર બની આવે છે. વળી વખતે એવું પણ બને છે કે એક જીવનાં પૂર્વનાં સંચિતમાં કોઈ કર્મ એવાં છે કે તેના પરિણામે તેને પોતાની જીંદગીનો ભોગ આપવો પડે તેમ છે પરંતુ તે કાલ દૂર હોય છતાં જો એવાં સમગ્ર કર્મના ભોગ સમયે, કોઈ સમૂહમાં તે અન્ય સંયોગોને લઈ આવી પડયો હોય અને તેવામાં એવી આફત આવે તો તેમાંથી તેનો બચાવ થતો નથી પરંતુ તે કાંઇક વેહેલું પોતાનું કર્મ ભોગવી લે છે. આમ થવાથી તેને કાંઈ જો અન્યાય થાય છે તો તેના બદલામાં જે કાલે તે ફલ ભોગવવાનું હોય છે તે વખતે એવા દુ:ખમાંથી રક્ષણ થાય છે કારણ કે જે સમયે સમગ્ર કર્મનો ભોગદાર એક સમૂહને કરવાનો હતો તે વખતે તે તેમાં આવી મળેલો એટલે તે વખતે તેણે તે ભોગવી લીધેલું છે.

માત્ર દુ:ખ ભોગવાય છે અને સુખ એવા સંયોગોમાં ભોગવાતું નથી એવું નથી. એમ પણ બને છે કે અન્ય સંયોગોને લઈ એક સમૂહમાં અવતાર થયો તો તેઓનાં શુભ કર્મનાં પરિણામે તેઓ જે સુખ ભોગવતા હોય છે તેનો લાભ એ જીવને પણ પ્રાપ્ત થાય છે. પરંતુ તેટલું લહેણું તેનું વેહેલું મળી જાય છે. કારણ કે જો એવા સંયોગોમાં તે એકલો હત તો તેને એ સુખ આ અવતારમાં પ્રાપ્ત થાત નહીં.

ઉપર જે બે પ્રકારનાં કર્મનાં ફલ વર્ણવ્યાં તેમાં એવી શંકા થાય કે કર્મના અચલ નિયમનો એથી ભંગ થાય છે. પણ વાસ્તવિક તેમ થતું નથી. કેમકે અમુક જીવને આ સંસારમાં અવતાર લેવામાં કુટુંબ-જ્ઞાતિ-જાતિ-પ્રજા ઇત્યાદિમાંથી અનુકુલ સમૂહ તરફ આકર્ષણ થાય છે ત્યારે જે ગુણો વિશેષ બળવાન હોય છે તે અવતાર લેવામાં સહાયભૂત થાય છે અને તે પ્રમાણે દોરાઇ અનુકુલ ગર્ભમાં તે નિવાસ કરે છે. એમ જન્મ થાય એટલે તે સમૂહનાં શુભાશુભ કર્મના ભોક્તા થવામાં તેનો ભોગ આવે તે જો એ જીવનાં કોઈ પણ સંચિત કર્મમાં હોય તો વેહેલું મોડું ભોગવવાનું તો છેજ એટલે તેનો ભોગ તે ભોગવી લે છે અને તેનો બદલો આગળ ઉપર આપવાનું એ નિયમના રક્ષકો ભુલતા નથી.

આ સંસારમાં જીવની ઉત્પત્તિ પછી વૃદ્ધિ મંદ મંદ થએ જાય છે. તે અરસામાં તેને ભિન્ન ભિન્ન અનુભવો પ્રાપ્ત કરી સંગ્રહ કરવા ભિન્ન ભિન્ન જાતિમાં અવતાર લેવા પડે છે. એથી કરી તે જીવને પોતાનાં પૃથક્ પૃથક્ કર્મો ભોગવવાની અનુકુલતા સાથે આ સંયોગો પ્રાપ્ત કરવાની આવશ્યકતા રહેલીછે. કોઇ વખતે એમ પણ બની આવે છે કે અમુક પ્રકારના અનુભવો પ્રાપ્ત કરવાની તક આવી જાય છે ત્યારે જીવને તેવા અનુભવ જે જાતના લોકમાં મળી શકે તેમાં અવતારની જરૂર પડે છે. અમુક સમૂહના જીવો લાંબા કાલથી અવતાર ધારણ કરી નિયમસર અનુભવોનો સંગ્રહ કરતા આવે છે તેમાં તે અનુક્રમે ભિન્ન ભિન્ન જાતિમાં અવતાર લેછે એમ જણાય છે. પણ કેટલાક જીવ તેમ નથી કરી શકતા એટલે એકની એક જાતિમાં એક કરતાં વધારે વખત અવતરે છે. અમુક જાતિના લોકોમાં પણ તેના પેટા સમૂહમાં અનુકૂલતા પ્રમાણે આકર્ષણ થાય છે. એ રીતે જોતાં પુનર્જન્મનો સામાન્ય કાલ જે પંદરસો વર્ષ કેહેવામાં આવે છે તેટલા અંતરે એક જથાબંધ જીવો અમુક પ્રજામાં અવતરે છે. ઇસ્વીસનના પહેલા બીજા સૈકાના રોમન લોકામાં અવતરેલા જીવો આજ તેવીજ ખાસીયતનો સહીત અંગ્રેજ લોકોમાં અવતરે છે અને તેઓમાં જે સાહસિક વિજય મેળવવાની, પરદેશ નિવાસી થવાની તથા રાજ્યસત્તા ભોગવવાની વૃત્તિ હતી તે આ લોકમાં જોવામાં આવે છે. એવી વૃત્તિથી ભરપૂર જીવ એ પ્રજામાં અવતરવા આકર્ષાય છે અને તેનું પોષણ એ લોકોનાં સમગ્ર સારાં નરસાં કર્મની સાથે થાય છે,

પ્રજાના સમૂહ કરતાં કુટુંબનો સમૂહ બહુ નાનો છે એટલે તેમાં સુખ દુઃખ ભોગવવાને કર્મની અનુકૂલતા પ્રમાણે પૃથક્ પૃથક્ જીવને અવતરવાનું આકર્ષણ થાય છે. એક અવતારમાં જે જે જીવોની સાથે નિકટ પ્રીતિની ગાંઠો

બંધાય છે તેને અનુસરી તે જીવો પુનરપિ એક કુટુંબના સંબંધિઓ થઈ અવતરે છે. કોઈ કોઈ વખતે બે જીવોનો સંબંધ એટલો બધો ધટ્ટ થઈ જાયછે કે વારંવાર સાથેને સાથે એકના એક કુટુમ્બમાં જન્મ ધારણ કરે છે. ઘણીવાર એમ બને છે કે એક કુટુંબનાં પૃથક્ પૃથક્ મનુષ્યો ભિન્ન ભિન્ન કર્મને આધિન થઈ દેવલોક–દેવસ્થાન (સ્વર્ગ લોકમાં) ઓછો વધતો કાલ નિર્ગમન કરે છે, તેને લીધે તેમાંના કેટલાકના અવતાર થઈ જાય છે ત્યાર પછી એકઠા આવી મળે છે. વિશેષે કરી એવો નિયમ છે કે કુટુંબનાં જે જે માણસોની ઉચ્ચ વૃત્તિઓ સમાન હોય છે તેઓ વારંવાર સાથે જન્મ પામી એકઠાં થાય છે. ઉપર જે એમ કહેવામાં આવ્યું છે કે કોઈ પ્રજાનાં સમગ્ર કર્મ ભોગવતાં તેમાંના પૃથક્ જીવને વખતે પાક કાલ પેહેલાં કોઇ કર્મ સૌની સાથેની આફ્રત ભેગાં ભોગવવાં પડે છે તે વાત કુટુંબને પણ લાગુ પડે છે. કર્મની અમુક સંકલનાને લીધે કુટુંબની સાથે પ્રત્યેક જીવને પણ કુટુંબનાં સમગ્ર કર્મને આધિન થઈ સુખ દુઃખ ભોગવવાં પડે છે. જે ભોગવવાને તેનો સંચિત કર્મનો પાક કાળ થવાને હજી વાર હોય છે. એ પ્રમાણે થવાથી ક્ષણભંગુર દેહને જે અકાલ દુઃખ ભોગવવું પડે છે તેનો બદલો કામલોક અથવા (દેવસ્થાન) સ્વર્ગલોકમાં પ્રાપ્ત થાય છે.

સમગ્ર કર્મનો વિષય એટલો બધો વિસ્તારવાળો છે કે તેને સંબંધે જેટલું વિવેચન કરવું જોઇએ તેટલું કરવાનું જેમ કઠિન છે તેમ તે વિષયનું યથાસ્થિત વર્ણન પણ કરવું કઠિન છે, કારણ કે તેની સંપૂર્ણ સમજ આપવામાં આવી નથી. આ સ્થળે મુખ્તેસર હકીકત જણાવી છે તેથી તેનું સ્વરૂપ કાંઈક ધ્યાનમાં આવી શકે છે. આવા વિષય ઉપર અનુમાન બાંધી વિવેચન કરવું એ વાસ્તવિક નથી. એટલે તેનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવા ચિરકાળ પર્યંત અવલોકન અને અભ્યાસ કરવો જોઇએ અને યોગ્ય જ્ઞાન પ્રાપ્ત થએથી જુદા જુદા જીવનાં કર્મનો પૂર્વાપર સંબંધ શોધી કહાડવો જોઇએ ત્યારેજ ચોકસ વાત સમજવામાં આવી શકે. તેમ છતાં આ સમગ્ર કર્મના પ્રકાર સંબંધે એક વાત અવશ્ય કહી લેવા જેવી છે. અમુક સમૂહના વિચાર, કૃતિ અને બાહ્ય સ્વભાવનું દર્શન એ ત્રણે વિષે મેડામ બ્લાવાટસકી લખે છે કે એરીસ્ટોટલે પ્લેટોને અનુસરી મહાભૂતનો અર્થ એવો સમજાવ્યો છે કે તે સ્થૂલ રહિત તત્વો છે અને આ બ્રહ્માંડના ચાર વિભાગ ઉપર સત્તા ચલાવવા પ્રત્યેક વિભાગમાં એક એકને સ્થાપેલાં છે. વળી ખ્રિસ્તિ જો કે મૂર્તિપૂજકની પેઠે જ મહાભૂતો તેમજ દિશાઓની સ્તુતિ અને પૂજન કરતા નથી પણ તેઓ તેના અધિષ્ટાતા દેવતાને પૂજે છે. ખ્રિસ્તિ ધર્મમાં બે પ્રકારના સૂક્ષ્મ જીવો છે. દેવતા

અને ભૂતો. કૅબૅલીસ્ટ અને ગુપ્તવિદ્યાના જ્ઞાનીઓ એકજ વર્ગમાં તેઓને ગણે છે. તેઓની દૃષ્ટિએ ભૂત દેવતા અને દિવ્ય દેવતાઓ વચ્ચે કાંઈ ભિન્નતા નથી. રોમન કેથૉલિક પંથવાળા પોતે પણ એ ભૂત દેવતાનું કોઇ અન્ય નામાભિધાન કરવામાં આવે છે કે તત્કાળ દિવ્ય દેવતાની પંક્તિમાં તેને ગણવા માંડે છે. મનુષ્ય પૃથક્ પૃથક્ તેમજ તેના નાના મોટા સમૂહ જે કાંઈ સુખ દુઃખ ભોગવે છે તે ઇશ્વરની આજ્ઞાથી વા દેવતાઓમાંથી કોઇની સત્તાથી બને છે એમ માનવુંજ નહીં. એ ભોગ પોતપોતાનાં કર્મનાં ફલ છે. આપણે અનેક પ્રકારે બિજ વાવીએ છીએ તેના પરિણામે આકાશી સૃષ્ટિમાં અનુકૂલ શક્તિઓ જાગ્રત્ થાય છે, અને લોહચુંબકની પેઠે આકર્ષાય છે. તે આકર્ષણશકિત એટલી બલવંતી છે કે કોઇ તેને અટકાવી શકતું નથી. એ શકિતનો તેના બિજ વાવનાર પ્રતિ પ્રત્યાઘાત થાય છે. એ ફલ સંબંધે અશુભ કર્મ હોય વા તે કરવા વિચાર્યું હોય તો પણ સરખુંજ છે, કારણ કે વિચાર પણ એક પ્રકારે સ્થૂલ પ્રકૃતિ છે, અને વર્તમાનકાલની વિદ્યાઓ પણ એમજ કહે છે. જેવન્સ અને બેલ્ફોર નામના જડ પદાર્થ શાસ્ત્રવેત્તા “ વિદ્યાશાસ્ત્રનાં મૂલતત્વ ” નામના તેઓના પુસ્તકમાં સર્વ લોકોને જણાવે છે કે સ્થૂળપ્રકૃતિનું અસ્તિત્વ છે. તેનાં પ્રત્યેક રજકણ પૂર્વે જે કાંઈ બની ગયેલ છે તેનો નોંધ છે. આધુનિક જડપદાર્થશાસ્ત્રવેત્તાઓ દિનપ્રતિદિન ગુપ્તવિદ્યાના વમળમાં તણાતા આવે છે તે વાતનું તેઓને ભાન થતું નથી પરંતુ તેઓની સમજ તો તેવીજ થતી આવતી દેખાય છે.

જ્યારે મલિન અને નાશકારક વૃત્તિવાળાં વિચારરૂપ ઉત્પન્ન થાય છે અને જ્યારે સૂક્ષ્મ ભૂમિકા ઉપર તેઓ જથ્થાબંધ એકઠાં થાય છે ત્યારે તેઓનું બલ સ્થૂલ ભૂમિકા ઉપર ઉતરે છે અને તેથી લડાઇઓ, રાજ્ય પાલટા. લોકોની અંદર અંદરની લડાઇઓ અને એવા પ્રકારના ફીસાદો ઉઠે છે. એ સમગ્ર કર્મનાં ફલ તેના મૂળ બિજ રોપનારને આપે છે અને ચોફેર પાયમાલી કરે છે. એવી રીતે સમગ્ર મનુષ્ય જાત જોતાં પણ સમૂહના પ્રારબ્ધ બાંધનાર એકજ છે. કારણ કે તેની પોતાની સૃષ્ટિ પોતાનાં કર્મ પ્રમાણે બંધાય છે.

કાલના અનુક્રમ પ્રમાણે ગુનાહ, રોગ, અકસ્માત બનતા જોવામાં આવે છે તેનો ખુલાસો પણ આ વાતથી થઈ શકે છે. ક્રોધથી ઉત્પન્ન થએલાં વિચાર-રૂપ ખુન કરવામાં સહાયભૂત થાય છે. તે સત્વોનું અને રૂપોનું ગુનાહ બનવાથી પોષણ થાય છે. તેનાં જુદાં જુદાં આસપાસનાં પરિણામ પણ એવી જ રીતે તેઓનું પોષણ કરે છે. કારણ કે જેનું ખુન થાય છે તેના સગાં સંબંધીઓને તેથી ક્રોધ અને વૈરભાવ ઉત્પન્ન થાય છે એટલે તે રૂપોને તેનો

લાભ મળે છે. તે સાથે વળી ગુનાહ કરનારાનો વેરભાવ, તેને દેહાંત દંડ આ-પવામાં આવે ત્યારે તે શીક્ષાથી ઉત્પન્ન થતો વિકાળ જુસ્સો, એ સર્વ આ રૂ-પોને સહાય થઈ અનેક બીજાં મલિનરૂપો પેદા કરે છે. જેમ તેઓનું બલ વ-ધતું. જાય છે તેમ બીજા એવા ગુનાહ કરવા તેઓ બીજાં મનુષ્યને પ્રેરે છે અને તેના પરિણામમાં વળી તેવુંને તેવું બને છે એથી એવા ત્રાસનો ચેપ જાણે ઉડતો હોય તેમ તે બન્યાં જાય છે. રોગનું પણ તેમજ થાય છે. જેમ જેમ તે પ્રસરે છે તેમ તેમ મનુષ્યને ત્રાસ પડે છે. એ ત્રાસથી ઉત્પન્ન થતાં રૂપ રોગના બલમાં વૃદ્ધિ કરે છે. મનુષ્યમાં ઉપર પ્રમાણે જ્યારે વિગ્રહ થાય છે ત્યારે તેને અનુકુલ સત્વોની વિરૂદ્ધ થઇને તત્વ ઉપર અસર કરે છે એટલે તેનો પ્રત્યાઘાત લોકોને લાગે છે. પ્રત્યેક દિશામાં મનુષ્યો જેઓ પોતાની ઇશ્વરી શક્તિને લીધે સૃષ્ટિના કલ્યાણ અને તેથી વિરૂદ્ધ કાર્ય કરવામાં અગત્યનો ભાગ લેવા સમર્થ છે અને સર્જાએલ છે તેઓ પોતાના અશુભ વિચારથી વિવિધ પ્રકારે જગતમાં હાનિકર્ત્તા થઈ પડે છે.

ઉપસંહાર.

કર્મનો મહાન્ નિયમ કેવો છે અને તેની સત્તા કેવી છે તેનું સંક્ષિપ્ત વર્ણન ઉપર કરવામાં આવ્યું તેના જ્ઞાનથી મનુષ્ય પોતાના જીવને સત્વર ખિ-લાવવા સમર્થ થાય છે, તેનો યથાર્થ ઉપયોગ કરવાથી પોતે તેના બંધનમાંથી મુક્ત થઈ શકે છે, અને પોતાના બંધુઓ નિર્મિત યાત્રા પરિપૂર્ણ કરે છે તેની પેહેલાં પોતે તે પુરી કરી જગતના સહાયક અને તારક થઈ શકે છે. આ નિ-યમ સત્ય છે એવી સંપૂર્ણ અને નિશ્ચિત્ત વાત મન ઉપર ઠસવાથી જીંદગીના વર્ત્તનમાં અચલ ગાંભિર્ય પ્રાપ્ત થાય છે અને કેવળ બીહીક રહિત થવાય છે. આપણે જે કર્યું નથી તે આપણને સ્પર્શ પણ કરી શકતું નથી અને દુઃખ ભોગવવાનું આપણે કારણ ઉત્પન્ન કર્યું નથી તેવું દુઃખ આવી પડતું નથી. આ-પણે જે કાંઇ વાવ્યું છે તે તેની મોશમ થયે પાકે છે અને તે લણવું પ-ડશે અને કરેલાં કર્મો પણ ભોગવવાં પડશે. લણતી વખત દુઃખ થાય છે તે વખતે શોક કરવો નિરર્થક છે. જો ઇચ્છા હોય તો તરતમાં તે ફલ ભોગવી લેવાય અને ભવિષ્યમાં થતું દુઃખ દૂર કરાય. કારણ કે એક વખત ભોગવ્યા વિના તો ચાલવુંજ નથી એટલે ભોગવાઈ ગયું તો પછી દુઃખ થવાનું નહી. જેને જ્ઞાન થયું નથી તેણે માત્ર એટલી વાત ચોકસ કરી રાખવી કે, દુઃખ આવી પડે તો તેનો શોક નહી કરતાં આનંદથી ભોગવી લેવું. એમ સમજવું કે એ-ટલું માથે પડયું છે તો પુરૂં કરે છુટકો છે. એમ કરી આગળ ચાલવું એ લાભ કારક છે. કેમકે જેટલું દેવું અપાયું એટલું ઓછું આપવાનું રહેશે. આ કલ્યા-

ણુકારી નિયમ ઉપર વિશ્વાસ રાખવાથી જે ધૈર્ય રહે છે તેની શક્તિ જો સર્વ લોકો જાણે અને તેની અસર તેઓને થાય તો કેટલું સારૂં થાય. પાશ્ચાત્ય દે-શોમાં ઘણા લોકોને માઠા ભાગ્યે આ નિયમ માત્ર કપોલકલ્પિત લાગે છે. કેટલાક થીઓસાફીસ્ટ અધ્યાત્મવાદમાનવાવાળાને પણ કર્મનો નિયમ બુદ્ધિમાં આવે તેવો છે એટલી માન્યતા છે પરંતુ તેઓના મનમાં એ વિષે ચોકસ ખાત્રી નથી. એટલે તેને અનુસરી આચરણ કરવાનું તેઓનાથી થવાનો સંભવ ક્યાંથી ? પ્રોફેસર બેન નામનો એક તત્વવેત્તા લખે છે કે કાઇપણ નિયમની માન્યતા લોકોમાં ઠસેલી છે તેનું પ્રમાણ તદનુસાર તેઓના આચરણ ઉપરથી થાય છે. એ રીતે જોતાં કર્મના નિયમની માન્યતા જે લોકોમાં હોય તેઓનાં આચ-રણ નિર્મલ, બલવાન, ગંભિર અને ઉત્સાહવાળાં હોવાં જોઇએ. આપણાં કૃત્ય આપણને નડે છે. આપણી ઇચ્છા આપણને બાંધે છે. એકવાર આટલી વાતનો નિશ્ચય થયો કે મુક્તિની ક્ષણ સમિપ છે એમ સમજવું. કુદરત જીવને સદાનું દાસત્વ આપી શકતી નથી. તેનામાં જ્ઞાનથી શક્તિ પ્રાપ્ત કરવાનું બલ છે અને જ્ઞાન તથા શક્તિ એ બન્ને પ્રેમમાં લગાડવાનાં છે. એટલું કરવાની શક્તિ અને સમજ આવી એટલે કર્મનો અવિચલ અને અનિવાર્ય નિયમ તેને આધિન છે. અને તે નિયમને આધિન રહી જગતના કલ્યાણ અર્થે સર્વદા વિચારવાથી તથા વર્તવાથી અખિલ જગત્ પ્રેમમય લાગે છે. એ પ્રેમભાવના પ્રકટ થતાં સર્વ સ્વમય અને સ્વ સર્વમય થાય છે. એજ મોક્ષ છે. એજ મુક્તિ છે.